पितृभक्ति महात्म्य.

કહાનજી શંકરજી હાથી.

અમદાવાદ આર્યોદય પ્રેસ.

મૂલ્ય રૂ. ૦—૧૨—૦. (કોરી ૩.)

૭૦૫૨

પિતૃભક્તિ મહાત્મ્ય.

(વારતા ઉપરથી)

રચનાર,

કહાનજી શંકરજી હાથી.

લખપત પોલિસ ફોઝદાર.—કચ્છ.

पुत्र प्राप्ते पतिः शत्रूः, पत्नि प्राप्ते च मातरं ।
विद्या प्राप्ते गुरू शत्रूः, धन प्राप्ते *जनार्दन ः॥

છંદવજ્રા.

પ્રાપ્તી થએ પુત્રનિ શત્રુ સ્વામી,
માતા અરી પુત્રનિ નારી પામી;
શત્રુ ગુરૂ થાય દઈ સુજ્ઞાન,
×શંકો રિપૂ જાણત ધંનવાન. ૧

અમદાવાદ—"આર્યોદય" પ્રેસ.

સન ૧૮૯૯ સંવત ૧૯૫૫

મૂલ્ય રૂા. ૦–૧૨–૦ કોરી ૩.

* વિષ્ણુ—પરમેશ્વર. ×યાચક—રાંક.

પ્રસ્તાવના.

હાલના જમાનામાં જો કે કેળવણીનો પ્રસાર સારો થતો દેખાય છે તોપણ કળિયુગના પ્રતાપથી, કે બીજાં ગમે તે કારણથી, જે છોકરાને માતા પિતા અસહ્ય દુઃખ વેઠી ઉછેરી, ભણાવી, પરણાવી સંસારમાં પોતાનો વ્યવહાર ચલાવવા યોગ્ય કરે છે તેજ છોકરાઓ માતપિતા વૃદ્ધાવસ્થાથી કે બીજાં કોઇ કારણથી અશક્ત થાયછે, ત્યારે બલ્કે તેમ થયા વગર પણ તેમની સેવા કરવી ભૂલી જઈ તેમનું શેષ આયુષ્ય અળખામણું કરી જાણે છે. તેવા યુવાનિયાઓને આ લઘુ પુસ્તક શિખામણ આપશે એવું જાણી સર્વ સુજ્ઞ સજ્જનોની સેવામાં મૂકું છું. તેમાંના દોષો તરફ નજર નહીં કરતાં સાર ગ્રહણ કરશે તો આ મારૂં કર્તવ્ય સફળ થયું સમજીશ.

કચ્છ. લખપત.
માર્ગશીર્ષ વદ ૯ સોમે.
સંવત ૧૯૫૫.

લી૦
કહાનજી શંકરજી હાથી
કર્ત્તા.

મંગળાચરણ.

તથા

અર્પણપત્રિકા.

દોહરા.

પ્રથમ શંભુ સુતને નમું, સરસ્વતી તુજ ચર્ણ;
વાણિ વિમળ આપી સદા, રાખો માતા શર્ણ. ૧
ગુરૂતણા ગિરવા ગુણો, કદી ન ભૂલ્યા જાય;
ગણ નાયક ગુરૂ સારદા, સ્મરે કાર્ય શુભ થાય. ૨
દીપક ક્ષત્રિય કુળ મહીં, અટક ખખ્ખર ખાસ;
પ્રાણજીવન સુત પ્રીતની, કહાનજી ઉરમાં આશ. ૩
અવલ મંગળાચરણમાં, સંભારૂં ગુરૂ નામ;
કાયમ કૃપા કહાન તવ, યાચું દલપતરામ. ૪

ગુરૂ સ્તુતિ.

સવાયા એકત્રીસા.

કચ્છમાં પાયો કેળવણીનો, પ્રાગમલે રોપ્યો ધરી પ્યાર;
પ્રજા પરે પ્રીતી દરશાવી, સુખબીજો વાવ્યાં નિરધાર;
સંસ્કૃત અંગ્રેજી ગુજરાતી, વળી પારસી વિદ્યા ધામ,
પ્રીતે પ્રાગમલજીએ રોપ્યાં, કરિ આમંત્રણ દલપતરામ ૧

ટ્રેનિંગ મેડીકલ કૉલેજો, કચ્છી જન ભણવાને જાય,
મણીભાઈએ કરી ગોઠવણ, સમય, રિજન્સીનોજ ગવાય;
કાશી સુધી કેળવવાને, મોકલિયા શિશુ ખરચી દામ.
પુણ્ય કમાયું કચ્છ રાજ્ય તે, તવ શ્રમ સારા દલપતરામ. ૨

કચ્છના વેપારી કોડેથી, જાય કમાવા દેશ વિદેશ,
વિદ્યા શોખ વધાર્યો વેગે, કર્યો પાધરો કચ્છ વિશેષ;
નિષ્ટા નેકે કરી નોકરી, પ્રદેશમાં પ્રસરાવ્યું નામ;
પુણ્ય પામિયું રાજ પ્રગેહું, સાચો શ્રમ તવ દલપતરામ. ૩

કચ્છી જનને કેળવિયા તે, નવિન નવિન ખોલી નિશાળ,
કેળવિ કચ્છી માસ્તર કીધા, ભણાવવા કચ્છીનાં બાળ;
સેવાથી ખુશ સવાઈ બ્હાદુર, કર્યા દેશ ઉન્નતિનાં કામ;
ખરૂં પુણ્ય ખેંગારરાવને, યશ પ્રામી તુજ દલપતરામ. ૪

પ્રીત ઘણેરી પ્રાગમલની, ગહનગતી ઈશ્વરની એમ;
તજીજગત જંજાળ જુવાની, સ્વર્ગે પ્રાગ સિધાવ્યા તેમ;
મણીભાઇ દીવાન થાપિયા, વિલમાં કીધું નિશ્ચય નામ;
સાચા શ્રેષ્ટ સુધારા કીધા, તવ શ્રમથી તો દલપતરામ. ૫

રીજન્સીમાં રંગ રાખિયો, યશ સુત રૂડા દેશ દિવાન;
કચ્છીનાં તનુજો કેળવવા, જાણ્યું કીર્તિ યશનું મ્હાન;
હરઘડિ લીધ ઈલાજો ઉમદા, હૈયામાં રાખી શુભ હામ,
પ્રતાપ મ્હાન મણીભાઇનો, સાચો શ્રમ તુજ દલપતરામ. ૬

કરી સેંકડો ઉપર શાળા, વ્હાલે કરવા કચ્છ વિખ્યાત,
દઈ રોટલા રાંકજનોને, વિદ્યા દઈ થાતા રળિયાત;
શ્રેષ્ટ ઉપાયો સજ્યા સામટા, ઠેરઠેરમાં મેંસે વિદ્યા ઠામ;
જર ખરચી જશ દીધ રાજને, સાચા શ્રમથી દલપતરામ. ૭

નેક નિમકથી કરી નોકરી, પૂરણ પંદર વરસો ભાઈ,
ખૂણામાં કચ્છ હતો ખરો તે, કીર્તિ પામ્યો શ્રેષ્ટ સવાઈ;
પ્રીતેથી કચ્છ કર્યો પાધરો, કેળવિ જાતે જાત તગામ;
રાજ પ્રતાપે પ્રજા સુખી થઈ, સાચો શ્રમ તવ દલપતરામ. ૮

ગરિબતણાં બાળક ગુણવંતાં, જોઈ તરત કેળવવા કાજ,
ખરચ ખૂબ આપ્યાં ખંતેથી, ધન્ય ધન્ય કચ્છના મ્હારાજ;
કાદવમાં જે કાચ જણાતાં, તેવાં રત્નો ખોળી આમ;
રાજ કેળવી પુન્ય કમાયું, સાચો શ્રમ તવ દલપતરામ. ૯

મૂળાક્ષર મૂળે નવ જાણે, આંક ભણી જાણે હુસીયાર;
વિદ્યા અવર ન જાણે જરિયે, અજાણ કચ્છ એવો નિરધાર;
આજ કહાનજી દુનિયાંમાં કચ્છ, વખણાતો જે ઠામે ઠામ,
પ્રતાપ રાજ્ય તણાથી પ્રીતે, સાચો શ્રમ તવ દલપતરામ. ૧૦

દોહરો.

વિગતેથી વર્ણન કરૂં, પુસ્તક પુષ્ટ લખાય;
અવસર આવે કહાનજી, કહેવાનું મન થાય. ૧
રાત્રદિવસ હૃદયે ધરૂં, ગુણી ગુરૂ તવ નામે,
કહાન કદી નવ વીસરે, દિલથી દલપતરામ. ૨

આજ્ઞાનુસારી.

કહાનજી શંકરજી હાથી.

કચ્છી.

કચ્છ સજ્જનમંડળ.

દોહરા.

મણીભાઈ મંત્રી હતા, કચ્છમાં કાયમ સાર,
આશ્રય આપિ રચાવતા, કવિતા વિવિધ પ્રકાર 1

કવી કદરને જાણતા, કાવ્યતણો રસ એમ;
સુર સમજે સ્નેહે સફળ, અમૃત રસ ગુણ તેમ. 2

યથામતી કવિતા કરૂં, આનંદે અભિરામ,
પ્રતાપના ભૂલું કદી, વવગુણુ દલપતરામ[1]. 3

માન મણીભાઈતણાં, સંભારૂં છું આજ;
કલાન કદર કરનાર નર, નાગર શ્રેષ્ટ સમાજ. 4

કાવ્ય કરાવે કોડથી, આપે આશ્રય રોજ;
કાવ્ય કરીને કલાનજી, સંભારે મણિ મોજ. 5

મણીભાઈને મન થકી, આપું આશિરવાદ;
સંતતિ સંપતિ સુખ મળે, કીર્તિ કલાન આબાદ. 6

માનવંત મંત્રી થયા, નેહે નિમકહલાલ;
માન મળ્યાં સરકારથી, મ્હોટા મોતીલાલ; 7

સમ દ્રષ્ટિ સહુ ઉપરે, નેહે આપે ન્યાય;
પ્રજા સુખી પ્રીતે રહે, રીઝે શ્રી કચ્છરાય. 8

કિશોર વયથી કેળવ્યા, કચ્છ નૃપને ધરિ હામ;
દલપતરામ અવલ થયા, પછી સુત[2] સેવકરામ 9

અંગ્રેજીને પારસી, સંસ્કૃત વિદ્યા સાર;
ઉરદુ ગુજરાતી વળી, વિદ્યા વિવિધ પ્રકાર. 10

---

1 દલપતરામ પ્રાણજીવન ખખ્ખર. 2. છોટાલાલ સેવકરામ.

શીખવિ ગુણવંતા કર્યા, પ્રેમે ગુરૂ પ્રેમાળ;
તે ગુરૂપદ શોભાવતા, ધન ધન છોટાલાલ. ૧૧

દીપાવ્યું ગુરૂપદ અતી, થઇને નિમકહલાલ;
પ્રથમ પંક્તિ નૃપ પામિયા, તુજશ્રમ છોટાલાલ. ૧૨

ઉગણિશ એતાળીસમાં, આવ્યા પ્રીતે આંહીં;
હજુર આસિસ્ટંટ થઇ, રાજે રણછોડભાઇ. ૧૩

ઉદયરામ સુત આજ પણ, વિદ્યામાં વખણાય;
આશ્રય દઇ ઉછેરતા, જે કરતા કવિતાય. ૧૪

રાજકાજ રોજે કરે, ખરી ખંતથી ખાસ;
નિર્મળ આપે ન્યાય નિત, નહીં અનીતી પાસ[4]. ૧૫

પ્રીત પ્રજાની મેળવી રીઝવિયા કચ્છરાય
ઉભયપક્ષ રાજી રહે, ધન ધન રણછોડભાઇ. ૧૬

રૈયતનું રક્ષણ થવા, પોલિસ સ્થાપન હોય;
ઉપરી દ્રષ્ટિ સમ બધી, સેન્યા માનો સોય. ૧૭

અધિકારે પોલીસના, સત્ય પરે પ્રેમાળ;
મૂલચંદ સુત શોભતા, પ્રેમાળુ પ્રભુલાલ.

જાન માલ રૈયતતણાં, રક્ષણ કરવા ખ્યાલ;
પ્રજા પીડ પ્રીતે હરો, પરીશ્રમે પ્રભૂલાલ. ૧૯

હરામખોરોને હણો, લઇ સજ્જન સંભાળ;
શ્રમ લઈ સંરક્ષણ કરો, ધન્ય ધન્ય પ્રભુલાલ. ૨૦

અહનિશ આસિસ્ટંટથી, રૈયતનાં સુખકાજ;
કામ કરો સહુ હામથી, ખુશ કર મંત્રિસમાજ. ૨૧

આજ્ઞા અમલ કરે વળી, તત્પર રહિ તતકાળ;
અનુભવી પોલિસના, એવા અમૃતલાલ. ૨૨

બ્હાદુર બુલાખિદાસ છે, જો નાયબ દીવાન;
અદલ કરે ઇનસાફ નિત, વખતે કથશે કહાન. ૨૩

---

૩ સંવત ૧૯૪૨ ૪ અસર.

મ્હોટા મોહનલાલ છે, જોઇન્ટ નાયબ દીવાન;
ગુણવંતા ગંભીર છે, મણીરાય સુત માન ૨૪
ચૂનીલાલ ચતૂરનર, સપૂત અમૃતરાય;
અનૂસરે મણિભાઈ ગુણ, અદલ આપતા ન્યાય. ૨૫
શિવજી સુત સોહામણા, રેવીન્યૂ સરદાર;
છોટમલાલ ગુણો ઘણા, કથશે ગ્રંથાકાર. ૨૬
કેળવણીના ઉપરી, વિઠ્ઠલજી વિખ્યાત;
વિદ્યાપર પ્રીતી ઘણી, ખરી વધારી ખ્યાત. ૨૭
મંત્રીમંડળ મેમ્બરો, ડાહ્યા ને વિદ્વાન;
સમય આવતાં કાનજી, વર્ણન કરવા ધ્યાન. ૨૮
મંત્રી મંડળ સહુ રહો, અહીં સદા આબાદ;
કદર કરો મુજ કાનજી, માગું આશિર્વાદ. ૨૯
કાવ્યતણા કરનારની, કદર કરે મણીભાઇ;
જશ સુત પામો જગતમાં, સંપતિ સુખ સવાઈ. ૩૦
દુનિયામાં નૃપ છે ઘણા, કહેવાતા હુશિયાર;
શુભ ગુણ મય સંસારમાં, તે કછ રાખેંગાર. ૩૧
અનીતિ ઉર માંહે નહીં, નવ પરદારા પ્યાર;
વચનસિદ્ધિ નૃપ કચ્છના, ધન ધન રાખેંગાર. ૩૨
અલંકૃત્ત ઉમદા ગુણે, દયાળુ ને પુનવાન;
અચળ સુખે કછ ભોગવો, માગે આશિશ કહાન. ૩૩
કાવ્યતણા કરનારનો, આશ્રય પર આધાર;
કદર કહાનનાં કાવ્યની, કરજો નૃપ ખેંગાર. ૩૪
વિક્રમ ભોજ થઈ ગયા, કવિ આશ્રય દેનાર;
કદર કહાનના કાવ્યની, કરજો નૃપ ખેંગાર. ૩૫
નૃપના આશ્રયથી નિભે, કાવ્ય જગે કરનાર;
કરશે કહાન અમર જગે, નામ નૃપતિ ખેંગાર. ૩૬

કહાનજી શંકરજી હાથી.

કર્ત્તા.

૭૦૫૨

पितृभक्ति महात्म.

(જોડેલી વારતા.)

પ્રકરણ ૧ લું.

મંગળાચરણ.

ખુદાયા તુ ખાવંદ સબસેં બડા.—એ રાહ.

ખરે તું સમાયો સહુ ખલકમાં,
કરે ચાહે તે તું નિમિષ પલકમાં;
ખરો આશરો એક તારો ખુદા,
તુંતો એકનો એક નામો જુદા. ૧
પિતા માતમાંથી થતાં છોકરાં,
અકળ કામ તારાં જણાતાં ખરાં;
ભલા ભેદ રાખ્યા રૂતૂ માસમાં,
નહીં આવતા કોઇના [1]ક્યાસમાં; ૨
સહુ સંતતી કાજ ચિત્તે ચહે,
પ્રભૂ પુત્ર દે એમ કોડે કહે;
કપુત એવડા જો કદી નીવડે,
પિતા માત દુખિયાં થઇને રડે. ૩
સપુત એક તો સર્વથી શ્રેષ્ટ છે,
હજારો કપૂતો નકી નેષ્ટ છે;
સપુત [2]પિતૃસેવા કરે સ્નેહથી,
પ્રભૂ સમ[3] ભજે કર્મ મન દેહથી. ૪
પિતા માતની સેવ સારી અતી,

---

૧ ખ્યાલમાં. ૨ માતાપિતા. ૩ સમાન.

વિભૂ બંદગીથી કમી ના રતી;
લહે સુખ સંસારમાં સર્વથા,
મળે મોક્ષ આખર, નહીં [૪]અન્ય થા. ૫
પિતા માત સેવા સમું કો નહીં,
જુઓ વાંચિ દૃષ્ટાંત આપું અહીં;
પ્રભૂ ભક્તિસમ પિતૃભક્તિ ખરી,
કહે કહાન કોડેથી વર્ણન કરી. ૬

દોહરા.

હિંદુસ્તાન વિષે હતું, રૂડું રમણિય રાજ;
કંચન નગરતણો તહીં, કનકસેન મ્હારાજ. ૧
રાજકાજ રૂડાં કરે, નિર્મળ આપે ન્યાય;
સજ્જન સઉ સુખિયા દિસે, દુર્જનને દુઃખ થાય. ૨
નીત રીત હૃદયે વસે, મ્હોટો ગુણિયલ માન;
લક્ષ્મણસિંહ સુલક્ષણો, ડાહ્યો દેશ દિવાન. ૩
ચાર વર્ણનાં માનવી, વસે નગરમાં નેક;
સ્વધર્મમાં વસતાં સદા, છૂટે છેડે છેક. ૪
જનની ઉદરથી જન્મીને, બ્રાહ્મણ વાંચે વેદ;
કુશળ સદા ખટકર્મમાં, નવ ખટપટ કે ખેદ. ૫
વૈષ્ય કરે વ્યાપાર નિજ, કોડે કોડ પ્રકાર;
વિચરે દેશ વિદેશમાં, હુન્નર કરે હજાર. ૬
સાચવતા સહુ સંપતી, ક્ષત્રીપુત્રો ખાસ;
ખડગ [×]અસી ચાપે ચતુર, કરે શત્રુનો નાશ. ૭
સેવા કાજે શૂદ્ર પણ, તત્પર રહે તમામ;
નિજ ધર્મે નેહે વસી, કરતા ઉત્તમ કામ. ૮
સદાચારનું સદન ને, ધર્મ સર્વનું ધામ;

---

૪ બીજી રીતે. × તલવાર

દોડિ દ્વારકાંએ કર્યો, *વારીમાં વિશ્રામ.
કુશળ કળા કૌશલ્ય ને, રિધિ સિદ્ધિ રહે વાસ,
સુખ સઘળાં આવી વસ્યાં, દુખ દરિદ્રનો નાસ. ૧૦
ડંકાપર ડાંડી થતાં, સવા નવ્વ લખફોજ;
હય સ્વારો હાજર થઇ, કરે કવાયદ રોજ. ૧૧
વસે તહાં વ્યવહારિયા, વણિક જાત વિખ્યાત;
શોભણુ થાનક વાસિયો, નગરશેઠ કહેવાત. ૧૨
બાપે બોલ ન ઠેલિયો, માએ રાખ્યાં માન;
યુવાનિમાં યુવતી મળે, શોભણુ ભૂલ્યો ભાન. ૧૩
મન ડાહ્યો મદ અંધ થઇ, રહેજ ગુમાવી સાખ;
અપલક્ષણુથી ના રહી, બાંધી મૂઠી લાખ. ૧૪
જુવાનિમાં જર મેળવી, ચાંપા શાહ ચતૂર;
જરા થકી ઝટ વારમાં, ઝાંખું થયું નિજ નૂર. ૧૫
રળી રળી દિન રાતને, ધન મેળવિયું ધીર;
પટેલાઇ દઇ પુત્રને, બેઠો ઘેર [1]બહીર. ૧૬
કારભાર વ્યવહારનો, પુત્ર તણે કર દીધ;
પ્રભૂ ભજનનો પ્રીતથી, કોડે નિશ્ચય કીધ. ૧૭
સ્વારથ વિણુ સંસારમાં, નહિ સ્નેહ સંબંધ,
શોભણુ શ્રી શીખામણે, અદકો બનિયો અંધ. ૧૮
પેટ ભરી નવ પૂરતું, ખાવા આપે અંન;
તો સાસૂ સેવાતણું, ક્યાંથી રાખે મંન. ૧૯
સાસૂ રોજ સવારમાં, થઇ બિછાના બ્હાર;
ગુંથાતી ઘરકામમાં, બીજો નહિં વિચાર. ૨૦
ઘર ધણિયાણિ ધડૉકમાં, થઇ ચાકર ને ચોર;
માનભંગ પિતુ માતનું, કરે પુત્ર જયમ ઢોર. ૨૧
[2]જરા જોર વધતું ગયું, પરાધીન થઇ કાય;

---

* પાણી, સમુદ્ર. ૧ બ્હેરો. ૨ ઘડપણુ.

ઘડી ન ઘાલે રોટલો, ભૂખે કયમ જીવાય. ૨૨
પુત્રવધૂ પરિતાપથી,[૩] માત તાત મૂંઝાય;
ફરિયાદી ફરજંદની, માવિત્રથી કયમ થાય. ૨૩
માત તાત મન મૂંઝવે, પુત્રવધૂ દુઃખ દેણ;
ભૂખ તરસનાં દુઃખથી આંસૂ ઢાળે નેણ. ૨૪
ભોગવવું નહિં ભાલમાં,[૪] દુઃખ ઘણા દિન હોય;
અકળ ગતી અવિનાશિની, પાર ન પામે કોય. ૨૫
માત તાત માંદાં પડ્યાં, થોભણનું મન થીર;
ઔષધ અન્ન ઉપચાર વિણ, તજ્યાં ઝટ્ટ શરીર. ૨૬
નાર કહે થોભણ કને, મટ્યો સકળ સંતાપ;
હું શેઠાણી સર્વની, પ્રૌઢ પટેલજ આપ. ૨૭
મનગાન્યાં સુખ માણશું, નાત જાતમાં નેક,
ન્યાલ થયો થોભણ મને, બહૂ બાયલો છેક. ૨૮
તાતે મેળી રાખીયું, તે ધનથી ધનવાન;
પિતા તણી પટલાઇનું, ભલું ભૂલિયો ભાન. ૨૯
મન જાણે શાણો ચતુર, કમાઉ ક્રોડ પ્રકાર;
અંધ થયો ઓરત પરે, થોભણ શેઠ ગમાર. ૩૦

ચોપાઇ.

માત તાતનો સ્વર્ગે વાસ, પુત્રવધૂની પ્હોતી આશ;
થોભણશા તો નાતપટેલ, કામકાજમાં તેની પ્હેલ. ૧
નાત જાતમાં ટંટા થાય, થોભણશા ચૂકવતો ન્યાય;
નેહેથી વસતાં નરનાર, માત તાતનો કરિ ધિક્કાર. ૨
એવામાં તો એક વણીક, પટેલ ઘરમાં આવ્યો ઠીક.
આવ્યો છું કરવા ફરિયાદ, પટેલજી આપો શુભ દાદ. ૩
પુત્ર એક છે મારે પેટ, છકેલ નિવડિયો છે છેક.

---

૩ સંતાપ. ૪ નશીબ.

રળી રળી મેળવિયું ધંન, ખાવા પીવા ન કર્યું મંન. ૪
જરા આવતાં કરી વિચાર, સોપ્યું સઘળું સુતને સાર;
પાઈ ન રાખી પોતા પાસ, આજ અતિશય થાઉં નિરાશ. ૫
થયો વહુ કેરે વશ પૂત, વૃષભનાથ જયમ કર ખેડૂત;
પેટ ભરી ખાવા નવ દેય, થયા માગતલ મુખે વદેય. ૬
સાંપડ[1] સાચવણામાં[2] ખાસ, પ્હેર્યા ઓઢયાની શી આશ?
મમ પત્ની છે પરમ પવિત્ર, રોતી ખમતાં રોળ[3]વિચિત્ર. ૭
ધર્મદાન કરતી બહુ પેર, દમડી ન મળે ખાવા ઝેર;
ભિન્ન ભિન્ન ભોગવતી સુખ, ખિન્ન થાય દેખી આ દુઃખ. ૮
કહે પુત્રને લાગી પાય, [4]કાંસારોગ કયમે સ્હેવાય.
જવાબમાં ઝટ દેતો ગાળ, કહે મરો બે જણ તતકાળ. ૯
હરેક વાતતણી હદ હોય, ×ઓગનવિણ સરવર નવ કોય;
માથે પાણી ફરિયું આજ, વાત સુણો મારી મ્હારાજ. ૧૦
ઉઠયો આજે થતાં સવાર, કરી મજૂરી ઘરની સાર;
ચડયો સૂર્ય જવ ઘટિકા ચાર, પૂતર થયા પથારી બ્હાર. ૧૧
વિના કારણે [5]વીવીલીધ, અમ બેને મસ ગાળો દીધ;
ગયો બ્હાર દિન ચડતાં પ્હોર, વળી આવિયો નમે બપોર. ૧૨
જમ્યાં વહુવર રાંધી બેશ, પૂછ્યું નવ અમને લવ લેશ;
પછી ગયો જ્યાં હુંતી માત, ગાળો ભાંડી મારી લાત. ૧૩
ખૂબ માર મારી કરિ ખાર, પછી આવિયો ઘરની બ્હાર.
ભૂખેથી અધમુવો થએલ, કંઠે પ્રાણ અરે આવેલ. ૧૪
ખાડા પડિયા ચક્ષૂ મધ્ય, ગાત્ર ગળીયાં સઘળાં સદ્ય.
ભૂખે ભવ પૂરણ કયમ થાય, આયુષ તોડયું ના તોડાય. ૧૫
દેવા લાગ્યો તેને બોધ, મને મારિયો કરિને ક્રોધ.
જાણે આજે જો મરિ જાય, કાલે બીજો દિન લેખાય. ૧૬

---

૧ રાંધેલ અન્નનું વાસણ. ૨ તાળું. ૩ અપમાન. ૪ ભૂખ. ૫ બકબકાટ. × વેહેવાનો માર્ગ.

કહું બોલ્યો હે મારા સુત, અમે જરાથી બનિયાં ભૂત.
ભૂખે મરિએ સ્ત્રી ભરથાર, પુત્ર થઇ કયમ નાવે પ્યાર. ૧૭
કહે માગતું શાનું ખત્ત ? એમ કહીને મારી લત્ત;
બકબક કરતો ચાલ્યો બ્હાર, હું આવ્યો તમ કેરે દ્વાર. ૧૮
ધન સંચી મેં રાખ્યું સાંહી, હવે મળી શકતી નવ પાઇ.
ભૂખે મરતો આવ્યો આંહિં, કહેવા કષ્ટ અમારાં કાંઇ. ૧૯
પુત્ર વધુનો થઇ [૬]મ્હોથાજ, આવ્યો તમ શરણે હું આજ.
ઉદાર દિલથી કરો દયાય, આપો મુજને નિર્મળ ન્યાય. ૨૦
જુલમ પુત્રનો ઝાઝો જાણુ, મરૂં નહીં હું દુઃખની ખાણુ.
બોલાવી સુતને દ્યો શીખ, ભૂખે કેમ મંગાયે ભીખ. ૨૧
સૂર્ય થવા આવ્યો જવ અસ્ત, તેડાવી ત્યાં નાત સમસ્ત.
ક્રોધે ચક્ષૂ કરિયાં લાલ, પુત્ર આવિયો ત્યાં તતકાળ. ૨૨
કહે પટેલ સુણો મમ વાત, ફરિયાદે આવ્યો તુજ તાત.
ભૂખે મારે કહે કપૂત, એતો વાત અતી અદ્દભૂત. ૨૩
હોય તમારે કહેવું જેહ, નાત સમક્ષે બોલો તેહ.
દીકરો–બોલ્યો એતે કેવા પિતૃ ! વાત કરેછે આજ વિચિત્ર. ૨૪
માત કરે નાહિં કંઇ ઘર કામ, પડ્યું ન ઉપાડે નિજ ઠામ.
નખોદ જાવાની દે ગાળ, કહે નાહિં [૭]સાંપડશે બાળ. ૨૫
નેહ નહિં, કરતી નિંદાય, રોજતણાં દુઃખ કયમ સ્હેવાય.
ટંકે રોટલા ખાતી ચાર, તેનો ન કરે કાંઇ વિચાર. ૨૬
હવે સુણો બીજો અહેવાલ, કહે તાત મેં કીધો ન્યાલ.
બેઠો ગપ્પા મારે ખૂબ, લહો [૬]લબાડી આબેહૂબ. ૨૭
લાખ કરોડો લેખે આમ, કહે પુત્રને દીધ તમામ.
બહુ બહુ કરતો રોજ લડાઇ, કહે કરોડો કરી કમાઇ. ૨૮
ગર્થતણું નવ હુતું નામ, મને ન આપી એક બદામ.
એંશી વર્ષો કીધ કમાઇ, ઘરમાં તો રાખી નવ પાઇ ૨૯

---

૬ આધીન. ૭ થશે. ૬ જુઠો.

બચપણુથી હું રળતો રોજ, માતપિતા પણ કરતાં મોજ.
પરણી લાવ્યો વહુ ઘરમાંય, કલેશબીજ રોપાયું ત્યાંય. ૩૦
તાતે માંડ્યો કરવા કલેશ, માર મારતો મને હમેશ.
રળું [1]અહોનિશ જેમ મજૂર, ન દે પેટમાં શેર ખજૂર. ૩૧
પાંચ શેર અન ખાતો રોજ, મમ કમાણિયેં માણું મોજ.
કરે કલેશ દિન રાત અધીક,, હું મન રાખું તેની બીક. ૩૨
દમડી દમડી ભેળી કીધ, તાતતણે કર આપી દીધ.
કૂડા કલેશો કરે હમેશ, લાજું કે'તાં હવે વિશેષ. ૩૩
રળી રોટલો લાવું રોક, આ વાતે નવ મારો વાંક.
ખાવા પીવા ને પટકૂળ, આપું તોપણ છે પ્રતિકૂળ. ૩૪
પાઇ મને નવ દીધી એક, કરૂં ચાકરી ધરી વિવેક.
તોપણ કલેશ ન ઘરથી જાય, શું કરવો બીજો ઉપાય? ૩૫
હવે કહુંછું હું તો સાફ, એવી વાત કરૂં નવ ગાફ.
વિના કારણે કર્યો ફજેત, માત તાતનાં એવાં હેત. ૩૬
હવે દઉં ઘી સાકર કેમ, પુત્રપરે નવ જરિયેં રહેમ;
કાં[2] કીધી નવ કાંઇ કમાઇ ! મુજને દીધી એક ન પાઇ. ૩૭
કરી મજૂરી ભરતો પેટ, તેનો બદલો મળિયો નેટ;
હવે ન ઘાલું ઘરની માંય, જાય ભલે સુખ મળતું જ્યાંય. ૩૮
કરૂં શુંય એ માત પિતાય, ભુંઢાં બોલી નવ શરમાય;
કરે બનાવી જૂઠી વાત, તેની તે શી જોવી જાત. ૩૯
આજ થકી હું કહુંછું એમ, નાત સાંભળે સઘળી તેમ;
મુજને કીધો નથી નિહાલ, શા માટે હું લઉં સંભાળ. ૪૦
હવે નથી મુજ ઉપર દોષ, સુણી કોઇ નવ ધરશો રોષ;
માત પિતા એવાં જે થાય, કરે સુત દુઃખો મરી ન જાય. ૪૧

ગીતિ.

વાત વણિકની સુણતાં, પટેલ મનપર અસર થઇ માઠી;
પુત્ર પવિત્ર ખરો તું, તાતતણી તો સાઠે બુધ નાઠી. ૧

---

[1] રાત્ર દિવસ. [2] શાવાસ્તે.

ભુજંગી.

શિશુને રમાડે સદા સર્વ સૃષ્ટી,
ગણી [3]દીન દાખે દયાકેરિ દષ્ટી;
પરાણે પરાણે પરોવાય પ્રીતી,
બુઢા બાળ બન્ને તણી એક રીતી. ૧
બનાવી બહુ એશ રાંધી રસોઇ,
ખરી ખંતથી રાખિ ખામી ન કોઇ;
ખરી ખાંચ કે જૂઠિ ખોળે ખચીત્ત,
બુઢા બાળ બન્ને તણી એક રીત. ૨
સદા સર્વદા દાસના દાસ થાશો,
કહે તે કરી તેમનું ગાયું ગાશો:
ગણે ચાકરી આકરી નાહિં ચિત્ત,
બુઢા બાળ બન્ને તણી એક રીત. ૩
ખરાં દિલથી જો રમાડો જમાડો,
પળે વીપળે માન માયા પમાડો;
[4]અકારા નકારા કરે નિત્ય નીત,
બુઢા બાળ બન્ને તણી એક રીત. ૪
કહે તે કરો રાખવા ખૂબ રાજી,
પરો પ્યાર મૂકી કહે પૂર્ણ પાજી;
ભુલીને ભલાઇ ભયે થાય બીતી,
બુઢા બાળ બન્ને તણી એક રીતી. ૫
નહીં કોઇ કાળે કહે ઠીક કીધું,
નહીં સાંભરે પ્રેમનું પાન પીધું;
નહી જાણતા નેક કે હિત્ત હીત્ત,
બુઢા બાળ બન્ને તણી એક રીત. ૬

---

૩ ગરીબ. ૪ બદનામ.

કમાઓ સહી દોહ્યલાં દુઃખ દા'ડી,
શિરે પાઘ નાંહિં કહે ઓઢો સાડી;
નહીં કો જગે જુક્તિથી થાય જીત,
બુઢા બાળ બન્ને તણી એક રીત. ૭
ઘણાં કષ્ટ વેઠી કરો જે કહેતા,
તજી સૂખ સૌ સંકટોને સહેતા;
જરીએ ન જાણે કહો નેક નીતી,
બુઢા બાળ બન્ને તણી એક રીતી. ૮
કદી કષ્ટ વેઠી કરીને કમાઈ,
ભરો તાત માતાતણાં પેટ બાઈ;
ગણે ના ગધી ગૂણ જે ગ્રત પીતી,
બુઢા બાળ બન્ને તણી એક રીતી. ૯
નહીં વારસામાં વળી વિત્ત કાંઈ,
કરોડો કહી નિંદતાં વાર નાહિં;
કહ્યું થોભણે એ ગયું મુજ વીતી,
બુઢા બાળ બન્ને તણી એક રીતી. ૧૦

દોહરા.

માત પિતા મ્હોટાં થતાં, દુઃખી પુત્ર પરિવાર;
આપજશ પલ પલ સાંપડે, પ્રીત બદલ [૧]પેજાર. ૧
ગુણ નવ ગણતાં પુત્રનો, મ્હેનત ન ગણે મન;
ઓઢે પ્હેરે [૨]ઓલવે, કહે ન દેતો અન્ન. ૨
વૃદ્ધ થતાં પાછળ નહીં, રાખી પુરી પાઈ;
કહેશે અમ સદભાગ્યથી, કરતા તમે કમાઈ. ૩
માત તાત મારાં હતાં, ભલાંજ એવાં બાઈ;
બુઢો ઢોંગ કરે ઘણા, વાંક ન તારો કાંઈ. ૪

---

૧ ખાસડાં. ૨ ગુમાવે

વૃદ્ધ તાત ને માતની, ચાકરિ કરવી ફોક;
પુત્રતણા ગુણ પ્રીછવે, એવા વિરલા કોક. ૫
વૃદ્ધ થયાં તો વેગથી સાધૂ કરવાં સાહી,
વધૂ* પુત્રનાં સુખતણી, કરે એ અદેખાઇ. ૬
સારૂં તે પોતે કર્યું, નરસું સુતને શીર.
માત તાતની ચાકરી, વૃથા કરો છો વીર. ૭
અનુભવ્યું મેં એ બધું, વૃદ્ધ પિતૃ દુઃખ દેણ;
સમજે પોતે નહીં કશું, કરે પુત્રને કહેણ. ૮
પુત્ર વધૂનાં સુખતણી, કરે અતી ઇર્શાય;
ખાય ખુવે ખરચે બધું, થોભણ બહુ દુઃખ થાય. ૯
કરો ચાકરી આકરી, વળી કરાવો વ્રત;
એ સર્વે એળે જતાં, ગધે પાવાં [1]ઘ્રત. ૧૦
ક્રિયાદીને ફાંકડો, થોભણ કહેતો એમ;
વૃદ્ધ થયા તો વ્હાલથી, ન થાઓ સાધૂ કેમ. ૧૧
પતિ પત્ની પ્રીતે કરી, કરજો યોગ્ય જણાય;
વાંક તમારા પુત્રનો, અમથી નહિં કહેવાય. ૧૨
જો ઘરમાં રહેશો તમે, સુત વધુ તમ સરદાર;
કહે તેમ કરવું પડે, બીજું ના થાનાર. ૧૩
તસ્દી દીધી નાતને, માટે માગો માફ;
વાંક ન પુત્ર વધૂતણો, અમને લાગે સાફ. ૧૪
જાઓ જહાં ચાહે તહાં, નથી પુત્રપર ખત્ત;
સાથે રાખે સ્નેહથી, કદી મારશે લત્ત. ૧૫
નાત વચે પડશે નહીં, બુઢિયા મૂરખ સર્વ.
પાયમાલ વધૂ પુત્રને, કરવા રાખો ગર્વ. ૧૬
અમથી તો થાશે નહીં, એવો કાંઇ અન્યાય,
જાઓ સહુ સહુને ઘરે, થાવાનું તે થાય. ૧૭

---

* વહુ. ૧ ઘી.

સોરઠા.

વૃદ્ધ વણિકની વાત, નાતે તો માની નહીં,
કરવા આતમઘાત, વણિકે વેગ વિચારિયું. ૧
પત્ની પરમ પવિત્ર, પાછળ દુઃખ પામે ઘણું;
પુત્રે કીધ વિચિત્ર, કોડ દબાવી કાઢિયાં. ૨
વિગતે કરી વિચાર, કેમ દિવસ તે કાઢવા,
લાયક મિત્ર લુવાર, ગયો પૂછવા પ્રેમથી. ૩
વિગતે કીધી વાત, સલાહ સ્નેહે પૂછવા;
દુઃખ વેઠું દિનરાત, ઉગરવા ઉપાય કર. ૪

સવૈયા એકત્રીશા.

વાત સાંભળી વિસ્મય થઇને, બોલ્યો લાયક મિત્ર લુવાર;
પૂર્વ જન્મ સંબંધે પ્રગટે, સુખી દુઃખી કે ખેર ખુવાર;
સુખ સમયે સંતોષી થાવું, દુઃખ સામા દ્રઢ લૈ ઉપાય,
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૧
પુત્ર વધૂ સહુ સગાં સહોદર, અલબત આગળને અવતાર;
સુખ દુખ કારણ સ્હેજ જન્મતાં, કુપરો નિયમ કર્યો કિરતાર.
ઝાડ પ્હાડ પશુ પક્ષી આદી, જોતાં જગમાં એમ જણાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૨
પચીશ વર્ષે પુત્ર ન થાતાં, તે સમયે તુજ વેગ[1] વિચાર;
કરી માનતા મ્હોટી મ્હોટી, અગડ આખડીનો નવ પાર;
મૂડી રૂડી મૂકી ઘરમાં, ગરાસને વરણાર ઘણાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૩
પૂરી પ્રીતે પાળી પોષી, લાયક વયમાં કીધાં લગ્ન;
દર દાગીના લઇ પત્નિના, સુત વધુનું મન કીધું મગ્ન.
અલંકાર ઉતારી દીધા, આ તેનું એ'શાન ગણાય;

---

૧ ઉતાવળ.

સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૪
પ્રીતે પાટા બાંધી પેટે, પાઇ પાઇ કરિ કીધ કમાઇ;
×વિક્રમ કરતાં વ્યાજ વધારી, સેજે મૂડી કરી સવાઇ;
ગળાં કરી રંજાડ્યા રાંકો, ૧વળતર તેની આજ વદાય,
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૫
પુન્ય પગથિયે પગ દેવાની, એકે વાત ન રાખી આંટ,
પાપ પુંજ પીઠે ઉપાડી, જમ જોખમ લીધો શિરસાટ;
બાવળ બોએ બાવળ ઉગે, કેમ ગુલાબ કળિ કે'વાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૬
શોધી સોંઘું ધાન સાટવે, શાક નહીં ઘૃતની શી આશ;
ધોતર ધડપર શિરે પાઘડી, ફાટલ ફાળિયું રાખે પાસ;
ઉઘાડે પગ અધિક જેષ્ટમાં, પાળો લાંબે પંથ પળાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૭
રાબ રોટલો તક્ર૨ મળે તો, દાળ ભાતનો શો છે ભાર;
પરઘર ખાંડ હશે ખાધેલી, સાકર નામ સુણેલું સાર;
હોળી દીવાળીનું હોંસે, અંગે અંગરખું પ્હેરાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૮
બ્હાર ગામથી બાળક કારણ, મૂકે ખાવું કોરી એક;
વિગત વારથી પત્ર લખીને, ખર્ચ માર્ગ દેખાડે નેક;
તંગ અવસ્થા આવે તોપણ, લાજ શરમ લોપ્યાં કયમ જાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૯
ખજૂર લેજો ખારક લેજો, નાળિયર નીલાં લેજો નેટ;
બકાતનો લઇ બધો બાજરો, પ્યારાં બાળક ભરજો પેટ;
ચામ જાય પણ દામ જાય નહિં, એ સંચ્યું સાચું કહેવાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૧૦
ખાધું ખવરાવ્યું નહિં ખંતે, ધર્મતણી ધરવી શી આશ;

× બુરાં કામ. ૧ બદલો. ૨ છાશ.

સર્પ બનીને સંચિ વધાર્યું, દમડીનો બનિયો જઇ દાસ;
પાઇતણો તું બન્યો પોતરો, પાવલિ કયમ તુથી પરખાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૧૧
અહનિશ ધંધો ધૂમ કરીને, કણુ કણુના કીધા કોઠાર;
તાપ ટાઢ વરસાદ વેઠતો, આપે જો કોડી કિરતાર;
નાત જાત વ્યહવાર વિષે ×તવ, છતની છાપ વળી વખણાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૧૨
લાડકડો પરણાવ્યો પ્રીતે, લોભ થોભ નવ લક્ષ લગાર;
માંડ મેળવ્યું તે શિર સાટે, કેમ છોડવા થાય વિચાર;
મ્હેરેગિર એ પૈસાનો તું, કોડે કરથી કયમ વપરાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૧૩
પુત્ર સમો નહિં પ્યાર પૃથ્વિએ, અવર જીવ જગમાં એકાદ,
સંચેલું સોપ્યું નિજ સુતને, બદામ એક ન કીધી બાદ;
રડે રોટલા કાજે આજે, લેવો લાયક એક ઉપાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૧૪
ધણી થઇ ધન કબજે રાખ્યું, સુત વધુ કેરો શ્રેષ્ટ સંબંધ;
જરા વિચાર ન કીધ §જરાનો, આપી બેઠો થઇને અંધ;
પુત્ર પાડ ભૂલ્યો પાછળથી, હવે ભલે પલ પલ પસ્તાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૧૫
પેટી પાકા કાષ્ટતણી લઇ, ¹લોહ કામ કરતું અદ્ભૂત;
²કીટોડા કોડેથી ભરવા, તાળું રૂપાળું મજબૂત;
છેતરાઇ તવ છેલ વધુ સુત, લક્ષ્મીને લોભે લલચાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૧૬
પૂર્વજન્મની કરણી કારણ, ધરણીધર આપે અવતાર,
સુત વધુ સુતા ભગની ભાઇ એ, સ્વારથમય સઘળો સંસાર;

× તારી. § બુઢાપો. ૧ લોખંડનું. ૨ લોઢાનો કાટ.

ધન જોબન મદમાતો થઇને, ભૂલ્યો માતપિતા * સેવાય,
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૧૭
ખાલી એક ખટારા મધ્યે, પેટારો મૂકી પરમાણ,
ગડગડાટ કરતા ઘર આગળ, ઝટપટ આવી કરશું જાણ;
સંભાળો થાપણ રાખી તે, અમો રાંકથી કેમ રખાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૧૮
એમ કહેતાં ઝટ ઉઠીને, પ્રીતેથી પેટી સંભાળ;
સવાલાખ સોનાની મ્હોરો, નેક મિત્રને કરશું ન્યાલ;
રંગ દોસ્તની ધાનત સારી, કિંચિત ખામી કેમ કહાય,
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૧૯
વજન જોઇ સુત વિસ્મય થાશે, બદામનો બેટો છે છેક;
પેટી રાખ પધારી પાસે, ×રેઢી રાખ નહીં પળ એક;
જુદાં કરવા ૩ઝાસો દેજે, તજી પુત્ર વધુની પરવાય;
સંત સમાગમ સત્ય સર્વદા, શઠ પ્રત્યે શઠ ઠીક થવાય. ૨૦

દોહરા.

કરો એટલું કોડથી, દુઃખ થાશે તન દૂર;
સ્નેહે સુત સેવા કરે, જાણો મિત્ર જરૂર. ૧
કાલ બપોરે આવશું, ઘણે હેત તમ ઘેર;
ફીટોડાથી કારમા, પૂરણ સુખની પેર. ૨
વણિક વળીને આવિયો, ઘેર પ્રિયાની પાસ;
વિગત કહી વ્હાલી કને, ઉરમાં મ્હોટી આસ. ૩
રાત અતી મોટી થઇ, નાવે નિંદ્રા નેણ;
ભૂખ તરસ સુત મારની, પીડ હતી દુઃખ દેણ. ૪
એમ કરંતાં આખરે, સેજે ઉગ્યો સૂર;
પ્રભૂ સમરતાં શીલથી, આનંદે ભરપૂર. ૫

* ચાકરી. ૩ ધમકી × એકલી.

ઉભય[1] પ્હોર દિનકર[2] ચડચો, વ્હાલે જોતો વાટ;
સ્નેહે સ્વર સુણ્યોં મિત્રનો, ટળ્યો તરત ઉચાટ. ૬

રૂચિરા છંદ.

મધ્યાને આવીને મિત્રે, ગડબડાટ ઘર પાસ કર્યો,
વણિક ઉઠિયો વ્હાલ થકી તે, કોણ કોણ મુખથી ઉચર્યો.
દ્વાર ઉઘાડી નજર ફેરાવી, લક્ષણવંત લુહાર લહી,
માન આપિયું મ્હોટે સાદે, પ્રીય પધારો એમ કહી. ૧
સુત આવ્યો ઘર બ્હાર સાંભળી, વિગતેથી વાતો થાતી,
પિતાતણું મન પ્રફુલિત પેખી, થડક થડક થાતી છાતી.
લક્ષણવંતો લાધો[3] બોલ્યો, યાર[4] હકીકત યાદ કરો,
આ પેટીમાં મિલકત છે તે, સંભાળી સંતાપ હરો. ૨
વાટ હતો હું જોતો બેઠો, કોય ન લેવા આવ્યું કેમ!
જોખમ ઝાઝાં વરસ સાચવ્યો, આજે દેવા આવ્યો એમ.
જમીન જોરૂ ને ત્રીજું જર, વ્હાલામાં વિખવાદ કરે,
આ પેટારો ઝટ સંભારો ઠીક કરી મમ મંન ઠરે. ૩
વણિક-વિસ્મ થઇને વણિક બોલિયો, અરે ભૂલિયો હું ભાઇ,
એજ અમાનત ×ઓસટિયો હું મિત્ર ખરી તુજ મિત્રાઇ;
દુઃખ વેઠયાં પણ દિલ નવ સૂઝી થાપણ રાખી ઠામે,
આજ દૂર થઇ દશા નઠારી, ધન લાગે મુજ કામે. ૪
સવા લાખતો સોનામ્હોરો, પૂર્ણ ભરોસે મેં રાખી,
પેટી મારે ઓશીકે હું રાખિશ વિણ ખોલે આખી.
દૂર થઇ મમ દરિદ્રતા જે, જગતપિતા મમ દુઃખ દેખી;
ઓચિંતું અઢળક ધન આપ્યું, લાયક ભગત બન્યો લેખી. ૫
ઓશિયાળ આ ભવની ભાગી, પતિ પત્ની પ્રીતે રે'શું.
એકાંતે પેટી ઉઘાડી, તમને શુભ બદલો દેશું.

---

૧ બે. ૨ સૂરજ. ૩ એ નામનો લુવાર. ૪ મિત્ર.
× વિસરી ગયો

પુત્ર વધૂને હવે કહું છું, જઇ રહો જ્યાં ઠીક પડે;
કરો ચાકરી નહીં અમારી, નાહકનું નુકશાન નડે. ૬
જર ખરચી ઘર મેં લીધાં છે, ગરાસ નાણું મેંજ ગણ્યાં;
જગમાં જીવી ભલાં ભોગવું, ભૂલ્યું ભણતર ફેર ભણ્યા.
ધર્મ દાનને ખાનપાન પણ, ખાંતેથી હું ખૂબ કરૂં;
પુત્ર વધૂની પરવા[1] પાખે,[2] યાત્રા કરવાને વિચરૂં. ૭
ભાવ ધરીને ભક્તિ કરશું, પાપહરણ પરમેશ પ્રભૂ;
આ ભવમાંથી આખર જાવું, રાત દિવસ રટશુંજ વિભૂ;
લાધો બોલ્યો લાયક બંધું, સેવા મુજ સરખી કે'જો,
સદા ભોગવો સ્વતંત્રતાને, રાજી પણ રોજે રે'જો. ૮
પેટી રાખી ઓશીકે ને, લાધો પણ નિજ ઘેર ગયો;
સવાલાખ સોનાની મ્હોરો, દેખી સુત દિલગીર થયો.
માત પિતાને સંતાપ્યાં તે, વાત ઉરે ઉગી આવી,
પુત્ર-સેવા કરજો માત પિતાની, કહે નારને ધમકાવી. ૯
રસોઇ રૂડી કરજે રોજે ખાન પાન ખાસાં કરજે,
વિપત્ત વિદારણ વ્હાલાં કેરાં, દુખડાં દીન થઇ હરજે;
માત પિતાને કહે માનથી, ક્ષમા અરે અપરાધ કરો,
જુવાનિમાં હું બન્યો જંગલી સમજુ રોષ રૂદે ન ધરો. ૧૦
આજ થકી શુભ સેવા કરશું, નેહેથી બે નર નારી;
ભૂલ પડી તે ભાવ ધરીને, ક્ષમા કરો સુતને સારી.
વણિકે જાણ્યું દીવસ વળિયા, લુવાર અક્કલવંત ખરો,
ભૂખ તરસ દુખથી ઉગાર્યો, મિત્ર ખરેખર એજ ખરો. ૧૧
સમાધાન સુત વહુનું કરવા, દીધ દિલાસા દંભ[1] ભર્યા,
મરવા પાછળ પેટી દેવા ખાસા[2] મુખથી કોલ[3] કર્યા;
પેટી માની સવા લાખની, જનમારાનું સુખ જાણું,

---

૧ દરકાર. ૨ વગર.

૧ ઠગાઇ યુક્ત. ૨ સારા. ૩ કરાર.

માત પિતાની સેવા પર મન, લોભી સુતનું લલચાણું. ૧૨
વૃદ્ધ દંપતી વિવિધ પ્રકારે, સુખમાં દિન સઘળા ગાળે,
ધન લાલચથી પુત્ર વધૂ પણ, પ્રીતેથી આજ્ઞા પાળે;
ધર્મદાન પણ કરે ઘણેરાં, કીટોડાએ કામ કર્યું,
લુવાર જાણે સહુ હકીકત ઠગ વિધ્યાથી ઠીક ઠર્યું. ૧૩

દોહરા.

ખાય નહીં ખરચે નહીં, લાલચ મંત્ર લગામ;
કૃપણ નરો કાઢે નહીં, બુઠ્ઠો એક બદામ. ૧
કરી વિદાય વણીકને, થોભણશા ખુશ થાય;
કહે નાતને નેહથી, કેવો કીધો ન્યાય. ૨
ડોસો ડોસી વૃદ્ધ તે, કરી શકે શું કામ;
પડ્યાં પડ્યાં ખાએ પિયે, કરતાં સુત બદનામ. ૩
કરી મજૂરી રાત દિન, પુત્ર ભરે છે પેટ,
માટે મેં જૂઠો કર્યો, ફરિયાદીને નેટ.
આખર સર્વે ઉઠિયા, ગયા સહુ નિજ ઘેર;
પટેલ થોભણની કથા, સુણજો આણી મ્હેર. ૫

પ્રકરણ ૨ જું.

હરીગીત.

થોડે દિને થોભણસુતણી, થઇ નાગના નિજ નાતમાં;
ખોટા રિવાજે ખોડવાની, વાત આવી ખ્યાતમાં.
કઇ માત તાતની માન્યતા, ગ્યા વણિક પુત્રો વીસરી,
પરણી પિતા શિર આપવા, પેજાર પદ્ધતિ ×નીસરી. ૧
થોભણસુતણી ખોભણુ રહી નહી, વશ વનીતાને થયો,
તજિ નેક નિતી માર્ગ, અવળે પંથ ગર્વ થકી ગયો;
ધન યુવા સાથ પટેલ મદથી, મને મ્હોટો માનતો;
કીધેલ કરમો [1]કાય, ભોગવવાં પડે ન [2]પિછાનતો. ૨
ધન ધાન્ય પૈસાની મણા, થોભણ કને થોડી હતી,
પણ ધર્મદાનનિ ધારણા, હૃદયે ન ધરતો તે રતી,
કરતો કુકર્મો કારમાં, કાસીદું કોડી કારણે,
પામે ન અભ્યાગત આતિથી, બેસવાને બારણે. ૩
જાનત ન દેવા દાન, ભાગ્ય વિના ભલા કયમ ભોગવે,
એ ઉભય વાત વિના થવાનો, નાશ તો નિશ્ચે હવે;
ખરચે નહીં કે ખાય ખંતે, [3]વેરિ એ બે વાતનો,
પરિણામ પામે પુત્ર, અન આદર કરે પિતુ માતનો. ૪
સુખિયો સદા મનમાનતો, નવ [4]ઓછ રાખી ઇશ્વરે,
સંતાન વિણુ સઘળાં સુખોને, કોટિધ્વજ પણ શું કરે ?
પતિ પત્નિને પરિતાપ થાતો, સુત વિના સંસારમાં;
પણ પુન્ય મારગ પ્રીતથી, પળ આવતો ન વિચારમાં. ૫
ગણુ અકળ ગત ગોવિંદની, કંઇ પુન્ય પૂર્વતણાં હશે,
પિતુ માતનાં પુણ્યે કદાપી, અવર કારણુથી કશે;
શુભ આવિયું શ્રીમંત,[5] પાપ પટેલ કેરાં પરહરી,

---

૧ શરીર. ૨ જાણુતો. ૩ દુશ્મન. ૪ ખામી. ×ચાલી. ૫ અધરણી.

પરિપૂર્ણું દિનમાં પ્રગટિયો, પ્રીય પુત્ર વ્હાલેથી કરી. ૬
વેગે વધાઇ વ્હાલથી, પુરમાં પહોતી પાંસરી,
વળિ વણિકને ઘર ઘર ગઇ, ખુશ ખબર વાર નહીં જરી;
સહુ શેઠ શાહૂકાર જોતા, સ્નેહથી પ્રીય પુત્રને,
પ્રીતે પટેલ ખુશી થયા, આ દેખિ નિજ ઘરસુત્રને. ૭
મળતાં તરત સહુ નાત રીતી, આદરી અતિ હર્ષથી,
મ્હેણું ટળ્યું મ્હાજન વિષે, વંઝાતણું બહુ વર્ષથી;
આનંદથી સ્ત્રીવૃંદ[૬] પૂછે, ક્ષેમ કુશળ ફરી ફરી,
વ્હાલે વિદાયગિરી મળે, ખારેકના[×] ખોળા ભરી. ૮
તરસ્યા તરૂણને જળમળે, અન્ન પામતો અપવાસિયો,
પામે પથારી પંથિ[૭] જયમ, અંધો બને ઉજાસિયો;
રળિયાત હૃદયે થાય જયમ, શુભ રત્ન રંક કરે પડે,
પામ્યો પટેલ પ્રભુત્વ પોતે, સુખદ ઘરસુત સાંપડે. ૯
વેળા વિવેકે લઇ જુએ, જોશી જબર[૮] જનમોતરી,[૯]
રાશી લઇ ખાસી કહેતા, નામ અતિ આદર કરી;
ગૃહ ગોઠવ્યા કરિ કુંડળી, સુત સાંપડ્યો સુખકંદજી,
મનમાનતું મળિ સર્વ પાડયું, નામ મતલબચંદજી. ૧૦

મહીદીપ છંદ.

દિન દિન દિન જાય એમ, દશ દિવસ ગુજાર્યાં,
સ્નેહિ મિત્ર સગાં સર્વ, પ્રીતથી પધાર્યા.
દ્વાદશ દિન સાંજ સમય, સ્ત્રી સમૂહ[૧] સાથે,
ફઇ ફુલાતી ફાંકડી, અહિ[૨] હીરચીર હાથે. ૧
ગીત ગાય રાજી થાય, ઓળિ [૩]ઝોળિ ટાણે,

---

૬ સમુહ. ૭ મુસાફર. ૮ મ્હોટા. ૯ જન્મકુંડળી. ટપકો. × ખોળો ભરી ખારેક આપી.

૧ મેળાવડો. ૨ લઇ, ૩ નામ પાડતી વખતની ક્રિયા.

વ્હાલથી વળી કઇક પુત્રને વખાણે;
ખાર કે ખુશી થઇ, કઇ શ્રીફળ લઇ સારાં,
નાત રીત કરી નેક, પુર જનમાં પ્યારાં. ૨
થયા વિતિત કઇક દિવસ, માસ વર્ષ વીત્યાં,
કોડથી કિશોર[૪] જોઇ, જાણે જગ જીત્યાં;
વર્ષ પાંચ થતાં પૂર્ણ વિનયથી વહાલે,
પંડિત બોલાવી બાળ, મોકલ્યો નિશાળે. ૩
હોંસથી ગણે હિસાબ, લેખન લટકાળું,
હરફ કરે હરિફાઇ, વંચક પણ વ્હાલું;
ચંચળ ચાલાક તેમ, વણિક બુદ્ધિવાળો,
તાત સમો સૂમ સરસ, ભલો વણિક બાળો. ૪
વરષ બાર થતાં વાર, વડિલ મન વિચાર્યું,
સ્નેહથી સગાઇ કાજ, ધોરણસર ધાર્યું;
વણિક નાતમાં વિશેષ, ખરી ખંત ખોળે,
કન્યકા કુંવારિ કઇક, તરત વળે ટોળે. ૫
મ્હોટા મ્હોટા ધણાક, માન કાજ માગે,
પુત્રિ આપવા અનેક, લલચાયા લાગે;
નાતનો પટેલ નેક, માનવંત મ્હોટો,
વ્હાલથી વ્હેવાઇ થાય, જરૂર બને જોટો. ૬
કરિ વિચાર વારવાર, પુત્ર પરણાવાને,
જુગતે જુગતું જડેજ, વાર કરવી શાને; !
થાવરશા સાથ ઠેઠ, નેટ નક્કી કીધું,
નગરશેઠને નમાવિ, નાળિયેર લીધું. ૭
નાતજાત માંહિ સરસ, ખ્યાત રહી ખાસી,
શોભણ થાવરની સમ, પ્રીત આવી રાશી;
નગરશેઠ ને પટેલ, [૫]સાવ સગા સારા,

---

૪ બાળક. ૫ તદન.

સ્નેહમાં કરી સગાઇ, પુનિત થયા પ્યારા. ૮
શોભણને નહીં થોભ, લોભનો લગારે,
ભણતરનું ખરચ ખૂબ, ભાસ્યું મન ભારે;
તરત તે તજાવી કામમાં પ્રવીણ થાવા,
શીખે વેપાર વળતિ, કઇક કાવા દાવા. ૯
હોંસથી કરાવ્યું હાટ, ખાટવા ખચિત્તે,
માંડિયું મતલબચંદ. રળવા શુભ રીતે:
તોલ માપમાંહી તોય, ઠીક કરી ઠેરો,
પંથ પ્રીતથી પસંદ, કીધ કપટ કેરો. ૧૦
વાણોતર તેમ તરત, કપટચંદ કીધો,
[૬]ઓળવે અનેક રકમ, એજ માર્ગ લીધો;
સાખ વગર થાય રાખ, ધંધો ધુળધાણી,
પૈસાવાળો પટેલ, કહે હરખ આણી. ૧૧
કામ જો કરો ન ઠીક, બીક મારિ રાખી,
પુત્રને ન જાણું જરિક, નેક નક્કા [૭]પાખી;
પુત્ર કહે આજ એમ, કેમ તાત ભાખો;[૮]
ખાઉં સુખે ના ખરોજ, રળું રોજ આખો. ૧૨
વ્હાલથી કરે વિશેષ, કોડથી કમાઇ,
મ્હેનત કરે છ ખૂબ કપટચંદ ભાઇ;
તિવ્રતા તપાસિ તાત, હૃદય રાજી થાતો,
સુખથી કહી શાબાસ, જુગતે ઘર જાતો. ૧૩
કામમાં હમેશ દામ, હોંસથી હજારો,
કપટચંદ કરે કામ સ્નેહ ઘણો સારો;
વખત જાય એમ રોજ, મોજ મજા, કરતાં,
સાંભળજો વાત રસિક, હરકત જે હરતા. ૧૪

---

૬ આઘી પાછી કરે. ૭ વગર. ૮ બોલો.

દોહરો.

દિવસ માસ ગણતાં ગયાં, ખરેખરાં ખટ વર્ષ;
નિરખી નિજ સમ પુત્રને, થોભણ પામ્યો હર્ષ.

ઝૂલણા છંદ.

માતના ઉદરથી મુક્ત થાવા સમય,
સ્હેલ મુશ્કેલ છે કોણ કેશે ?
ખાસ ખટ વર્ષની વાત પણ ખામુખા,×
સ્હેજ સ્મૃતિ[1] સાથ કોને રહેશે ?
મૂત્ર મળ મય મહા વિપત વેઠી મુઓ,
યાદ કર યાર દિલદાર જાની,
જન્મથી મરણ સુધી જમાના વિષે,
જો નિશાની જુવાની દિવાની. ૧
બાળપણમાંહિ [2]બાળોતિયાં બગડતાં,
સાફ [3]સંડાસ વિણ કામ સરતું,
ભાન ભગવાન કે ભાઇ મા બાપનું,
મિત્ર શત્રુ પરીક્ષા ન કરતું;
ઘોડિયામાં ઘલાણો રહેતો ઘણું,
શુદ્ધ સંસારની હોય શાની ?
જન્મથી મરણ સુધી જમાના વિષે,
જો નિશાની જુવાની દિવાની. ૨
પાંચ વર્ષો પરીપૂર્ણ થાતાં પડી,
પેખ પિશ્રાન પિતુ ભ્રાત માતા,
લાલનાં લાડ લડવે ઘણા લક્ષથી,
[4]જુગલ રૂપ જોઇ જન રાજી થાતાં;

× ખરેખરી. ૧ યાદ. ૨ પાથરવાના લુગડાં. ૩ પાયખાનાં. ૪ ન્હાનું.

કેડમાં કનક કંદોર કસિ કોડથી,
માત મનસાથ મસ મૂસકાની,[૫]
જન્મથી મરણ સૂધી જમાના વિષે,
જો નિશાની જુવાની દિવાની. ૩
આઠ દશ વર્ષ સૂધી હજી હર્ષથી,
જાય સુત રોજ નેહે નિશાળે,
ચતુર ચાલાક શીખે ઘણી ચોંપથી,
પ્રીતથી નિયમ પરિપૂર્ણ પાળે;
સોબતી સાથ બનિ મ્હોબતી મ્હાલતો,
હું સમો કો નહીં એમ માની,
જન્મથી મરણ સૂધી જમાના વિષે,
જો નિશાની જુવાની દિવાની. ૪
બાર વર્ષે બહુ બુદ્ધ આવી બધી,
સ્નેહની શુદ્ધ પણ સારી નરતી,
સોળમે સાન મનમાનતી સાંપડી,
કાય કંઈ કષ્ઠક કલ્લોલ કરતી;
મૂછના વાળ આવ્યા મુખે ઉગવા,
પ્રીતની રીત પૂરી પિછાની,
જન્મથી મરણ સૂધી જમાના વિષે,
જો નિશાની જુવાની દિવાની. ૫
વીશ વર્ષે વળી વાન વપુનું વધી,
ગાલ થયા લાલ ગુલઆબ ગોટા,
મોહ મત્સર મળી માની મ્હોટાઇથી,
છેક છકી જાણતો સર્વ છોટા:[૬]
મોજની ખોજમાં[૭] રોજ રાજી રહી,
પાપમાં ના કરે પાછિ પાની,

---

૫ મલકાતી. ૬ ન્હાના. ૭ શોધ.

જન્મથી મરણ સુધી જમાના વિષે,
જો નિશાની જુવાની દિવાની. ૬
ભાળ ભરતી પરીપૂર્ણ પૂનેમની,
એમ નિજ કાયની કાંતી નિરખી,
હોંસ હિમ્મત હરામી હઠીલાઇની,
હારમાં હેરનો હેત હરખી;
પરકીયા[૮] પાસમાં, વ્યસનોના વાસમાં,
ક્યાસ વિણુ હાસ કર હોય હાની:
જન્મથી મરણુ સુધી જમાના વિષે,
જો નિશાની જુવાની દિવાની. ૭
ઉછળે જેમ મોજા ઉદધીમાં[૯] અતી,
તેમ તનમાં તુરંગો અતીશે,
સુજનને દુઃખ અવિછિન્ન[૧૦] દે દોહ્યલાં,
દિલમાં ના દયા અંશ દીશે;
અંધ અહંકાર અતડાઇ ઇર્ષા મહીં,
નમ્રતાની મળે ના નિશાની,
જન્મથી મરણ સુધી જમાના વિષે,
જો નિશાની જુવાની દિવાની. ૮
પગવડે પૃથ્વી પાતાળ ચાંપું ચહે,
ગગનની ગોળિ વાળી ઉરાડું,
સાત [૧૧]અરણવ વળી અંજળીસમ ગણી,
અનામિકાએથી[૧૨] મેરૂ ઉપાડું;
એમ મદઅંધજન જરૂર જોયા વિના,
જુવતિ જરથી બનીને તુફાની,
જન્મથી મરણ સુધી જમાના વિષે,

---

૮ પર સ્ત્રી. ૯ સમુદ્ર ૧૦ અસોસ. રાત્રદિવસ.
૧૧ સમુદ્ર. ૧૨ ટચલીની જોડની આંગળી.

જો નિશાની જુવાની દિવાની ૯
માત ને તાત ગુરૂજ્ઞાન ગણતો નહીં,
સમજણો સૃષ્ટિમાં એક પોતે;
ખાન ને પાન ગુલતાન ગાવા મહીં,
ગોઠિયા [૧૨]ગોધલા રોજ ગોતે;
રાગ રંગે બની દંભ દિલ જાણતો,
જાણુ જામી રહેશે જુવાની;
જન્મથી મરણ સૂધી જમાના વિષે,
જો નિશાની જુવાની દિવાની. ૧૦
પતિ પામે પિતા માત અળખામણાં,
ક્રોડ નાણું ભલે હોય દીધું;
જો જરા પામી જીવે પિતુ માત તો,
ભરણપોષણ કહે મેંજ કીધું;
કામની કાજની નાતની લાજની,
વાત રાખે સદા છેક છાની;
જન્મથી મરણ સૂધી જમાના વિષે,
જો નિશાની જુવાની દિવાની. ૧૧
વિવિધ પટકૂળ વીંટે વપૂ ઉપરે,
તાતનો તાતણો ભારિ પડતો;
મન ગમે તેમ મેવા મીઠાઇ જમે,
રોટલા કાજ પિતુ રોજ રડતો;
દેખ દુર્લભ[૧૩]ગણે દેવ પણ દીકરા,
પિંડ પ્હોચાડવા આશ આની;
જન્મથી મરણ સૂધી જમાના વિષે,
જો નિશાની જુવાની દિવાની. ૧૨
જેમ જન જનમિયો, ઝટ જુવાની મળે,

---

૧૨ છકેલ જુવાનિયા ૧૩ મોંઘા.

ભૂલતો ભાવ પિતુ માત સેવા;
ચક્ષુ મીંચી ચિત્તે ચતુર થઇ ચાલતો,
આખરે હાલ પુજ થાય એવા;
જૂજ જન જાળવે જોશ જુવાનિનો,
જાણુ આ જગત ફંદીજ ફાની;
જન્મથી મરણુ સુધી જમાના વિષે,
જો નિશાની જુવાની દિવાની. ૧૩

દોહરા.

મોટો મતલબચંદ થઇ, કોડે કરતો કામ;
શોભણુ જાણે ઠીક છે, ધોળું દૂધ તમામ. ૧
વણુજ વિષે વખતે થતો, નફો કદી નુકસાન;
ધંધો દેખી ધોમને, ધરે ન તે પર ધ્યાન. ૨
પુત્ર વધૂના પરણુવા, લાયક વય લેખાય;
વિનતી વ્હેવઇએ કરી, લગનકાળ વહી જાય. ૩
સ્નેહે શુભ મૂહૂર્તનો, ઠીક કર્યો ઠેરાવ;
પટેલસુત પરણાવવા, નગરશેઠ મન ભાવ. ૪

ચોપાઇ.

તેડાવ્યા બહુ બ્રહ્મ ભણેલ, સુમૂહુર્તનો દિન ઠેરેલ;
મનમાનો મ્હેરાવી માળ, સચવાયો શુભ કન્યાકાળ. ૧
સામગ્રી કીધી તૈયાર, પાઇ પાઇનો કરી વિચાર;
પરણાવ્યા ધરી પૂરણ પ્રીત, વણીકતણી રઢીયાળી રીત. ૨
સગાં સહોદર તેડયાં સર્વ, જાણે સૌ દીવાળી પર્વ;
ભોજન રાંધ્યાં વિવિધ પ્રકાર, વિનય વિવેકતણો નવ પાર. ૩
પરણાવ્યાં પ્રીતે શુભ પેર, પરણી વહુ વર આવ્યાં ઘેર;
નવી વહુ નવ દિન કહેવાય, તાણી તુસી તેર વહાય. ૪
શોભણુ ભોળીનો સરદાર, પત્નીમાં નવ ઓછ લગાર;

પ્હેલે આણે જણુવી પ્યાર, મૂકી મહિયર કરી વ્યહવાર. ૫
બીજે આણે આવી જેમ, વણિક વિચારે કરવું કેમ;
અનાજ તો અમ જેટલું ખાય, કામ કરે નહીં કેમ ખમાય. ૬
એકાંતે તેડી નિજ નાર, કર્યો થોભણે ઠીક વિચાર;
કાલ વહુ શિર આપો હેલ, બચે રોજનું ઘી દીવેલ. ૭
ઘંટી સોંપો વિણુ ઘોંઘાટ, કાંતે સૂતર સૂત્રા [1]સાટ;
[2]છતે શીખવો ઘડતાં છાણુ, ટળે [3]ઇંધણુંની જયમ તાણુ. ૮
કચરો પૂંજો વાળી આમ, ઠેરવ ઢગલા કેરૂં ઠામ;
એક જાકડી[4] રોજ ભરાય, પાંચ પનર પૈસે વેચાય. ૯
ચરો થાય ચોપાને રોજ, ખરેખરી એ કરજે ખોજ;[5]
પુત્ર ચલાવે હોંસે હાટ, પછી રહે નવ કંઈ ઉચાટ. ૧૦
પ્રથમ થકી એ રાખો રીત, ધંધા ઉપર ધ્યાન ખચીત;
ખાય આપણા સરખું અન્ન, નવરી જોઇ ન માને મન. ૧૧
નગરતણી નવછંદી બાળ, શીખવ કામ સરવ તતકાળ;
નવરી બેસે નહીં લગાર, એવા કર અગણિત ઉપચાર. ૧૨
વહુ વછેરા વચ્છ વદાય, શરૂ શિખવણી જેવા થાય;
નવી વહુને જે દે માન, આખર તે સાસૂ હેરાન. ૧૩
પ્રથમ થકી ચેતી નહીં ચાલ, આખર તે કરશે બેહાલ;
મોટાતાત તણો જે ગર્વ, સંતાપી ઉતારો સર્વ. ૧૪
કહે નાર હું સમજી સાર, ઉતારૂં એનો અહંકાર;
વડું તાત તેનાનું નામ, આપણુને શું આવે કામ ? ૧૫
કરૂં બતાવો છો જયમ આપ, ટાળો આપ ઉરે સંતાપ;
કાલ થકી સોંપુ સૌ કામ, હૈયે રાખી મોટી હામ. ૧૬
અનાજ રોજ ખપે[6] ત્રણુ શેર, કહો નભે એ કેણી પેર;
રળે રોજ જો ખાંતે ખાય, એવા આદરવા[7] ઉપાય. ૧૭

---

૧ બદલે. ૨ તરત. ૩ બળતણ.
૪ ગાડું. ૫ તજવીજ. ૬ જોઇએ. ૭ કરવા.

નર નારે મળિ કીધ વિચાર, શોભણુ ગયો ઘરથી બ્હાર;
સાસૂ થઇ ઘરની સરદાર, ગુલામસમ વહુને‌ા અવતાર. ૧૮

સોરઠા.

માણુસ મન મલકાય, અવરતણાં દિલ દૂખવી;
જાણે નહીં જરાય, આગળ દિન કેવા થશે. ૧

ગીતિ.

નગરશેઠની પુત્રી, આણે બીજે ઉમેદથી આવી;
મતલબચંદ તણે મન, જુવાન જુવતી અતી ભલી ભાવી. ૧
હોંસેથી હાટે રહીં, આવે ઘરમાં બપોરને ઘડી બે;
ખાન પાનની ખાંતે, ખોટા [1]મિષથી ખબર ન કો દી લે. ૨
સાસૂ સૉડી લાગી, પતીતણી સહુ શીખ અનૂસરવા;
ઠૉકી ટાણે ટાણે, મ્હેણાં મારી કહે કામ કરવા. ૩
સાત સપૂત સમાણી, નગરશેઠને પુત્રી એક પ્યારી;
સવારમાં સાસૂનું, રોજ ચડેલું ભાસે મુખ ભારી. ૪
એમજ કાઢિ [2]અવંકા, વાત વાતમાં ધુરકતી ધુરકાવે;
[3]ત્રસૂળિયાં કરી તાતાં, કામ કામમાં ધૂંધવી ધમકાવે. ૫
આ સારૂં આ માઠું, આ ભૂંડું આ બગાડિયું બાઇ;
તાત તવંગર તારો, કોડી તારો કંથ ન દે કમાઇ. ૬
મૈયરની મ્હોટાઈ, સાસરિયામાં જરા નહીં શોભે;
નેવતણાં નિર્મળ જળ, મથી મરો પણ ચડે નહીં મોભે. ૭
નગરશેઠ નામીચો, વાડી ઘોડીતણો નહીં ત્રોટો;
સસરો પટેલ સાદો, જુગતે જુગતો મળે નહીં જોટો. ૮
નગરશેઠની પુત્રી, પ્રીછી પ્રીતે પટેલસુત પરણી;
આવ્યું ધંધો કરતાં, ઘરણીધરની કૃપાથકિ અઘરણી. ૯
પુત્ર પ્રસવતાં પામી, રૂડું રાજ સકળ આ સંસાર;

---

1 બહાને. 2 વાંક. 3 ભમર.

ફરી સાસરે આવી, દીઠું લોહું અને એજ લુહાર. ૧૦
પ્હોર રાત્ર લઇ ઉઠે, જોતરિ ઘંટી દળે અધિક દાણો;
સમજે મતલબચંદે, જાણીને જા પરૂં[4] કરે સાણો. ૧૧
સવારમાં સુત રોતાં, પળ પારણિયે ન કોઇ હીંચોળે;
સાસૂ શત ગાળો દે, લીએ જનેતા ધવાડવા ખોળે. ૧૨
વિરોધ વહુઆરથી, શ્વસુર સમીપે શબ્દ ન ઉચરાતો;
દેખી દુઃખ દા'ડીનું,[5] મતલબચંદ મને મસ મૂંઝાતો. ૧૩

રૂચીરા છંદ.

માત પિતાની મર્યાદા પણ, તોડી તો તોડાય નહીં,
પુત્ર પ્રિયા પીડાતાં દેખી, સમજૂ સાંખે શાંત રહી;
સુતને જો સ્નેહેથી તેડે, બળોતિયું પણ બદલાવે,
સાસૂ—કહી ધણીને ધાવ[1] રખાવો, ફોકટ રસળ્યું નહીં ફાવે. ૧
તાતતણી તો તવંગરાઇ, શું ઉપયોગી મુજ ઘરને,
સોંજ[2] જોઇ સસરાની ચાલો, પાડ ચડાવો પીયરને;
નગરશેઠનું નાણું વહુજી, કહો કામનું શું અમને !
રાત દિવસ હું રળતી રોજે, ઘણું કરી શું કહું તમને. ૨
બાળ અમારો થયો બાયલો, કામણથી વશ તે કીધો,
સવારમાં સુત તેડી બેસે, લાગ[3] રસળવાનો લીધો;
જવાન હું તમ સરખી સારી, પરણી આ ઘરમાં આવી,
રાત દિવસ રૉંી કામ કરેથી, સાસૂના મનમાં ભાવી. ૩
ઉઠું રાત્ર પહોર લઇને, દાણો હાથેથી દળતી,
રસોઇ પાણી સર્વ કામ પણ, જાતે હું કરતી વળતી;
કામ કર્યાનું આટલું આળસ, કેમ પરવડે સ્ત્રીજાતે;
સુત ધવરાવા ઢોંગ કરોછો, મુજને કયમ ભાસે આતે. ૪

---

૪ અખાડા. ૫ રોજનું. ૧ ધવરાવનાર સ્ત્રી. ૨ સગવડ. ૩ તક.

કહ્યું કદી માનો નહિં મારૂં, કહો કંથને થા જુદો,
ખજવી કાયર કરવા મુજને, જાણુંછું તુજ એ મુદ્દો;
સુત જણતી ઓજાત સર્વ પણ, આતો આડો આંક અતી,
પિયરતણી પતરાજી મનની, આંહી નભે નહિ એક રતી. ૫
આસૂનાં મ્હેણાં સાંભળતાં, વહુને રીસ ઘણી લાગી,
ઉત્તર મ્હોં મરડીને આપ્યો, જાણે નિંદ્રાથી જાગી;
સાત પુત્ર સમ એક દુહીતા, માત પિતાને હું પ્યારી,
વિના કારણે મને વખોડી, આંહિ બનાવી અપકારી.[1] ૬
માતપિતાનાં લાડ લડામણ, લેશ લક્ષપર ના લાવું,
મેરામણ મર્યાદ તજે તો, કહો ડરીને કયાં જાવું;
માત સરીખાં થઇ સાસૂજી, કરો પરીક્ષા આવિ અરે,
પરણીને પ્હેલે દીવસથી, ખાળ્યું[2] આળસ ખૂબ ખરે. ૭
કહ્યા વગર સહુ કામ કરૂંછું, રાત દિવશ રળતી સરખી,
નહી ન પાડું કરો કદાપી, જરા જુઓ નજરે નિરખી;
સવારમાં સ્નેહેથી ઉઠી, ધંધે પૂરણ ધ્યાન ધરૂં,
રહેલ અને મુશ્કેલ ગણું નવ, કોડે ઘરનાં કામ કરૂં. ૮
રોજ દળુંછું આપ દોઢને, પંદર હેલ ભરૂં પાણી,
ચોપાંની પણ કરૂં ચાકરી, જરૂર ફરજ મારી જાણી;
છાણ ઘડું વાસીદું વાળું હરેક કામ કરૂં હાથે,
રાજી કો દી થયાં ન સાસૂ, હણુંદૂંઓ મારે માથે. ૯
પતી પાસ પોકાર કરોને, સસરાને શું સમજાવો,
હલકું લોહી કર્યું છે મારૂં, કરૂણા કયમ જરિ ના લાવો;
રોઇ રોઇ સુત સ્વર બેસે પણ, નીરાંતે ધવરાવું નહીં,
તોપણ આ શિરપાવ આંપડે, કહું જઇને દુઃખ કહીં. ૧૦
પટભૂષણ પેડેરૂં પિયરનાં, સાસરવાસો પણ સારો,

---

૧ બદનામ. ૨ કાઢયું. ૪ માર.

પોયરાત[1] થઇ કરૂં પોયરો,[2] અપજશનો મુજ શિર ભારો;
કરૂં સર્વ પણ કબૂલ ન કરો, કહો સાસુજી શું કરવું,
હવે એક ઉપાય રહ્યો નવ, આ દુઃખથી સારૂં મરવું. ૧૧
સાવ નમ્હેરાં થઇ સંતાપો, વિના વાંક વઢવેડ કરો,
જગકર્ત્તાને જવાબ દેવો, તેથી દિલમાં કાં ન ડરો!,
રાંક રોગને પ્રાણુ સોસ એ, દ્રઢ દૃષ્ટાંત લઇ દેખો.,
સગપણુ આ ભવ એકતણું છે, દીર્ઘદ્રષ્ટીથી જો દેખો. ૧૨
પેટ ભરી ખાવા નવ આપો, રંજાડો દિન રાત વળી,
પતી સર્વ સાચું માનેથી, મુજપર પ્રેમ ગયોજ ટળી;
નથી કોઇ ઠેકાણું મારે, ઘરનુ દુઃખ જઇ કયાં કે'વું,
મોહું બૂરી મને મૂંઝવો, કયાં સુધી સંકટ સે'વું. ૧૩
સાસુ—મહિયરની મ્હોટાઇ વહુજી, કહો સાસરે કયમ ચાલે,
સામા ઉત્તર દિયો સામટા, દુખ થાએ નિજ આહ્લાલે[3];
સાસુ બીજી મળી હોત તો, પાત પાંદડેથી પાણી,
મસરક મ્હો છૂટાં થઇ બોલો, જગત ગરીબ સમાં જાણી. ૧૪
માવેતરને માંડ હતાં તો, કયાંથિ ગરિબ આ ઘરે ગોત્યું,
હવે વડાઇ કામ ન આવે, કરો કામ લીંપ્યા સોત્યું[4];
પાણિ નાગતાં ×પયનો લોટો, તાત ઘેર હાજર થાતો!
છચોક દીઠી છાણુ મેળતી, હુંજ નિભાવું છું આતો. ૧૫
ઘડિયે ઘડિયે સુત ધવરાવે, ઉછેર્યો તુજ માંટી મેં,
ઘણી બેલડાની મા દીઠી, પણ તુજ રીત બતાવી તે;
રસળ્યા વિણ કંઇ કામ ન કરતું, અપલક્ષણ અગણિત એવાં,
થનગનાટ કરતાં નવ થાકો, બતાવીશ જે છે કેવાં. ૧૬

ચોપાઇ.

સાસુની સુણી વિપરિત વાત, વહુ રોઇ સંભારી માત;
ગાળ્યો દીવસ થઇ દિલગીર, રાત પડી પણ નવ રહી ધીર. ૧

૧ દાસી. ૨ મજુરી. ૩ આચારે. ૪ સહિત. × દૂધ.

કહું કંથને સઘળી વાત' આવે માંડ થએ અધરાત;
પતિને માનું પ્રભૂ સમાન, સુણી કરે રક્ષણ ધરિ ધ્યાન. ૨
મ્હોડી રાત્રે આવ્યો ઘેર, શયન ગૃહતણી પરખીપેર;
નાર કરે કોટી કલ્પાંત, પડી પથારીમાં એકાંત. ૩
નિરખી નારી હાલહવાલ, મતલબચંદ કર્યો મન ખ્યાલ;
બેઠો સુણવા દઇને કાન, નારી દુઃખપર દેતો ધ્યાન ૪

લલિત છંદ.

જનમ પામી હું, વૈશ્યને ઘરે, પરણિ પ્રીતથી, આવી સાસરે;
સુખ સહુ હતાં, તાતને તહિં, દુઃખ અતિ સહું, આવિ હું અહીં. ૧
ન કદી [1]તાત ત્યાં, પાણી મેં ભર્યું, અહીં ન બેડલું કો દી વીસર્યું;
ગઇ ન જંગલે, છાણુ મેળવા, મૂહુર્તમાં અહીં, માંડી [2]હેળવા. ૨
નહિં નિરાંત ના, નામની જડી, પ્રહર આઠમાં કો દી પા ઘડી;
તદપિ ટોંકતાં, સાસૂ સામટી, જ્યમ મજુરિયે રાખી [3]ભામટી. ૩
પ્રભૂ કર્યો કદી, પાપ મેં નથી, દુખદ વાત આ, જાય ના કથી;
[4]વહીતરૂં કરૂં, રાત દી વહી[5], સખત સંકટો, એકલી સહી. ૪
રડિ મરે કદી પુત્ર ભૂખથી, સ્તન પયે થતો, મુક્ત દુઃખથી,
નિમિશ માત્ર જો ધાવતાં થતી, પ્રકૃતિ સાસુની રહેજમાં જતી. ૫
શિશુ પરે નહીં દિલમાં દયા, પ્રભુ કૃપાતણીના જરી [6]હયા,
પશુ સમો ગણી પુત્ર પાળતી, ન કદિ હોંસથી તેડી મ્હાલતી. ૬
સહન હું કરૂં સર્વ જાતથી, સુત દુખી કરૂં હુંજ ઘાતકી;
પ્રભુ હવે કરો સાસુ સમજતી, હદ વળી ગઇ થાય છે અતી. ૭
કદીક દોષ જો કંથનો હતે, ધિરજ ધારીને મન ગારતે;
રળિ રળિ ઘડી કંથ આવતા, સમજી સર્વને કાય ગાળતા. ૮
ક્યમ કરી હવે ધીર હું ધરૂં, સુત સુખી થવા શું હવે કરૂં?

---

૧ ને ત્યાં. ૨ હેલવવા ૩ હલકા વર્ણની દાસી. ૪ મજુરી. ૫ મહેનત કરી. ૬ પરવા.

કદિક જાણશે કંથ વાતને, દુખિત તે કરે નિજ જાતને ૯
ધર પ્રભૂ હવે દાસિની દયા, કયમ જશે અરે દુઃખ આ સખા;
રહું નહીં કદી, જાત જો દુખી, સપુત માહરો થાય જો સુખી. ૧૦

દોહરા.

પતિ મન દુખિત અતી થયું, સુણી સતી કલ્પાંત;
માત તાતની રીતપર, આવી ઉરમાં ભ્રાંત. ૧
નજદિક જઈને બોલિયો, મતલબચંદ મુદામ;
સાર સકળ જાણી ગયો, કરે કહું તે કામ. ૨
ધાર્યું કર તારૂં હવે, દુશ્મન માતા તાત;
દુલભ પુત્રો દેવને, દુખિયો તે સાક્ષાત. ૩
કરૂં કમાણી હું બધી, પાળું આણી પ્રેમ;
સીદાતો* સુત જોઈને, ધરૂં ભરોસો કેમ. ૪
ભલે માત [1]ખીસી મરે, જરા ધરીશ ન ધ્યાન;
સંતોષે સુત ઉછરે, વડી વાત એ માન. ૫
માત તાત કાજે હવે, કરીશ હું ઉપાય;
કબજો સઘળો હું કરૂં, પછી પેખ શું થાય ? ૬
હિમ્મત દીધી હામથી, સંતોષી નિજ નાર;
પલટયો પુત્ર વિચારતો, શુંય હશે થાનાર ? ૭
કંથતણી શીખામણે, નારી વર્તે રોજ;
આગળ કેરી ઓળખો, વાત કરી મન ખોજ. ૮
મતલબચંદ ભૂલી ગયો, માત તાતનો પ્યાર;
પુત્ર તરફ પ્રીતી વળી, સ્વાર્થરૂપ સંસાર. ૯
કંથ કહે સુણ કામની, આણુ ન ઉર ઉચાટ;
લેશું બે દીવશ પછી, વિદેશ કેરી વાટ. ૧૦
તુજને પિયર વળાવશું, લેજે સુત સંભાળ;

---

* દુખી થતો. ૧ ચીડાઈ.

ફેલ[૨] ફેરવી નાંખશું, જેમ જશે જંજાળ. ૧૧
વચનામૃત પિયુને થઇ, નારી ગદગદ કંઠ;
રાત ગુજારી રીઝથી, દેખી દુઃખનો અંત. ૧૨

દોહરો.

પિતા પાસ પ્રીતે જઇ, કહે પુત્ર ધરિ પ્યાર;
વિદેશ વીચરવા તણો, કરિયો મન વિચાર. ૧

નારાચ છંદ.

પિતાજી પ્રીતથી પ્રદેશનું પ્રયાણ આદર્યું,
કમાઇ કોટિ લક્ષ્મી લાવવા મને નક્કી કર્યું;
ધરાઈ એસવા ઘરે, ઘણું ન દ્રવ્ય પામશું,
રળી રળી ઘડી ન એક વ્હાલથી વિરામશું. ૧
તમે થશો તમામ વૃદ્ધ, ના શકો કશું કરી,
ઘડીકમાં કહેલ વાત વૃદ્ધ જાય વીસરી;
અનુભવ્યું નથી વિદેશ સુખ દુખ મેં કઇં,
પટેલ-પું કરાય કેમ, રીત હું લહું[×] નહીં. ૨
લઇશ દેશ દેશ રીતભાત સર્વ જાણિને,
કહીશ વાત આપને વિવેચને વખાણિને:
કરી ઉપાય કોટિ સંપત્તી કરીશ સામટી,
મળેથી લક્ષ્મી લોભની કુટેવ તો જશે ગટી. ૩
વળી બને ન વૃદ્ધથી પટેલ કામ પાધરૂં,
પ્રદેશ રીત પારખી પછી બધુંય હું કરૂં;
નહીં જરા જણાય ખામિ કો દી કોય વાતની,
કમાઇ વૃદ્ધ થૈ કરીશ મોજ ભાતભાતની ૪
પિતા—અમે વિદેશ કરિ વાત તો જરા ન જાણિયે,

---

૨ રીત. × જાણું.

કમાય ઘેરમાં રહી, સપૂત તે વખાણિયે;
રહે ન ધર્મનો ધડો પ્રદેશ પારકા વિષે,
ઘણા વણીક વંઠિયા વિદેશ દુઃખથી દીશે, ૫
સપૂત તો કમાય માત તાતની કને વશી,
કરે સુસેવ વૃદ્ધની સદા રહે ખુશી હશી;
કપૂતની કુટેવ આજથીજ આમ આદરી,
કરો સુખે મને ગમે કહું ન હું તને જરી. ૬
કરીશ ખર્ચ ખૂબ વિત્ત વાવરીશ માહરૂં,
[1]જઇફીમાં જરૂર ઝુરિ ઝુરિનેજ હું મરૂં;
જઇશ નાત જાતથી પટેલ પું ગુમાવિને,
કરી શકીશ કામ શું અજાણ ફેર આવિને. ૭
નથી અહીં મરી જતો જરાય બાઇ ભૂખથી,
તજી જવું પડે તને સ્વધામ કોઇ દુઃખથી;
ગણેછ તું ગમાર શીખ સારિ તારિ નારની,
તજીજ બાજિ[2] જીતની રમેછ હાથ હારની. ૮
સુણી કુપાત્ર કામનીતણી વિવિદ્ધ વાતને,
ઘણાંક દુઃખ ઘડપણે દઇશ માત તાતને;
નથી તને વિચાર જે ધુતારિ નારિ નીવડે,
સ્વતંત્રતા મળે પતી પિતાથી ભિન્ન જો પડે. ૯
તને ભમાવિ આવિ વાત ઉરમાં ઉતારતી,
લહે ન લક્ષ તું લગાર પ્રીત અંધ પારખી;[3]
વહુ દિએ જવાબ સાસુને તજી વિવેકને,
જુએ ન માન દ્રષ્ટિએ બને ન એકમેકને. ૧૦
નથી કનિષ્ટ જેષ્ટ ભ્રાત કે ભગિની તાહરે,
તથાપિ પ્રેમપાસ માત તાતને દુઃખી કરે;

---

૧ ઘડપણ. ૨ રમત. ૩ ઓળખી.

ગરાસ ચાસ ઘેર વાડિ વિત્તની મણા નહીં,
સપૂત હોય ભોગવે સદા ગૃહે ઠરી રહી. ૧૧
કપૂત વાત માહરી ન માનશે જરાય જો,
મને કરીશ વાદ બાદ દુઃખ ખૂબ થાય જો;
કરીશ શી કમાણી શાણિ વાત સાંભળે નહીં,
દુખી થઇ વળીશ તાત શર્ણું દોડતો સહી. ૧૨

દોહરા.

થોભણશા મન થિર કરી, બોલાવી નિજ નાર;
પ્રદેશના પરિયાણનો, કહ્યો સ્વપુત્ર વિચાર. ૧
કહે માત નિજ પુત્રને, શા માટે ઘર છોડ ?
મુજ ઘરમાં મોટી પડે, પુત્ર વિના તો ખોડ. ૨
પણ હું જાણુંછું બધા, નારીના ઉપાય:
પુત્ર પ્રયાણ કરો પછી, શું વહુની ગત થાય ? ૩
રહે ઘડી નહીં મુજ કને, રોજ લડે દિન રાત;
દારા[1] કારણ દીકરા, તજો નહીં પિતુ માત. ૪
નારીના શા ભાર છે, પરણાવું પચવીશ;
દારા કારણ દીકરા, વડીલપર શી રીશ ? ૫
તુજ પત્ની જાણે મરે, સાસૂ સસરો તર્ત;
ઘણી માનતા માનતી, પાળે વિધ વિધ વર્ત. ૬
નારી નરને સાંપડે, મળે ન માને તાત;
અમને છોડી એકલાં, કેમ જશી તું ભ્રાત ? ૭
નારી કેરા નેહથી, અમને કર નહીં દૂર;
નવી નાર પરણાવશું, ભોગવ સુખ ભરપૂર. ૮
આ નારી નાગણ સમી, નીચ કર્મ કરનાર;
સ્વસુર વડિલ સંતાપવા, ભોળવિયો ભરથાર. ૯

---

1 સ્ત્રી.

જો માની મારૂં કહ્યું, છોડી એહ વિચાર;
પિયર મૂક એને નકી, રહિ આ ઘર મોઝાર. ૧૦

મતલબચંદ—મેં મન સાથ નકી કર્યું, નથી નારનો વાંક;
આ આરોપ[૨] શિરે દિયો, એતો આડોઆંક. ૧૧
પિયર વળાવું પ્રેમદા, વિચરૂં હુંય વિદેશ;
કમાઇ લાવું કોટિધા, લક્ષ્મી ફેર ન લેશ. ૧૨
ઉરથી અંદેશો તજો, તમે માતને તાત;
વળિ આવું વેગે ફરી, કરી નામ વિખ્યાત. ૧૩
રજા દિયો રાજી થઇ, સંભાળો ઘરબાર;
ફરી વળી આવીશ હું, કમાઇ કરતાં વાર. ૧૪
સંતોષી પિતુ માતને, મૂહૂર્ત લઇ મહાન,
પિયર મોકલી પત્નીને, પોતે કર્યું પ્રયાણ. ૧૫
ફરતાં ફરતાં વહી ગયાં, વીગતેથી કઇ વર્ષ;
કરી કમાણી ક્રોડની, હૈયે પામ્યો હર્ષ. ૧૬
માત તાત સુત પત્નીને, મળવા કરી વિચાર;
સંપત લઇને સામટી, વળ્યો સ્વદેશે સાર. ૧૭
મજલ મજલ કરી ચાલતો, વેપારી વિખ્યાત;
હવે સુણો તે સમયમાં, માત તાતની વાત. ૧૮

---

૨ દોષ.

પ્રકરણ ૩ જું.

ચોપાઇ.

વધૂ પિયર પ્હોતી સાક્ષાત, સાસૂ થઇ મનમાં રળિયાત;
શોભનશા નિજ નારી સંગ, રહ્યો ઘરે રાચી બહુ રંગ. ૧
દિવસ માસ વર્ષો વહી જાય, જુવાન તે પણ ઘરડો થાય;
પતિ પત્ની રે'તાં ઘરિ હર્ષ, વિગતેથી વીત્યાં કઇ વર્ષ. ૨
શોભનશા ભૂલ્યા શુધ્ધશાન, ગયાં ઘડપણે ચક્ષુ કાન;
નારીના થઇ તેજ દિશાય, ઉઠી કે બેશી ન શકાય. ૩
પરાધીન થયાં નરને નાર, સુત વિણ સેવા કો કરનાર ?
પટેલાઇ ગયાની વાત, અશક્ત થયાં થઇ સાક્ષાત. ૪
કદી ન લેતું કો સંભાળ, નરનારી પામ્યાં બેહાલ;
સંભારે સ્નેહે નિજ પુત્ર, હાથે ખોયું નિજ ઘરસુત્ર. ૫
એમ વર્ષ વીત્યાં જવ સાર, દુઃખનો આવ્યો કાંઇક પાર;
સપુત્ર આવિયો કરી કમાઇ, પ્હોંચી નામ ઘરે સુખદાઇ. ૬
લાવ્યો લક્ષ્મી લાખ કરોડ, પુત્ર મળે નવ એની જોડ;
આવ્યો પુત્ર થઇ રળિયાત, સંતોષ્યાં સ્નેહે પિતુમાત. ૭
પુત્ર પત્ની તેડ્યાં નિજ ઘેર, આગળની સાબગાન પેર;
ટેવ નહીં સાસુની ટળી, વહુ સાથે વઢતી વળિ વળિ. ૮

ચોપાયા છંદ.

સાસુનાં આગળનાં સુખડાં, સંભારે શું થાયે,
કારણ એ દુખડાં ભૂલીને, સેવાને સજ થાએ;
સાસુ સસરો વૃદ્ધ બન્યાથી, અશક્ત કાય અતીશે,
ખાન પાનની ખ્વાયશ ઝાઝી, પચવા પેર ન દીસે. ૧

થોડું થોડું ચલે થોભતું, કરે જેષ્ટિકા[1] જાડી,
ચોકી ચડતાં ઘોડી લાગે, ઉભય બગલમાં આડી;
પાંચ ઇંદ્રિયો પૂરણ થાકી, અવયવનું બળ અટક્યું,
માંસ રૂધિર વિણ નાડી થાકી, શરિરતણું બળ સટક્યું. ૨
થોભણશાની નારી નઠારી, ટેવ ટળે કયમ ટાળી,
વધૂ[2] સાથ વધુ[3] વઢવા લાગી, કહેશે છું પ્રેમાળી;
પડી ખાટલે પજવે વહુને, મેણાં ટોણાં મારી,
પિયર જઈને રહી પનોતી, વરને લીધો વારી. ૩
ઘંટી જોતરવા ધુરકાવે, જાગી રોજ પ્રભાતે,
પાણી પોતે ભરી નાંખતી, જો બનતું મુજ જાતે;
કામ વગર કો ખવરાવે નહિ, રોજે ટાઢી રોટી;
પાણી ભરતાં પ્હોર ગુમાવો, ખેડ કરો છો ખોટી. ૪
ચાર ઘડી દીવસ ચડતામાં, ઝટપટ જમવા માગે,
જરા વાર થાતામાં જરગી[4], ગાળો દેવા લાગે;
જમતાં જમતાં અતી વખોડે, ભોજન હોય ભલેરૂં,
વિનય વચન વહુનાં સાંભળતાં, ઉચરે અધિક પઅનેરૂં[5]. ૫
સાંજ પડે સુખ કરવા દે નવ, ટાંકે ટક ટક કરતી,
વજ્ર વેણ છાતીમાં વાગે, દગ્ધ વચન ઉચરતી;
નિશા થએ નિરાંત વળે નવ, અભાગણીને અંગે,
દેખી ન શકે વહુને વ્હાલે, વસતીસુતને સંગે. ૬
સમજે નહિ જે સાર અસારે, કેનાં વર વહુ બેટા,
અંત સમય કો કામ ન આવે, આખર જાતા છેટા;
કાળતણો વિકરાળ ઝપાટો, આજ ઝપટશે કાલે,
બુદ્ધિની શુદ્ધિ ન રહેતી, થતું હાલ બેહાલે. ૭
વાળુ કરતાં વિવિધ પ્રકારે, મેણાં ગોદાં મારે,
ફુંશે આવી વહુથી મારો, પુત્ર છૂટશે ક્યારે;

૧ લાકડી. ૨ વહુ. ૩ વધારે. ૪ ડોસી. ૫ અયોગ્ય.

બિમાર જાણી સગાં સહોદર, જો જોવાને આવે,
વાંકું બોલી વઢે વહુને, બાંડે ગાળો ભાવે. ૮
નાત જાતમાં લાજ ગુમાવે, ડગડગ કરતી ડોશી,
પ્રીતેથી પળ એક ન બેસે, આવે પાડ પડોશી;
વાત કરંતાં વિતિત થયા છે, દિવશ માસ ને વરષો,
ડોસી જાણે રોજ ઉગશે, દિવસ રોજના સરસો. ૯
રોગતણો થઇ ભોગ આખરે, પડી ખાટલે પોતે,
વઢવાના કારણ વેગેથી, ઘડી ઘડીમાં ગોતે;
ચિત્ત દઇને કરે ચાકરી, સાસુની સ્નેહથી,
વહુ પોતરો દીઠાં ન ગમે, દુખી માનતી એથી. ૧૦
એમ કરંતાં આવી પ્હોંતો, અંતતણો દિન આગે,
હર્તાની હાકલ આવે ત્યાં, કહો કોણ ક્યાં ભાગે;
વૈદ જોઇ શું કહે વિશેષે, રોગ ગયો જ્યાં ભેલી,
આયુષ કેરી વાત આગળે, કોઇ થાય નવ બેલી. ૧૧
ઓસડ વેસડ ગણિત કીધાં, અસંખ્ય કીધ ઇલાજો,
મતલબચંદ અતી માયાથી, બેસે દીવસ સાજો[૬];
કોય વાત તો કામ ન લાગી, માને ના થઇ શાતા,[૭]
છોડી આ સંસાર પધારી, સ્વર્ગે આખર માતા. ૧૨
થોભણશા તો થયો એકલો, પત્ની છોડી ચાલી,
કામકાજ વહુ કરે કોડથી, ખરચ કરે નવ ખાલી;[૮]
મતલબચંદતણો માને તો, એકજ પૂતર પ્યારો.
ડોસાને નિજ પુત્ર થકી પણ, લાગે પૌત્ર નઠારો. ૧૩
મતલબચંદ કરે સહુ કામો, પટેલાઇ પણ પ્રીતે,
મોજ શોખ કરતો મનમાની, સુમારગે શુભ રીતે;
લોભી તાતતણી નવ ભૂલ્યો, આગળની અવળાઇ,[૯]
તાતે તો નવ તજ્યો હજી, પણ કજીયો કંજુસાઇ. ૧૪

---

૬ આપો. ૭ આરામ. ૮ વૃથા. ૯ આડાઇ.

મતલબચંદતણી મોટાઇ, ઉદારતા ઉર બાળી,
ડોસાને દિલમાં નવ ગમતું, રોજ પછાડે થાળી;
અંધ થયો પણ બંધ પડ્યો નવ, સ્વભાવ સેજ નઠારો,
કરે ખરચ ને ખાય પીએ તે, સુત નવ લાગે સારો. ૧૫
રોજ કરે કંકાસ ઘણેરો, તું ઉડાઉ ઘણેરો,
ગાળો આપે અતી ઘણેરી, ઉપાય શો તે કરો !
મતલબચંદ વિચારી મનથી, નાત જાતની વાતે,
સાચવવાને શરમજ પોતે, કરે કામ શુભ જાતે. ૧૬
રોજતણા કંકાસ થકી તો, આખર થાકયો જ્યારે,
મનમાં ખૂબે મનન કરીને, એકજ વાત વિચારે,
બેઠા બેઠા ખાઓ પીઓને પિતાજી પાડ તમારો,
ઘરમાં બેઠો રાખ્યા વગર ન, સૂઝે એકે આરો. ૧૭

પ્લવંગમ છંદ.

અંધ થયો નિજ તાત, કરે બહુ ચાકરી,
આજ્ઞા શિરપર ધરે, કદી જો આકરી;
ખાવા પીવા સમય સમાલે વર વહુ,
થાય રૂચી જે વાર, કરે હાજર સહુ.
નાત જાતનાં કામ, વૃદ્ધ જાણી વળી,
સ્નેહે લઇ સલાહ, કરે સાથે મળી;
બ્હાર કોઇ દિન જાય, જેષ્ટિકા હાથમાં,
નિંદે સુત વધુ સાર, સગાના સાથમાં. ૨
ધિ:ક કહે નિજ પુત્ર, વધુને વશ થયો,
શું કરવું ઘરસુત્ર, માહરો તો ગયો;
થાય વહુ ઇચ્છાય, મને નવ પૂછતાં,
લાખો ખરચી ખાય, કરે મન સૂઝતાં ૩
રોજ રળીને માંડ, સકળ ધન સંચિયું,

સ્નેહે સમજી સપૂત, સામટું સોંપિયું;
આજે થયો અપંગ, હવે ઉપાય શું,
મુંડાવ્યા પછી વાર, પૂછવે થાય શું. ૪
એમ પ્રતિજ્ઞા સાર, તરત જાવા થઇ,
તાતતણી સહુ વાત, મિત્ર પાસે કહી;
લાજ ખુવે નિજ આજ, વૃદ્ધ વાતો કરી,
હવે કરૂં શું કાજ, શરમ જાતી ખરી. ૫
ખાઉં પીઉં હું રોજ, નહીં દેખી શકે,
માણે બહુ સુખ મોજ, અતી એવું બકે;
જાણું ના દુભાય, વછોડી તાતને,
અયોગ્ય અતિશય થાય, હિતકારક વાતને. ૬
રોજ રોટલા ખાઇ, ન રૂડું રાંધવું,
કહેશે ધિક્ક કમાઇ, પજેતે બાંધવું;
પ્રિયા જાય દર્પણ, પ્હેરિ પટભૂષણો,
તાતતણી તો ટેવ, કાઢવા દૂષણો ૭
ઘડી ઘડીમાં ગાળ, અદબની વાતશી?
જુવાન જે મુજ બાળ, નહીં માયા કશી;
ક્લેશજ કરે હમેશ, સૂખ શાતા નહીં,
વેઠું દુઃખ વિશેષ, કહેવું કયાં જઇ ૮
બેસી ખાટલે ખાય ભાવતું ભાવતું,
તોપણ ના કહેવાય અનુકુળ આવતું;
વીસે મોઢે તરત, નાર પાછી વળે,
સો સો રીતે સરત, રાખતાં પણ બળે. ૯
વાત વાતની માંય, વખત વીતી ગયો,
તાત શરીરે આંય, રોગ આખર થયો;
જીર્ણ થઈ વૃદ્ધ કાય, જઠર નબળી થઇ,
સત્તા ન રહી, કાંય સમજશક્તિ ગઇ. ૧૦

ટેવ તજે નહીં તોય, હમેશ કંકાસની,
ગાળો દેતો સોય, વાત નવ હાસની;
બેસે સુખથી કોય, દાસ કરીને ઘરે,
ધુંધવતો જો જોય, જરા મન નવ ઠરે. ૧૧

સુત વધુ શત્રુ સમાન, ગણે ઘેલો થઇ,
દ્રઢતાએ ગઇ સાન, ઔરતી ના કંઇ;
કદી પોતરાતણું, નામ લેતાં નકી,
બોલાવે કો ઘણું તરત ઉઠે બકી. ૧૨

મૂંઝાયો મન મધ્ય, દીકરો દુઃખ સહી,
હવે તો થઇ હદ, નહીં શીમા રહી;
કરતાં દીર્ઘ વિચાર, કાર્ય શું આદરૂં!
તાત શત્રુ નિરધાર, ઇલાજ કંઇ કરૂં. ૧૩

ગયો તાતને પાસ, પિતાજી સાંભળો,
રોજ કરો કંકાસ, રીસથી કાં બળો;
વૃદ્ધ થયા પણ વાત સગી, ના આદરો,
ક્રોધ ભર્યા સાક્ષાત, રોજ કજિયા કરો. ૧૪

ખાઉં પીઉં કે ખોઉં, ફિકર ના રાખશો,
હસું રમું કે રોઉં, અધિક ના દાખશો;
જો મરજી નવ હોય, થાનકે[1] જઇ વસો,
સંકટ જાશે સોય, અહીંથી જો જશો. ૧૫

છોડો સઘળી વાત, પડચાજ પધારિયે,
ખાઓ રોટલો તાત, કલેશથી વારિયે;[2]
માલિક તો હું છઉં, ઝેર નજરે જુઓ,
છેલી વારે કહું, તજન નિજ તો ખુઓ. ૧૬

---

૧ ધર્મની જગ્યા. ૨ અટકાવીએ.

ભુજંગી.

જુઓ શ્વાનની પૂછડી છેક વાંકી,
દુશાલે દયાથી કદી હોય ઢાંકી;
સદા કાળ રાખે નહીં થાય સારી,
પડી ના ટળે ટેવ સારી નઠારી. ૧
ગધાને લઇ ઓંતસો× ઘી ખળેરૂં,
ભલા અશ્વ સાથે વસે જો ભલેરૂં;
તજે ભૂંકવાની નહીં ટેવ બારી,
પડી ના ટળે ટેવ સારી નઠારી. ૨
બહુ પ્રીતથી બગ્ગલાને ઉછેરો,
સદા સોબતી રાખશો હંસ કેરો;
નહીં પારખે જેહ છે દૂધ વારી,
પડી ના ટળે ટેવ સારી નઠારી. ૩
કદી વાટિકા આંબની ઝાઝિ જોઈ,
ભલા કાગને રાખશો કો દિ કોઈ;
શકે પશુકની વાણી શીખી ન સારી,
પડી ના ટળે ટેવ સારી નઠારી. ૪
કરી વાડ મલ્યાગિરી ચંદનેથી,
સિંચ્યો ગંગ વારી સતી સંગ જેથી,
લહો ના લસણુ વાસ મૂકે ચ્યકારી,
પડી ના ટળે ટેવ સારી નઠારી. ૫
લઇ દૂધ પ્યાલો જશો સર્પ પાસે,
નકી જીવને ઝટ્ટ જોખમ થાશે;
ડસે દૂધ પીતાં કરે ખૂબ ખ્વારી,
પડી ના ટળે ટેવ સારી નઠારી. ૬
મજેથી ધરો મૂષકોને મિઠાઇ,

× ધોંચશો. પ પોપટની

ઘરે દૂધ પીવા રહેશે ધરાઇ;
નકી કાપડાં કાતરે ભાઇ ભારી,
પડી ના ટળે ટેવ સારી નઠારી. ૭
દઇ માન મંજારને મત આપો,
દહીં દૂધથી ભૂખ ને તર્સ કાપો;
થઇ અંધ ખાવાતણી ટેવ પ્યારી,
ટળી ના ટળે ટેવ સારી નઠારી. ૮

દોહરા.

રોજે રંજાડી કર્યો, મતલબચંદ નિરાશ;
સુખમાં વસવાની હવે, ઉરમાં ન રહી આશ. ૧
તાત કહે તું વાપરે, ચાંદી વાસણ ચારૂ;
મુજને એ નવ પરવડે, વિગતે શું કહું વારૂ? ૨
આવી રીતે આગળે, કયમ વધશે તું [1]વીર;
નાણું ખોઇ નકી થશે, જાતે દિવસ ફકીર. ૩
પત્નીને વશ તું થયો, ધિઃક તને મુજ પુત્ર;
નામ ગુમાવિશ માહરૂં, રાખું નહીં ઘરસુત્ર. ૪
છેતરવા છેલાઇથી, કર્યો એક ઉપાય;
સ્ત્રી સાથે સલાહ કરી, જેથી દુઃખ ન થાય. ૫
કહે જઇને તાતને, પિતા સાંભળો વાત;
તમ શિક્ષા સારી હવે, માની મેં સાક્ષાત. ૬
વહુ કરે નિત [2]વૈતરૂં, પાઇ ન ખરચ્યું એક;
મૂડી મેલું સામટી, ગૃહી લોભની ટેક. ૭
સાંભળ રીઝયો લોભથી, [3]રંગ રંગ મુજ તન;
એ રીતે જો વર્તશે, મેળવશે બસ ધન. ૮
મતલબચંદે આદર્યું. કપટે એવું કામ;

---

૧ ભાઇ. ૨ મજુરી. ૩ સાબાસ.

ખાય પીએ ખુશ રે' સદા, નહીં લોભનું નામ. ૯
ચાંદી વાસણ વાપરે, ચતુર ભોગવે મોજ;
છાશ રોટલે છક થયા શોભણ રાજી રોજ ૧૦
કહે ન વાસણ વાપરૂં, ધાતુ રોજ ઘસાય;
કાષ્ટપાત્ર લઉં કોડથી, જેમાં ખોટ ન જાય. ૧૧
પરવશ શોભણશા થયો, થાકું વૃદ્ધ શરીર,
પડ્યો પથારી રાત દિન, જાનિયો અંધ[૪] બહીર.[૫] ૧૨
તોપણ સુત વધુ ઉપરે, તજે ન ક્રોધી દ્રષ્ટ;
અરસપરસ જાણે નકી, કરી નાંખવા નષ્ટ. ૧૩
વહુએ મન વિચારિયું, કાં બુઢા કાં બાળ;
સસરો સંતાપે બહુ, પણ નવ આવે કાળ. ૧૪
અતી થયો અળખામણો, વર વહુ કરી વિચાર,
ખાવા કારણ આણિયાં, કાષ્ટ પાત્ર નિરધાર. ૧૫
દીધાં આણી તાતને, આમાં જમો જરૂર;
બીક નહીં કંઇ ખોટની, લોભેથી ભરપૂર. ૧૬
એક વખત જમજો હવે, દાણો મોંઘો થાય;
અનાજ ઉભય વખતતણું, કેમ પૂરૂં જ પડાય. ૧૭
કહે તાત હું વૃદ્ધથા, એક વખત ન જમાય;
ચાર વખત ખાવું ખપે, તોપણ તૃપ્તિ ન થાય. ૧૮
મતલબચંદ કહે સુણો, બહુ દુઃખ અમને દીધ;
તો આ સાચી વાત મેં, કરી વિવેક કીધ. ૧૯
કીધાં છે તે ભોગવો, કોનો છે નહીં વાંક,
દુખ દઇ સુખ આશા ધરો, એ પણ આડો આંક. ૨૦
નિરાશ તાત અતી થયો, હવે ન કોય ઇલાજ,
સંતાપ્યો નિજ પુત્રને, તેનો બદલો આજ ૨૧

૪ આંધળો. ૫ બહેરો.

ઘરમાં ચાંદી પાત્રને, નવ નિધનો નવપાર,
કાષ્ટ પાત્રમાં તાતને, ૬શીલો રોટલો સાર. ૨૨
નહીં કોઇ લાવી કદી, પાણી લોટો પાય,
તૃષા થકી તરફડિ મરે, જીવ નીકળી જાય. ૨૩
ખાવા પીવા પ્હેરવા, વિછાણું આણી વ્હાલ,
ધોવા ઝાટકવા તણો, કોય ન રાખે ખ્યા૭લ. ૨૪
પરવશ પડયો પથારિયે, માંડ માંડ બોલાય,
ટાઢા ટુકડા૮ દાંતવિણ, શાથી ચતુર ચવાય? ૨૫
જો કો જોવા આવતું, સુત જઇ બેસે પાસ,
કહે ખૂબ ખવરાવતાં વપુ બળ થાતું નાશ. ૨૬
થોભણ શાન્તે બોલતો, ધમકાવે ધરિ ક્રોધ,
પ્રભૂ ભજી પૂરા કરો, એવો આપે બોધ. ૨૭
કરે નહીં કો ચાકરી, નાવે કો નિજ પાસ,
દુખ દરિયામાં નાખિયો, પુત્રે નાખ્યો ખાસ. ૨૮
પટેલાઇ પોતે કરે, મનગમચંદ મહાન,
પિતા કહે પ્રીતે કંઇ, તે પર ન ધરે ધ્યાન. ૨૯
કહે હું૯ ડાહ્યો ઘનો, અકલહીન મુજ તાત,
સમજે નહીં સમજાવતાં, ઉંધરે અવળી વાત. ૩૦
મરે નહીં ૯માંચો તજે અમને તો અતિ દુખ,
માંડ મરે તો પાછળો, સેજે થાશે સુખ. ૩૧
રાત દિવસ રંજાડનો બુઢ્ઢો વળી બઢીર,
ખાયપિયે પણ ખામુખા, જરા ધરે નવધીર. ૩૨
એમ દુખી થોભણ થતો, સુત નવ લે સંભાળ,
દેહે અતી દુખી થયો, બન્યો હાલ બેહાલ, ૩૩
સંબંધે સહુ સાંપડે, પુત્ર વધૂ પરીવાર,

---

૬ ટાઢો. ૭ વિચાર. ૮ કડકા. ૯ ખાટલો.

સુખ દુખ લેવા આપવા, સંબંધે સહુ સાર. ૩૪
કઈક વરષ વહિને ગયાં, થોભણ દુખિયો થાય,
અકળ કળા અવિનાશની, પાર નકોથિ પમાય. ૩૫

માલીની છંદ.

દિન પરદિન જાતા દુઃખ દેખે અતીશે,
સુત વધુ દુનિયામાં સુખ લેશે ન દીશે;
હર ઘડિ ધમકાવે વાત વાતે વખોડે,
ઘડપણ અહિ[1] જાતાં કોય આવે ન સોડે. ૧

મોતીદામ છંદ.

થયો બહુ થોભણને પરિતાપ, સહે દુઃખ વૃદ્ધ વિશેષ અમાપ;
નહીં સુત કે વધુ ને મન શર્મ, પિતા દુખનો નવ જાણેજ મર્મ. ૧
અતી દુખ આગળ નાં કરિયાદ, દિએ દુખ કયાં કરવી ફરિયાદ!
પ્રભૂ ચડ વાર કહે ધરી ખેદ,[2] દુખી કરવા મહીં છે કંઇ ભેદ.[3] ૨
કહી શુભ શીખ સુધારણ કાજ, મળ્યું ફળ મોઘમ તો દુખ આજ;
થયો વશ પુત્ર વધૂ સુત સંગ, મને દુખ દેઇ રમે રતી રંગ. ૩
ખુશી થઇ ખાય પીએ ઘરમાંય, નહીં પડપૂછ પડયો છઉં કયાંય;
કદી જળ પાત્ર ભરી નવ દેય, ન ભોજનવાર[4] થઇ કદી કેય. ૪
અરે દિન આમ ભલા કયમ જાય, સદા કયમ શીતળ રોટીચવાય,
મરૂં છઉં ભૂખ થકી ભરપૂર, શિથીલ શરીર થયું જઇ નૂર.[5] ૫
જરૂર કરેલ હશે કંઇ પાપ, વહુ સુત આમ દમે નિજ બાપ;
રળી રળિ મેં ધન એકઠું કીધ, સુપુત્ર ગણી સુત સુપ્રત કીધ. ૬
હવે નહીં ધાન ખુશીથી ખવાય, કૂવાતણી છાંય કુવેજ સમાય;
નહીં મનમાં ધરિયો કંઇ ખ્યાલ, બન્યો સુતને ધન દૈ મનખ્યાલ. ૭
નહીં વિગતે કંઇ કીધ વિચાર, વધૂ સુત નીવડશે દુખકાર,
ગણ્યું પય[6] તે શુભ સ્વેતસમાન, દગો દુનિયાં ન ધર્યું કંઇ ધ્યાન;૮

---

૧ ભેળી. ૨ સંતાપ. ૩ કારણ. ૪ વખત. ૫ તેજ. ૬ દુધ.

નહીં સમજ્યો સુત શત્રુ સમાન, ગણીસુત એક રહ્યો ગુલતાન;
અતી ઘણું આયુષ્ય પૂરૂં ન થાય, પુરી પળ વર્ષ સમી મુજ જાય.૯
દયા સુતને દિલ ના લવ લેશ, દિએ દુખ દારૂણ દુષ્ટ હમેશ;
વધૂતણી વાત કહી નવ જાય, દઇ દુખ રાજિ અતીશય થાય. ૧૦
પ્રભુ ચડ વાર હવે પરમેશ, શકું નહિં સાંખિ હવે હું વિશેષ;
થઇ ગતિભંગ વળી કૃશકાય, બુદ્ધિ થઇ ભ્રષ્ટ રહી નહિં આય. ૧૧
પ્રભુ તુજને પ્રણમું દિન રાત, કૃપા કર કોડથિ તારણ તાત;
નકી ન શકું સહિ આ દુઃખ હાય, પ્રભૂ કર દોષ ખચિત ક્ષમાય.૧૨
અહોનિશ આમ કરેછ રૂદન્ન, વધૂ સુત પીગળતાં નવ મન્ન;
અતી દુઃખથી અકળાય વણીક, ચહે સુત થાય મરે બહૂ ઠીક. ૧૩
વિના અન કાય કરે કયમ કામ, થયાં સહુ અંગ શિથીલ તમામ;
કદી પડપૂછ કરે નહીં કોય, અતી દુખ પીડ દમે તન તોય૮. ૧૪
અતી અકળાય રૂવે દિનનીશ, અહોનિશ જાપ જપે જગદીશ;
નહીં સુત કે વધુને મન કાંય, મરે નિજ વૃદ્ધ પડ્યો હત ત્યાંય. ૧૫
કઇ દિન એમ કરે કલ્પાંત, ભજે પ્રભુ રોજ ધરી મન ખાંત;
પડ્યો અકળાય પથારિ મહીંજ, તહાં સુતપુત્ર ગયોછ નકીજ. ૧૬

દૂરથકી દાઠી દીકરી-એ ઢાળ.

અંધારો જ્યાં ઓરડો એક, માંકડ ચાંચડ મછર વિશેક,
પવનતણું જ્યાં ન મળે નામ, જાળી બારીનો નહીં ઠામ. ૧
ભીંતે બાવાં બાઝ્યાં ઘણાં, ભોંયતળીયામાં નહીં મણા;
કાદવ ને કચરો ભરપૂર, જુવા જૂ કરતાં ચકચૂર. ૨
લીપ્યા ધુંપ્યાપર નવ લક્ષ, જંતુ કરતા લોહિનું ભક્ષ;
ખાંતે ખૂણે ઢાળ્યો ખાટ, પેખી પાથરણું થાય ઉચાટ. ૩
મેલા મસોતા[1] સમ ઓછાડ, ધોવાનો પૂછે કુણ પાડ;

---

૬ દુઃખ દે. ૭ દૂધ. ૮ તોપણ. ૧. રસોઇનાં ઠામ ઉ-
પાડવાનાં લુગડાં.

ખંખેરે ખરતી ગસ ધૂળ, સાચવી રાખ્યાં જયમ પટકૂળ. ૪
ઘર ઘર થાતો થોભણ શેઠ, [2]પંપાળે પગ માથું પેટ;
કોય ન લે સ્નેહે સંભાળ, તાકે તરત થાવાને કાળ. ૫
મતલબચંદતણો સુકુમાર, બુદ્ધીવંત અને હુશિયાર;
બપોરનો આવ્યો ઘર મધ્ય, દાદાને સદને જઇ સદ્ય. ૬
જોઇ ઓરડી નર્ક સમાન, ધીમંતે[3] જોયું દઇ ધ્યાન;
સજીવ પ્રાણી કયમ પોસાય, નિરોગિ મૃત્યૂ શરણે જાય. ૭
દાદાના દીઠા સંસ્કાર[4], પૌત્રે મનમાં કર્યો વિચાર;
કેમ તાત પામે નવ ત્રાસ, જોઇ વડિલનો નર્કે વાસ. ૮
તાત દુખેથી ના દૂભાય, ભવિષ્યમાં કેવાં ફળ થાય;
માત તાતની સેવા કાજ, આપે શીખ ગુરૂમ્હારાજ. ૯
પાસે જઇ પૂછું કારણ, તાત અકલને વળિઉ ધારણ;
શા માટે સંતાપે તાત, પાસે જઇને પૂછું વાત. ૧૦
રહ્યો આટલા દિન મોશાળ, કશી વાત કીધો નવ ખ્યાલ;
અતી અચંબો આજે થાય, દાદાના દિવસો કયમ જાય. ૧૧
એમ વિચાર કરી મન સાથ, [5]અરસે ઉંચા કીધા હાથ;
આદર સહિત ગયો ઘરમાંય, વૃદ્ધ અપંગ પડ્યો છે જયાંય. ૧૨
લઇ દયા દિલ થઇ દિલગીર, ધીમત બોલ્યો રાખી ધીર;
કહો દાદાજી કુશળે આપ, બરદાસ કેવી લે મુજ બાપ. ૧૩
ખાવે પીવે હો ન ખુવાર, સુવા ઉઠયાની સગવડ સાર;
વડીલની સેવા શુભ થાય, મનમાન્યા મેવાજ પમાય. ૧૪
અંધારી આ ઓરડી એક, અવાવરૂ કચરે ભરી છેક;
હું સમજું તમને નહીં સુખ, માત પિતા મુજ દે છે દુઃખ. ૧૫
વાત કહો સઘળી વિસ્તાર, મારગ સુચવું કરી વિચાર;
સુખિયા હોતો ઉત્તમ વાત, નહિ તો સમજાવું મુજ તાત. ૧૬

---

૨ ખંજવાળે. ૩ બુદ્ધીવાન. ૪ હાલ. ૫ ગગન તરફ.

ચામર છંદ.

[1]કોટિ દ્રવ્ય મેળવ્યું કમાઇ દામ દામને,
દુઃખને સમે કદાપિ આવશેજ કામને;
દાન ભોગનો વિચાર મેં કર્યો નહીં હતો,
[2]મોત લાગતું કદાપિ દોકડો વરી જતો. ૧
સર્પ થઇ સમાલિ લક્ષ્મિી પૃથ્વિ [3]પેટમાં ધરી,
હાથનું કરેલ પુન્ય સાથ જાણ્યું ના જરી;
પાઇનું કદાપિ શાક પાન ખાધું મેં નહીં,
પાઇ કાજ માઇ બાપ સૂમને કહ્યા સહી. ૨
સર્વ સાચવ્યું સપૂત કાજ સ્નેહ લાવિને,
સોંપતાં સુખેથિ પૂરિયો અહીંજ આવીને;
વૃદ્ધ ને અપંગ વાત કયાં જઇ હવે કરૂં,
પાપિયો ગણાઉં આતમઘાતથી કદી મરૂં. ૩
પુત્ર પેખતો હશે હવાલ થાય માહરા,
જો કહે કઇંક થાય તેજ હાલ તાહરા;
ગાય તો કસાઇવાડ કેદમાં પડેલ છે,
સિંહને અજા અનાજ સ્હેલથી જડેલ છે. ૪
ખાનપાન દુઃખ દોહ્યલી દરિદ્રતા અરે,
આ અવાસમાંહિ દિન રાત્ર કેમ નીસરે;
લાખવાર રોજ હું પ્રભુજી પાય લાગતો,
ચાહતો ક્ષમા સદૈવ રોજ મૃત્યુ માગતો. ૫
કાષ્ટપાત્રમાં સદા ખવાય ભાત ખીચડી,
હુંથી ના ઘસાય સારૂ સેજ જાય છે સડી;
લોભથી કહે હવે જમાડવોજ રોટલો,
પાપ પૂર્વનાતણો થયો છે પુત્ર પોટલો[4]. ૬

---

૧ કરોડો. ૨ મૃત્યુ. ૩ તળિયામાં, ૪ ગાંસડો.

ચાંદિપાત્ર માંહિ રોજ ભોજનો જમે બધા,
કાષ્ટપાત્ર સાચવ્યાનું કામ માહરે સદા;
માહરી કમાઇ પુત્રને વધુ મજા કરે,
કાષ્ટપાત્ર ભાંગવાની બીકતો મને ખરે. ૭
હોય જો કદાપિ પત્ર વાંચિયે વિવેકથી,
પૂર્વ જન્મ કર્મની કથા નથી જતી કથી;
રોટલો મળે ન રોજ પુન્ય કયાં થકી કરૂં,
ભાગ્યશાળિ તો હવે ભલા ભરમમાં મરૂં. ૮
દીકરા કહે નથો થતા ખરેજ દીકરા,
દ્રવ્ય સામટું લઇ પછી જઇ વશે પરા;
વાંઝિયો[2] હતે વિપત્ત વેઠતો ન આવડી,
પુત્ર પામતાં વટાય[3] વર્ષ જેવડી ઘડી. ૯
લોકલાજથી હવે કશું કરી નહીં શકું,
ઘેલછા ગણાય બોલ બાયલા કદી બકું;
હાથનાં કરેલ હૈયડે જઇ હણાય છે,
પુત્ર તો કુપુત્ર નીવડ્યો નકી જણાય છે. ૧૦
તાંતણો[4] હતે હું તોડિ નાંખતો આયુષ્યનો,
ભાર ના ખમી શકું હવે દુખી ભવિષ્યનો;
જાય જે ઘડી હવે જરૂર જંપ[5] છે નહીં,
પૂર્વના સંબંધ દુખ તો શકું નહીં સહી. ૧૧
પુત્રના સુપુત્ર જો દયા ધરે વડીલની,
સારવાર હાડ ચામ-માં [6]હલાકિ [7]ડીલની;
મુક્ત મોત આવવા વિનાની આશ ના ધરૂં,
પ્રેર મૃત્યુ વાર વાર એજ વીનતી કરૂં. ૧૨

---

૨ પુત્ર વગરનો. ૩ જાય. ૪ દોરડો. ૫ નીરાંત. ૬ પીડા. ૭ શરીરની.

પુત્રની અપેક્ષ પ્રાણી માત્રને અતી ઘણી,
દુખ દીર્ઘ ઉમ્મરે કરે દલીલ તે તણી;
પુત્ર તો સપુત્ર પામવા પ્રભૂ ભજો ભલે,
તે વિના સુખેથિ જન્મ વાંઝિયાનો નીકળે. ૧૩
હું થયો પિતા સંબંધથીજ તુજ તાતનો,
વાંક શું કહુ વિશેષ વારૂ તારિ માતનો;
ભાગ્યવાન જાણી પાણિ કાજ હું હવે મરૂં,
સાંભળે વિભુ વિનંતી, અંતકાળની કરૂં. ૧૪

દોહરા.

સાંભળિ સ્તબ્ધ બની ગયો, દુખિ દાદાની વાત;
દયા ઉપજી દિલ વિષે, સમજ્યો મન સાક્ષાત. ૧
પાટા બાંધી પેટને, દ્રવ્ય મેળવ્યું જેહ;
દાદાને દુખ દેઈને, કયમ ભોગવતું તેહ. ૨
રળી રળી ભેળું કર્યું, તેને નાવ્યું કામ;
દુખ દઇ ભોગવવાતણી, આશા વ્યર્થ તમામ. ૩
શિખામણ દઉં તાતને, કરી એક ઉપાય;
દાદાનુ દુખ ભાંગવું, થાવાનુ તે થાય. ૪
શાણો સમજી [1]ઓચર્યો, દાદા સુણજો વાત;
આજ કહું હું ત્યમ કરો, થાશે દુખ કપાત. ૫
તાત માહરો આવશે, હમણાં જમવા ઘેર;
જમવાનુ તમને કહે, કરજો આવી પેર. ૬
દ્દઢ દિલને રાખો તમો, મૂંઝાશો નહીં મન્ન;
ટાઢું શીળું આપશે, તમને ખાવા અન્ન. ૭
ખાઇ ખુશી સાથે બધું, આવિ ઓરડી બ્હાર;
પ્રીતે ધસવા બેસજો, કાષ્ટ પાત્ર ધરિ પ્યાર. ૮

---

૧ બોલ્યો.

ઘસતાં હાથ વતી કરો, જબરૂં જોર જરૂર;
ભાંગી ને થાતાં ભલે, કાષ્ટ પાત્ર ચકચૂર. ૯
મનમાં બીક ન રાખશો, હું ત્યાં હાજર હઇશ;
દલીલથી મુજ તાતને, શુભ શીખામણ દઇશ. ૧૦
દાદા દુ:ખ ટળી બધું, સુખ થાશે ભરપૂર;
ચોંપે ચાંદી ઠામમાં, જમશો તમે જરૂર. ૧૧
હિમ્મત મન નવ હારશો, કરો કહ્યું જે કામ;
દુખ દૂર થાશે બધાં, થાશે સુખ તમામ. ૧૨
ક્રોધ વાત કરશે ઘણો, હું જાણું છું હાલ;
શીખામણથી સો વસા, નેક કરીશું ન્યાલ. ૧૩
દાદા વાત ન ભૂલશો, દુખનો આવ્યો અંત;
પાત્ર ભાંગજો પ્રીતથી, નક્કી રહી નિચંત. ૧૪
દલીલ દ્રષ્ટાંતે કરી, પિતા સમજશે સાર;
દુખ ટળીને પામશો, સુખ સઘળાં સંસાર. ૧૫

પ્રકરણ ૪ થું.

ઉધાર છંદ.

મતલબચંદ આવે ઘેર, મધ્યાને કરીને મ્હેર;
રોજ સવારમાં સૌ ખાય, પૂછા તાતની નવ થાય. ૧
આવે ઘેર થાય બપોર, કરતો ખૂબ સોર બકોર;
ભોજન કરીને ભલિભાત, જાતો જ્યાં પડ્યો નિજ તાત. ૨
ઉનું તીનું ચાંદીપાત્ર, પોતે જમે રોજ કુપાત્ર;
ટાઢી ખીચડી ને ભાત, ખાતો વૃદ્ધ તેનો તાત. ૩
ગાળો દે ઘણેરી તોય, જાણે પિતા તેનો ન્હોય;
વદતાં કરે નહિ વિચાર, વર વહુ બે બન્યાં ગમાર.[1] ૪
આજે આવિયો ઘરમાંય, દીકો પુત્ર ઉભો ત્યાંય;
તેને કહ્યું આણી વ્હાલ, ચાલો જમીશું તતકાળ. ૫
ચાંદી વાસણોમાં ખૂબ, પિરશે શેઠને *મ્હેબૂબ.
તાજાં શાક પાન રસાળ, મેવા ને મિઠાઈ માલ. ૬
ઘૃત સાકરતણો શુભ મેળ, દૂધ દહીંતણી તો રેલ;
જમતાં કરે આપ વડાઇ, પોતે લાવિયોજ કમાઇ. ૭
ઉઠ્યા જમીને જે વાર, ફોફળ[2] પાન ત્યાં તૈયાર;
દેખી પુત્રને હરખાય, દંપતિ કંઠ ગદગદ થાય. ૮
ભોજન કરીને ભલિભાત, કે'છે પુત્ર ને શુભ વાત;
તારી માતને જઇ કેય, દાદા કાજ પિરસી દેય. ૯
ટાઢી ખીચડી ને છાશ, દેખી નાંખિયો નિશ્વાસ;
આતે વૃદ્ધ કયમ કરી ખાય, તનદુરસ્ત પણ મરી જાય. ૧૦

---

૧ બેવકૂફ. ૨ સોપારી. * પ્યારી.

મતલબચંદ લઇને હામ, વદતો ક્રૂર વચન તમામ,
જઇને કહે બેઠા થાઓ, માગોછોજ બેઠા ખાઓ. ૧૧
લઇને કાષ્ટપાત્ર સક્રોધ, દે છે પિતાજીને બોધ;
જાણીને કરો નવ સાદ્દ, આતો વાત થાય ન માદ્દ. ૧૨
મેલાં ઝટ્ટ ભાંગી જાય, તેનું ખરચ મુજને થાય;
ધોજો આજ સારી રીત, ખોશો માન નકર ખચીત. ૧૩
ક્યારે આવશે તુજ અંત, બેસું હું થઇ નિશ્ચિંત.
ખાતા ખર્ચ નાહક રોજ, મારે શિરે મ્હોટો બોજ. ૧૪
બુઢ્ઢો બોલિયો નવ કાંઈ, કુપની છાંય કૂવામાંય;
પીધ પરાણે ખાટી છાશ, ઉરમાં થઇ અતીજ ઉદાશ. ૧૫
જમિને પાત્ર ધોવા જાય, અંધો ઠીક ઠોકર ખાય;
નાહ કંઇ અસર સુતને થાય, જો કદિ તાતતો મરિ જાય. ૧૬
જયમ ત્યમ જઇ ઓરડી બ્હાર, બેઠો તાપમાં તે વાર;
પાણી લઇ પાત્રાંમાંય, ઘસવા લાગિયો છે ત્યાંય. ૧૭
ઉભા પુત્ર પોત્રો જોય, જાણે મ્હેર કોને નહોય;
ઘસતાં આવિયો જે ભાર, ભાગ્યાં પાતરાં[1] ઓકાર. ૧૮
બોલ્યો તતે મતલબચંદ, બુઢ્ઢો છે બન્યો મતિમંદ;
ઉઠયો પોતરો તે વાર, લાકડી લેઇ કર મોઝાર. ૧૯
દાદાને કરે જ્યાં પ્રહાર, મતલબચંદ બોલ્યો સાર;
એને મારવે શું થાય, માગે છે ભલે તે ખાય. ૨૦
બાળક છે હજી તું બાઇ, કરવી નથી પડતિ કમાઇ;
દોડયો લાકડી લઇ તુંય, કારણ સમજિયો નહિં હુંય. ૨૧
અચરજ થાય મનમાં તોય, કારણ કે' કશું જો હોય;
બોલ્યો પુત્ર આણી પ્રીત, એ છે વારસાની રીત. ૨૨
દાદો થયા વૃદ્ધ તમામ, જીવે કેટલા દિન આમ;

---

૧. કાષ્ટપાત્ર.

ભાગ્યાં પાતરાં જે આજ, આવત તે તમોને કાજ. ૨૩
દાદો જ્યાહરે મરિ જાય, એ જગ્યા તમારી થાય;
પાળો તાતને જ્યમ આપ, જાણી આપ કેરો બાપ. ૨૪
મરતાં વારસો વેંચાય, સુતનો હક્ક સાચો થાય;
દાદો મરત જ્યારે આમ, આવત પાત્ર તમને કામ. ૨૫

દોહરા.

જે રીતે રાખ્યા તમે, પિતા કરીને પ્યાર;
રીત સકળ હું શીખીયો, પુત્રતણા આચાર. ૧
દાદો સ્વર્ગે સંચરે, એજ ઓરડી માંય;
એજ પાત્રમાં ખીચડી, છાશ પરીશત ત્યાંય. ૨
આજે ભાંગ્યાં પાતરાં, પોતે મરવા પ્હેલ;[1]
જર ખરચી તમ કારણે, લેવાશે મુશ્કેલ. ૩
તે કારણ હુંનો થયો, હણવાને તૈયાર;
મરતાં તમને મોકલું, ઓરડિ એજ [2]મોઝાર. ૪
ખાટિ છાશને ખીચડી, તમને પિરશું રોજ;
કનક કચોળે ભોજનો, કરિ હું માણિશ મોજ. ૫
દાદે ભાંગ્યાં પાતરાં, કર્યું અતી નુકશાન,
મારે બીજાં શોધવાં, તમ કારણ ધરિ ધ્યાન. ૬
તાત મરંતાં પુત્રને, મળે વારસો એમ;
દાદો મરતાં તે જગા, મળશે તમને તેમ. ૭
તમ જગ્યાએ હું થઇ, કરીશ રોજે આમ;
ભાંગ્યાં દાદે પાતરાં, ભૂંડું કીધું કામ. ૮
જે રીતે રાખ્યા તમે, પિતા ધરીને પ્યાર,
પાળું હું રીતી બધી, સત્ય જગત વ્યવહાર ૯
લેવાં પડશે પાતરાં, તેથી થાતો કલેશ;

---

૧ પ્હેલાં. ૨ માં, અંદર.

આપીશ તમને હું હવે, હેઠે[3] જમણ હમેશ. ૧૦
દીઠું તેવું હું કરૂં, જરા ન રાખું ફેર;
પરજ પુત્રની એહવી, થયો પાધરો શેર[4]. ૧૧
મતલબચંદ કહે કદી, કરિશ ન એવું કામ;
વિચારથી મેં છે કર્યું, આવું કામ તમામ. ૧૨
દુઃખ મુજને દીધું ઘણું, તારા પણ એ હાલ;
માટે એને દેખતાં, વ્યાપે મુજને કાળ. ૧૩
પિતા દેખતાં પુત્રને, કદી ઉપન્યો કાળ;
તમને દેખી મુજ મને, તેમ થશે તતકાળ. ૧૪
માત તાતની મ્હેરથી, ઉછેરાતાં બાળ;
વૃદ્ધપણે વેરી બને, કરવા આવા હાલ. ૧૫
કરશો તેવું પામશો, પિતા વિચારો આપ;
જેવા દાદો તમતણા, તમે માહરા બાપ. ૧૬
આપો છો નિજ તાતને, વૃદ્ધપણે દુખ જેમ;
તેમજ તમને આપવું, કહો ભૂલવું કેમ. ૧૭
મતલબચંદે મન વિષે, કીધો નેક વિચાર;
પિતાતણે પાયે પડ્યો, પુત્ર ગુરૂ નિરધાર. ૧૮
મતલબચંદતણો કહે, પુત્ર અરે હો તાત;
માત તાત સેવાતણી, વાત અતી વિખ્યાત. ૧૯
સાંભળજો તમને કહું, માતતાત મહિમાય;
દુષ્ટ બુદ્ધી થઇ દૂરને, જયમ સુખ શાંતી થાય. ૨૦

ચંદ્રવળાં.

શંકર શંભૂ ભગવત ભોળો, ધૂર્જટિ જટા ધરેશ;
ઉમાપતી કૈલાસ પતીહર, શિવજી રૂદ્ર મહેશ;
શિવજી રૂદ્ર મહેશ વખાણી, ગિરીસુતા પારવતી રાણી;

3. જમીનપર. 4. રસ્તો.

એ પુત્રે પરિવાર બહોળો, શંકર શંભુ ભગવત ભોળો. ૧
ઉમયા સંગ ઉમંગે રાજે, કૈલાસે મ્હાદેવ;
[૧]મુદિત મન મંગળ મુખ દેખી, સતી વદયાં તતખેવ;
સતી વધાં તતખેવ તપાસી, કમળવદન મુખ મુદ્રા ભાસી;
શંકર સુણુતાં નેહે નિવાજે, ઉમયા સંગ ઉમંગે રાજે. ૨
સુત ગણુપત ને કાર્તકસ્વામી, જુગલ ભ્રાતની જોડ,
જુવાન નિરખી બે જશવંતા, કરો કૃપા કરિ કોડ,
કરો કૃપા કરિ કોડ કૃપાળા, પરણાવો સુત બે પ્રેમાળા,
વારવાર વિનવું શિરનામી, સુત ગણુપત ને કાર્તકસ્વામી. ૩
મ્હાદેવ–કાર્તિક ને કાલે પરણાવું, સુઘડ સતી શુભ નાર,
દુંદાલો સુત ગણુપત દેખી, મનમાં થાય વિચાર,
મનમાં થાય વિચાર વિશેષે, [૨]જથર કાય જુગતી નવ દીશે,
આજલગણુ એથી અટકાવું, કાર્તિકને કાલે પરણાવું. ૪
મુખ કમળ મ્લાનીને પામ્યું, સુણી કંથની વાત,
નીસાસો ઉંડો નાંખીને, માંડયો [૩]અશ્રુપાત;
માંડયો અશ્રુપાત અતીશે, રીસે દ્રગ બે રાતાં દીસે,
નાથચરણુમાં મસ્તક નામ્યું, મુખકમળ મ્લાનીને પામ્યું. ૫
શિવજી સુત બે સરખા તમને, ભાસે શો ભિન્ન ભાવ,
સો સુત કેરાં માત તાત જો, હોય રંક કે રાવ,
હોય રંક કે રાવ કદાપી, સમ દ્રષ્ટી નવ જાય તદાપી,
ભોળા ભાંગો એજ ભરમને, શિવજી સુત બે સરખા તમને. ૬
ગણુપતિ ગુણુ ગંભીર ઘણેરો, મંગળ મૂર્તિ મનાય,
શુભ કારજમાં સૌથી પ્હેલી, પ્રીતે પૂજા થાય,
પ્રીતે પૂજા થાય પ્રથમથી, તજગો જાય નહીં તે પણ તમથી,
જ્યેષ્ટ[૪] ભ્રાત એ કાર્તિક કેરો, ગણુપતિ ગુણુ ગંભીર ઘણેરો. ૭

---

૧ આનંદી. ૨ ભારી. ૩ આંસુ. ૪ મ્હોટો.

જોગિ થઇ જગદીશ કહાવો, મારા પ્રાણાધાર,
આપ સરીખા સ્વામી પામી, વાંછુ સુત પરીવાર;
વાંછું સુત પરિવાર પુનીતે, સ્વામી આપો સહુની રીતે;
તજું દેહ જો આમ દુભાવો, જોગિ થઇ જગદીશ કહાવો. ૮
શંકર નામ જપે સંસારી, તાપ હરણ તતકાળ,
વંઝાને દો સુત વહુઆરૂ, ભલા ભગત પ્રતિપાળ,
ભલા ભગત પ્રતિપાળક હરજી, સુણો દીન દાસીની અરજી;
સુત પરણાવી સુખી થનારી, શંકર નામ જપે સંસારી. ૯
બ્રહ્મા વિષ્ણુ ધ્યાન ધરે છે, માનવ તે કુણ માત્ર,
ભાવટ[૫] ભવની ભજતાં ભાગે, હોય કુપાત્ર સુપાત્ર;
હોય કુપાત્ર સુપાત્ર પ્રમાણે, દૈત્ય દેવમાં ફેર ન જાણે,
ભજતાં પળમાં પીડ હરે છે, બ્રહ્મા વિષ્ણુ ધ્યાન ધરેછે. ૧૦
સંસારીનાં સંકટ હરતા, ભક્તવત્સલ ભગવાન,
અંધને આંખો કાન બહિરને, મુક[૬] સુ વક્તા સમાન.
મુક સુ વક્તા સમાન બનાવો, દાસીની ઉર દાઝ ન લાવો,
સુત પરણાવિ બનો સુખકરતા, સંસારીનાં સંકટ હરતા. ૧૧
ગણપત કાર્તિક બન્ને ભાઇ, જો પરણે નહીં નાર,
વંઝા મ્હેણું શિરપર રે'શે, હશસે સઉ સંસાર,
હશસે સૌ સંસાર વિચારી, મારી વિનતી લ્યો ન સ્વીકારી,
બૂડિ મરૂં કાંતો વિખ ખાઇ, ગણપત કાર્તિક બન્ને ભાઇ. ૧૨

એક લેખણ કાને ખોશીરે, નામ ધરાવ્યું
દામોદર દોશીરે. એ રાગ.

દેખી સતીને થાતાં દિલગીરરે, સ્નેહે શિવજી દેવા લાગ્યા ધીરરે. ૧
તમે જગત જનેતા કહાવો રે, કેમ શોક કરો સતી આવો રે.
એવી સકળ સંસારની વાત રે, ત્રણ લોકતણાં તમે માત રે. ૨

---

૫ હરકત ૬ મૂગા.

તમે ઓછું મને જે આણો રે, કહું વાત પ્રેમેથી પ્રમાણો રે;
ઇચ્છાપૂર્ણ તમારી થાશે રે, એક પુત્ર આખર દુભાશે રે. ૩
ધ્યાન દ્રષ્ટી જોતાં ભાસે એમરે, તેમાં ફેર પડે કેમ રે,
પુત્ર બેને અહીં બોલાવો રે, મારી આજ્ઞા બેને સંભળાવો રે. ૪
પુત્ર બેને પ્રીતથી [1]પઠાવો રે, પૃથ્વિ પ્રદક્ષિણા કરવા ઠેરાવો રે;
વળી આવે બેમાંથી વ્હેલો રે, તેને પરણાવવો પણ પ્હેલો રે. ૫
સતિએ શિવજીની વાત સ્વિકારી રે, બોલાવ્યા સુતને ધીર ધારી રે;
આવ્યા તરત તરત બે બાળ રે, પ્રીતે નમિયાં આવી તત્કાળરે. ૬
નેહે નમિયા બન્ને શિર નામીરે, માતા હેતે હરખ બહુ પામી રે;
બન્ને ભાઇ બોલ્યા ધરી પ્યાર રે, ખરતા મુખથી મોતીના હાર રે. ૭
તાત આજ્ઞા તરત હવે દીજે રે, સ્નેહે શિરપર વ્હોરી લીજે રે,
કરદ્વય જોડી ઉભા બાંધવ જોડ રે, માતતાતનાં પૂર્યાં કોડ રે. ૮

શાર્દૂલ વિક્રિડિત.

શ્રૃષ્ટીનાં શ્રજનાર પાળક સદા, સંહાર કર્તા જહાં,
સ્વામી કાર્તિક ને ગણેશ કર બે, જોડી ખડા છે તહાં;
સંસારે સ્મૃતિ રાખવા વિનયથી સ્નેહે ગૃહી સુત્રને
પ્રેમે પ્રશ્ન કરે પ્રભુ પ્રવિણ, બે પોતાતણા પુત્રને. ૧
વિદ્યા ચૌદકળા સુ ચોસઠ વળી, બત્રીશ તો લક્ષણો,
વેદોપાર વિશેશ પામી ન શક્યા, તે બાળ ભાવે ભણ્યા;
જાણું આજ જુવાન જોગ વરવા, કન્યા રતી કોડથી;
વ્હેલો તે પરણે લઇ વિજયથી, જીતે કહું [1]હોડથી. ૧
પ્યારા પ્રાણથકી મને શિશુ તમે, સંસારમાં સર્વદા,
યોગ્યાયોગ્ય વિચારી શ્રેય કરવા, હું કેમ ભૂલું કદા;
બે બાધું સમતુલ્ય છો પરણવા, ન્યૂનાધિક કો નહીં,
માટે યોગ્ય પ્રવાસ ખાસ કરવા, ધાર્યું મને મેં સહી. ૨

---

૧. મોકલો.

આ કૈલાસ વિલાસ વાસ વસતા, કોડે કિશોરો તમે,
ઉછેર્યાં ઉભયે અતી ઉલટથી, ન્યારા થકી ના ગમે;
પ્રીતેથી પરણાવવા સતીમને, આગ્રહ છે આકરો,
પાતાળે ગગને પ્રવાસ પણ ના, પૃથ્વિ પ્રદક્ષણા કરો. ૩
બ્રહ્મા વિષ્ણુ સુ પુત્ર સંપન થવા, વ્હાલે કરે વાંછના,
દેવો દુર્લભ જાણતા સપુત તો, શું વાત [2]ઇતરે જના;
આશિર્વાદ દઇ વદૂં અવનિએ, વ્હાલે થકી વીચરો;
નારાયેણ નિરંજના અહનિશે એ બંધુ રક્ષા કરો. ૪

મંદાક્રાંતા.

આ સંસારે અમ જનમના આપ દેનાર દાતા,
તો સારૂં કે નરસું ગણવા આપ છો તાત ત્રાતા;
આજ્ઞા આપો અમ તનુજને તાતજી તેમ કીજે,
યોગ્યાયોગ્યે અમ ભવિષ્યનું આપને શીર લીજે. ૧
છો ત્રાતા આ જગત સરવે આપને આશરે છે,
વેદો સાથે સ્રુતિ સ્મૃતિ સહૂ નેતી નેતી કરે છે;
જો પામ્યા આ સ્થુલ સુખ સહુ આપના અંગમાંથી,
પાતાળે ના ગગન ગમને ભીક પૃથ્વિની ક્યાંથી. ૨
આ કૈલાસે જનમ લઇને તાત માતા કૃપાએ,
કોટી સૂખો શિશુપણ થકી ભોગવ્યાં ના ભુલાએ;
ઉછેરીને લગન કરવા માત મરજી બતાવે,
આ પૃથ્વીની સુ પરિક્રમણા તો કરૂં પૂર્ણ ભાવે. ૩
સેવા છે આ સકળ જગમાં શ્રેષ્ટ માતા પિતાની,
માયા છે આ સકળ જગમાં શ્રેષ્ટ માતા પિતાની;
છાયા છે આ જગત જીવતાં શ્રેષ્ટ માતા પિતાની,
આજ્ઞા છે આ સકળ જગમાં શ્રેષ્ટ માતા પિતાની. ૪

---

૧ શરત. ૨ બીજા.

ઢાળ.

માત પિતાના પાય વંદી, ઉઠીયા બે બાળ,
નેહેથી નિજ નિજ અવાસે, ન્હોચિયા તતકાળ. ૧
કાર્તિક સ્વામિયે કોડે કીધાં મોર પીઠે પલાણ,
પ્રદિક્ષણા કરી વ્હેલા વળવા પ્રીતે કીધ પ્રયાણ. ૨
આકાશ માર્ગે ઓપતો જયમ કૃષ્ણ ગરૂડ ચડી જાય,
મોર મલપતો ચાલતો વેગે વિહંગ[1] મ-રાય. ૩
ગુણિયલ ગણપતિ ગજવદન,[2] વળી દુંદાળો દીદાર,
મુષક[3] વાહન ગાનકારી, મોદકનો શુભ અહાર. ૪
પીઠ પલાણી પ્રીતથી કર, લઇ મોદકનો થાળ;
ન્હોરો કરીને મુશક હાંકયો, વળી આવવા તતકાળ. ૫
ખાડા ખચિયા ટેકરા કઇ, કાતરગિરી કૈલાસ;
મુષક ચડતાં ઉતરતાં તન, પામે અધીકો ત્રાસ. ૬
મ્હેનતે મંજલ માંડ પહોંચી, આગળ વધવા ઉમેદ,
ચતુર મૂષક ચૂકયો ચડતાં, ખરો પામે ખેદ. ૭
ચોંપે ડુંગર ટોચ ચડતાં, ચૂકયો ચરણ ચતૂર,
પછડાયો પૃથ્વીપરે વળી, વાગિયું ભરપૂર. ૮
ઉદર[4] મોટું સ્થુલ જાડું લડથડયાજ લગાર,
પૃથ્વી ઉપર જઇ પડ્યા, ગણપતી નિર આધાર. ૯
લાડૂ લોટ થઇ ગયા, ઉઠવાતણી નહિં આય,
પ્રીતે પલાણી ઉંદર પાછા, કૈલાસે વળી જાય. ૧૦
કાર્તિકસ્વામી કયારના, પહોચ્યા મંજલ બે ચાર,
અવશ્ય આવી વ્હાલે વરશે સારી કન્યા સાર. ૧૧
આવું કપરૂં કામ સોપ્યું મુજથી કેમ કરાય,

---

૧. પક્ષીયોનો રાજા. ૨ હાથીના મ્હોંવાળો, ૩ ઊંદર. ૪ પેટ.

ચડું નદી કે પર્વતપરથી, હસવું ઉલટું થાય. ૧૨
કન્યાનું કંઇ કામ નથી પરણ્યાપરે નહીં મન;
એમ વિચારી ઘેર વળીયા, ગંભીર ગજવદન. ૧૩
સમાધીમાં બેઠા શિવજી, પ્રથમ લાગ્યા પાય;
ઉત્તર તે શો આપવો મન, એ વિમાસણ થાય. ૧૪
માત તાત તો પૂછશે કેમ વળિ આવ્યા ગણપત્ત;
જૂઠ ન બોલું હું જરી પણ કહી સઘળું સત્ય. ૧૫
હાથ જોડી હિમ્મત રાખી, બેઠા ગણપતદેવ.
અનાયાસ[૫] વિચાર આવ્યો, તેને ત્યાં તતખેવ. ૧૬

ગીતી.

તાત જગતનો ત્રાતા, સંસારીની હરકત હરનારો,
દયા થકી દુર્ઘટ ×પથ, સરળ સહેલો સદાય કરનારો. ૧

છપ્પય.

દરદીનું દુખ જાય, મળે ધનવંતરિ ધીમત,
દરિદ્રનું દુખ ટળે, મળે શુભ શાણો શ્રીમંત;
મંત્ર તંત્રથી જાય, ભૂત કે પ્રેતની હરકત,
પાપો દૂર પળાય, ભલા પૂજેથી ભગવત;
સમ સંસારીની હરકતો, હર છે સમર્થ હઠાવવા,
આ અડચણથી તો આખરે, તાત સબળ ઉગારવા. ૧

દોધક છંદ.

બાંધવ બે મન શાંત થવાને, ઘાટ રચ્યો ભૂમીને ફરવાને,
કાર્તિક જો પરણે મુજ પાખે, થાય અતી ચરચા જગ આખે. ૧
[૧]ખેચર મોર [૨]વિલંબન લાગે, પાંખ થકી ઝડપે ઉડી ભાગે,
ઉંદર આય રહિત બિચારો, પ્રાણ થકી મુજને વળિ પ્યારો. ૨
માર્ગ જતાં પછડાય પડીને, પર્વતથી કદિ ભોય રડીને,

---

૫. એકાએક. × મુશ્કેલ. ૧ આકાશમાર્ગી. ૨ વખત.

જોર કરી કરી બાત કદાપી, પ્હેલ કરી ન વળાત તથાપી. ૩
થાય [3] કળા મુજ બારિ શરીરે, હાસિ કરી હત કાર્તિકવીરે,
શો ઉપચાર હવે કરવાનો, ઘેર રહી પૂથ્વીજ ફર્યાનો. ૪
શંકર તાતતણી શુભ શક્તિ, ભાવિકને ફળતી નિજ ભક્તિ,
તાત રચે રચના વિણુ ખામી, થાઉં કૃતાર્થ શિશૂપદ પામી. ૫
તાતતણાં સહુ પુસ્તક પાનાં, હું સહુ જાણું નથી કોઇ છાનાં;
પુસ્તક સર્વ ભણું મસ ભાવે, ભૂલ પડી તવ માર્ગ બતાવે. ૬
વ્યર્થ સહુ શિવ શક્તિ અગાડી, લાભ લઇ રહું નાહીં પછાડી,
મહેનત વ્યર્થ નહીં મુજ જાશે, તાતકૃપાથી સહુ સુખ થાશે. ૭
તાત સમાધિ તજી પછી પૂછે, કેમ ગયો નહીં કારણ શું છે,
થાઉં અયોગ્ય સતી સુત સારો, કાર્તિક હોડ ફ્નેહ કરનારો. ૮
ધારિ વિવેક વિચારી વિચારી, ઉત્તમ યુક્તિ રચી શુભકારી,
પુસ્તકશાલ મહિંથી વિવેકે, સર્વ તપાસિયું શેશ [4] ન એકે. ૯
એક ચિતે બહુ ધીરજ ધારી, શબ્દ તજ્યો નવ વીણુ વીચારી,
જોઇ તપાસિ અતી જુગતેથી, અક્ષર એક ગયો ન ચિતેથી.૧૦
જોઇ અતી અતિ આખર થાક્યો, સ્વારથ આપતણો નવ પાક્યો;
બુદ્ધી શરીર વિષે ગભરાયો, અક્ષર એક ભલો નવ બાવ્યો.૧૧
છેક નિરાશ બની જવ બેઠો, મત પ્રયાસતણો શિર પેઠો;
ધેર રહી નવ હિમ્મત હારૂં, તાત કૃપાથિ થશે સહુ સારૂં.૧૨
આ જગમાં જનનાં સુખ માટે, ઓર ઉપાવ રચે એક સાટે,
તાત ઉપાય વિના નવ તોડે, તૂરત એક ઉમે [5] ઝટ જોડે. ૧૩
જો શ્રમ નાહીં કરૂં અકળાઈ, વીર ટળી થતું બાંડળ ભાઇ,
હિમ્મત એક હજાર પ્રકારે, દુખ અતી થકી સેજ ઉગારે.૧૪
એમ વિવીધ વિચાર કરે છે. હિમત હારી ફરિ ગૃહી લેછે;
એક પળે મન કીડિ પ્રમાણે, બીજી પળે મન કુંજર જાણે.૧૫

---

૩ હરકત. ૪ બાકી. ૫ બીજા.

લક્ષથિ જોઇ તપાસિજ લેખે, લાભતણી ગત[૬] એક ન દેખે;
મુંઝવતો મનને મસ રીતે, ખેદ ખરેખર થાય ખચીતે. ૧૬
સુઝ પડે નવ શું કરવાનું, જે પણ લીધ કરે તજવાનું;
ભોગવવું દુઃખ દારૂણ ભારે, શું પરણી કરવું શુભ મારે. ૧૭
પૃથ્વિ પરીક્રમણા કરી વ્હેલો, ભાઇ ભલે પરણે મુજ પ્હેલો;
ચાહી ઉપાધી ઉડાવવી માથે, પાય કુવાડિ હણું કયમ હાથે.૧૮
યોગ્ય નહીં દિલને દુખ દેવું, જેમ લખ્યું વિધીએજ સહેવું;
આમ ઉતાપ કર્યો નહિ સારો, રોઇ રહે નવ દીસત આરો.[૭] ૧૯
જોઇ તપાસિ રહ્યો છઉં થાકી, લેખ રહ્યા બહુ શેશ ન બાકી,
જોઇ ફરિ કરવું સહુ નક્કી, જોઇ કરી કરૂં ખાતરી પક્કી. ૨૦
હિમ્મત હોંસ નવી લઇ લેખે, જોય વળી ફળ-દા નવ દેખે,
વાંચી ઉકેલી પછી ઝટ જ્યારે, જીણું ચડયો કર એકજ ત્યારે.૨૧
વાંચી વિચાર કર્યો મન સાથે, લેખ ભલો ચડિયો મુજ હાથે,
ભાઇ કદી હમણાં ફરિ આવે, ફેર નહીં કદિએ નવ ફાવે. ૨૨
શક્તિ અપાર પિતા મમ તારી, વિષ્ણુ સમાય જતાં બલિહારી,
એક ઉથાપક એક રચ્યા છે, એમ ઉપાય અધીક રચ્યા છે.૨૩
આજ ન જોત તપાસ કરીને, કેમ રહેત અવાસ ઠરીને,
રાખિ સમાલિસ હું નિજ ઠામે, લેખ તપાસિ વળિ ખુશી પામે.૨૪
રાજી થઇ શુભ લેખ લઇને, રાખિયાં સર્વ સમાલ કરીને,
ખૂબ ખુશી રહીને રહી થાતો, જીત મળી મનમાં મલકાતો. ૨૫
લેખ હતો નિજ લાભ તણો જે, લાગિયો છે નિજ લાભતણો જે,
વાંચિ બિના તે માંહે લખેલી, થાય ખુશી પછી આમ ઉકેલી.૨૬

દોહરા.

લાખ યત્નથી જે મળ્યો, લેખ લાભ દેનાર;
વાંચી રાખ્યો પ્રેમથી, પોતા પાસે સાર. ૧

---

૬ રસ્તો. ૭ અંત.

(૬૭)

ઇન્દ્રવિજય છંદ.

આ [1]મહિમાં પિતુ માતની સેવથી પામત તે મન માનત મેવા,
તીરથ યાગ સુ યજ્ઞ જપે તપ દાન હવન્ન તણા નિત હેવા;
વ્રત્ત વિવિધ વિશેષ કરે [2]પુની પુન્ય પવિત્ર પિતુ જન કેવા,
પૃથ્વિ પરીક્રમણા સમ પુન્ય પમાય કરે પિતુ માતની સેવા. ૧
બ્રહ્નની ભક્તિ ન શક્તિ ધરે બદલો બહુ એશ દયા કરી દેવા,
કૃષ્ણ સમર્થ ભજે જન ભાવથિ પુન્ય પ્રતાપ તણું ફળ લેવ:
શક્તિની ભક્તિ ભલી ગણિને, ભજતા દિનરાત વળી મહાદેવા, ૨
પૃથ્વિ પરીક્રમણા સમ પુન્ય, પમાય કરે પિતુ માતની સેવા.૨

ત્રોટક.

લઇ લેખ ખુસી થઇને કરમાં,[1]ગણુનાથ ગયા પિતુના ઘરમાં;
શુભ અત સુવાસિત પુષ્પ ઘણા, બહુ રંગસુ ચંદનમાં ન મણા.૧
ધુપ દીપક આરતિ અતતણી, કરપૂરની જ્યોતિ બની અમણી;
જળ ગંગ પુનીત પવિત્ર અતી, રચના રચી પ્રેમથી ઉંચી પ્રતી[2].૨
સ્તુતિ પાઠ સમર્પણ સ્તોત્ર સહી, કરજોડી પ્રણામથી પ્રીત લહી;
નઇવેદ નિવેદન નેહ ધરી, પરીપૂરણ પૂજા પ્રેમે કરી. ૩
વિધ વિધ પ્રકારની સામગરી, સુરનાયક પૂજન ભાવધરી.
રહી જાગિ જહાંવિણ ખામિખરે, ગણપત્તગિરેશની સ્તુતિ કરે. ૪
વરદાય નમું, ત્રિનેત્રાય નમું, વિશુધાય નમુ સુખ થાય નમું
સુરરાય નમું પદમ પાય નમું, કરસ્હાય નમું દુખ જાય નમું. ૫
ભગવાન ભલા ભય ટાળ નમું, વિષભૂષણ ચંદ્ર કપાળ નમું;
અહિની ફણિ ને મણિ માળ નમું, શિશુઉપર થાવ કૃપાળ નમું. ૬
હૃદયે જન રંજન દેવ નમું, ભવભીતિ વિભંજન દેવ નમું.
અરિ ગર્વ જગં જન દેવ નમું, મલયાગર મંજન દેવ નમું. ૭
તવ શીશ વહે શુભગંગ નમું, હણિકામ કર્યો હિન અંગ નમું.
હર દૈત્ય હણ્યા કરી જંગ નમું, સુર રક્ષક રાજિત રંગ નમું. ૮

---

૧ પૃથ્વી. ૨ ફરી. ૧ ગણપતી. ૨. પંક્તિ.

સુતની સ્તુતિ લક્ષ ધરો શિવજી, ભવના ભવરક્ષ કરો શિવજી.
પુનિ પાપ પ્રત્યક્ષ હરો શિવજી, મમ વ્હાર પરે વિચરો શિવજી. ૯
યુગચાર ચરાચર નામ ખરે, ભજતાં ભયરૂપ ભવાબ્ધી તરે.
વળિ નેક નિરંજન નામ ખરે, શુભ નામ કહાન નહીં વિસરે. ૧૦

સુખ ભોગવો શ્યામા ને સ્વામી, ચિત્રલેખા
કહે શિર નામી. એ રાગ.

કર્યું પુજન પૂરણ પ્રીતે, ભલો ભક્ત થઇ ભલી રીતે.
કરજોડી સ્તુતિ કરી સારી, સ્તુતી સ્તોત્ર સ્નેહેથી ઉચારી. ૧
ઉઠી ઉભા થયા ગણનાથ[1], વ્હાલે વિનયે જોડ્યા બેઉ હાથ,
શિવ પાર્વતી સાથ બિરાજે, કાંન્તિ[2] કૈલાસની અતી છાજે ૨
શ્વેત[3] ચંદન શોભે અતીશે, રક્તચંદન[4] રંગીન દીસે.
ત્રીજું સૌભાગ્ય[5] ચંદન સારૂં, પુષ્પ ધુપ દીપ જળ ચારૂ. ૩
આરતી નેક નૈવેદ્ય ધરિયાં, સ્નેહે સાષ્ટાંગ દંડવત કરિયાં;
સ્તુતી કીધી જોડી બે પાણ, એક જીવ્હા કરે શું વખાણ. ૪
ઉઠી ઉભા થયા ગજવક્ર, શંભુ સેવા કરે રાય શક્ર,
પૂરી એક પ્રદક્ષિણા કીધી, કર આચમન અંજલી લીધી. ૫
પછી વાત વિવેકે વિચારી, બેઠાં ઉમિયા ને ત્રિપુરારી;
આવ્યો ઉમદા વખત અતીઆજે, શિવ પાર્વતી સાથે બિરાજે. ૬
કીધી એક પ્રદક્ષિણા જેમ, પૂરી સાત કરી લઉં તેમ.
તાત સાતગણું પુન્ય આપે, પ્રીય પુત્ર ગણી ભય કાપે. ૭
ઉઠ્યા બીજી પ્રદક્ષિણા કરવા, લાગ્યા ભાવથી ફેરા ફરવા.
એમ કીધી પ્રદક્ષિણા સાત, સાથે બેઠાં હતાં માતતાત. ૮
હોય શિવજી સમાધી માંહી, ત્યારે જે કાંઇ બનતું ત્યાંહી.
સતી એક ન બોલે બોલ, સેજે રાખે તનનો તોલ. ૯
કાન આવતો એક અવાજ, સમાધીથી જાગે શિવરાજ.
માટે આગ્યા સતીને એવી, એક શબ્દ ન બોલે તેવી. ૧૦

૧. ગણપતી. ૨. શોભા. ૩ અબીલ. ૪. કંકુ ૫ સિંદૂર.

દીઠા ગણુપતને વળી આવ્યા, સતીને મન તે નવ ભાવ્યા;
સુત આજ્ઞા ગયો શું ચૂકી, આવ્યો કેમ અધુરૂં મૂકી. ૧૧
કેમ હોડ મૂકી છે અધૂરી, થઇ મનમાં વિમાસણુ પૂરી;
પૂજા કીધી અતી દઇ ધ્યાન, માત તાતને દઇ સન્માન. ૧૨
પછી કીધી પ્રદિક્ષણા જ્યારે, પાર્વતી મન સમજ્યાં ત્યારે;
પુત્ર મારો અતી સુખવંત, કીધું પૂજન થઇને નિચંત. ૧૩
પ્રદક્ષણા કીધી સાત પૂરી, વિધી સાથ ન લેશ અધૂરી;
એણે [1]ખોળ્યો છે કોક ઉપાય, એમ નિશ્ચય મનને થાય. ૧૪
હવે જોઉં આગળ શું થાય, એમ ધારી જુવે સતી માય;
બોલ બોલે નહીં મુખ એકે, મુનિવ્રત[2] લઇ બોલે ન ટેકે. ૧૫
જાણે ગણુપત આજ્ઞા તાત, તેણે બોલાવ્યાં નહીં ગાત;
કીધું પૂરણુ પૂજન સાર, પ્રદક્ષિણા કીધી સાતવાર. ૧૬
લેખમાંહી લખ્યું હતું જેમ, વિધી સાથે પૂરણુ કર્યું તેમ;
કોઇ ખામી ન રાખી લેશ, કીધો વિનય વળી તે વિશેષ. ૧૭
કરી પૂર્ણ પ્રદક્ષિણા સાત, બેઠાં જ્યાં નિજ માત ને તાત;
સ્નેહથી સ્તુતી પાઠ ઉચ્ચારે, કેમ થાશે તે મનમાં વિચારે. ૧૮
પિતુ માતની સેવા કીધી, ઉરથી આશીશ [3]વ્હોરી લીધી;
પાછા બેઠા આસન દ્રઢ વાળી, તાત ચરણમાં નેહે નિહાળી. ૧૯
કર જોડી ચિત્તે દ્રઢ રાખી, તાત કૃપયાતણો અભીલાખી;
પુત્ર બેઠા તહાં દ્રઢ જ્યાંહી, શિવ હુતા સમાધી માંહી. ૨૦
પાર્વતી મન એમ વિચારે, પતિ મૂકિ સમાધિ ક્યારે;
પૂછે પુત્રને વિગતે વાત, હોડ છોડી કરી આખ્યાત. ૨૧
એમ મનમાં વ્હાલે વિચારે, શિવજી સ્નેહે સમાધી ઉતારે;
એમ કરતાં થઇ કંઇ વાર, ચક્ષુ ઉઘાડ્યાં શ્રી જટાધાર. ૨૨
બેઠા ગણુપત સ્તોત્ર ઉચ્ચારે, શિવજી જાગ્યા સમાધીથી જ્યારે;
શિવજી મનમાં વિચારે એમ, પ્રદક્ષિણા પૂરી કરી કેમ. ૨૩
સુત આવ્યો વળી ઝટ આંહી, પૂછું કારણુ બનિયું કાંઈ;

---

૧ શોધ્યો. ૨ અબોલા. ૩ માગી.

પ્રકરણ ૫ મું.

ઇંદ્રવજ્રા.

તું કેમ આવ્યો સુત આજ આમ, મૂકી અધુરૂં શિર લીધ કામ;
કહે બન્યું કારણ કાંઇ એવું, આવ્યો તજીને તુજ હોડ તેવું. ૧
શું આજ સારો નહીં યોગ ભાસ્યો, કો કારણે તું મનમાંહીં ત્રાસ્યો;
કે મૂષકે દીધ સલાહ એવી, તારા થકી જીત ન થાય તેવી. ૨
શું મિત્રકે કોય ગણે ભમાવ્યો, શું બીકથી તું વળી આંહિ આવ્યો;
છોડી કહે તેં કયમ તુજ [1]હામ, બેઠો કરીને મન શાંત આમ! ૩
પોતે કરી હોડ કબૂલ જાવા, હોંસે થકી ભાઇ વળી જીતાવા;
આવ્યો પરીપૂર્ણ કર્યા વિના તું, હારે ભલી હિમ્મત કેમ આ તું?૪
શું બીક લાગી અરિની અતિશે! કે ભૂત કેરો ભય મન વિષે!
પહાડ કે સાગર કે સરિતા, નાળાં ગુફા ઝાડી સ્મશાન ચિત્તા. ૫
હિંસારિ પ્રાણિ ડર ઉપજાવે, પંખી ઘણાં નિર્દય થઇ ડરાવે;
ઝેરી વસે જીવ ઘણી જગાએ, શું તેનાં બીકે નહીં મન થાયે. ૬
કે તાપ કેરૂં દુઃખ તું સહે ના, સુપીક તાપે દ્રઢતા ગ્રહેના!
[2]લૂની અતી બીક તનેજ લાગી, શે કારણે તેં તુજ હોડ ત્યાગી; ૭
[3]વૃષાતણી કે અતી ટાઢ કેરી, શું હીમ કે કાદવ કીચ કેરી,
એવો તને શો ભય ભાઇ લાગ્યો, ધાર્યો મને કેમ વિચાર ત્યાગ્યો.૮
તું રોજ કૈલાસ મહીં ફરે છે, વ્હાલે અકેલો વન વીચરે છે;
સંહારવા સૌ અરિને અકેલો, આજે બન્યો છે કયમ આમ ઢીલો. ૯
જે કારણે તેં તજી હોડ તારી, આ તારી શક્તિ કયમ તે વિસારી;
જોને કદી આશ્રય કાંઇ માગે, જા ઝટ્ટ પાછો કયમ [4]દેર લાગે.૧૦
જો આવશે કાર્તિકજી વહેલો, તો પરણશે તે તુજથી પહેલો,

---

૧ હિંમત. ૨ ગરમપવન. ૩ વર્ષાદ. ૪ વિલંબ.

માટે કરે ના કંઇ દેર હાવે, જીતો કરેલી સરતો સુભાવે. ૧૧
શું કારણે તેં કીધ આમ આજે, તારા સરીખા સુતને ન છાજે.
છોડી ખરી તે ફરી હામ લીજે, જો કારણું તે ઝટ બોલી દીજે. ૧૨

શિખરિણી.

પિતુ પ્રીતીપાત્ર તનુજ તમ આજ્ઞાંકિત અરે,
યદી હોડો હાલ્યા, રવિ ગૃહ ૫રે તોય ન ફરે;
ત્રિલોકોનાં નાથ ત્રિભુવન પતી તાપ હરતા,
શિશૂ તેના સામે કુણ નિવડશે કષ્ટ કરતા. ૧
ન માનું યોગોને રવિગૃહ વળી શું કરિ શકે?
વસું કૈલાસે ત્યાં નહીં અશુભ કો કારણ ટકે?
નહીં સલ્લા આપે મુષક નબળી સેજ સરતે.
હજારો હોડોમાં મુજ મત અનૂસાર[1] વરતે. ૨
નહિં મિત્રો મારા ગણ સરતમાં હિમ્મત તજે;
ભમાવે ભોળાને મુજ જય થવા ભાવથિ ભજે.
હરીફોની હારે હરગિજ ન હું હામ વિસરૂં,
સમા[2]રંભી સ્નેહે ધતી વિજય વાંછિત ઝટ કરૂં. ૩
પિતા માતાકેરી સનમુખ રહી સેજ ઉચરૂં.
હરાવી હોંસેથી, હરિફ પળમાં હાજર કરૂં.
યદી આરંભ્યું તે અધવચ તજૂં નિર્લજ થઇ,
લજાવું માતાને કુખ[3] નવ મહીના ધરિ રહી. ૪
ન શત્રુની બીતી[4] ભુત ભય ન રાખું મન જરી,
થયો છું હું મોટો પર્વત નદી જંગલ ફરી;
સ્મશાને શી બીતી[4] મુજ પિતુ રહે રોજ રમવા!
ચિતા ભસ્મ[5] ચોળી તનુજ કયમ શીખે ન ખમવા? ૫
કહો આ કૈલાસે કઇ કઇ વસે હિંસક પશુ,

---

૧ મુજબ. ૨ આરંભ કરીને. ૩ કોખ. ૪ બીક. ૫ રાખ.

વિદારૂં વિહંગો હર તમ કૃપાથી દુખ કશું?
ન ઝેરી જંતૂનો ઉર લઉંજ અંદેશ અવળો,
કદી ભારી કારી સમયપર તે થાય સવળો. ૬

શિયાળો ઉનાળો રૂતુ રૂતુતણી જૂદિ જુગતી,
વૃષાકાળે વ્હાલે પરજન[૧]તણી યોગ યુગતી;
સદા લૂની લ્હેરો શિતળ થઇ શાંતીથી ગમતી.
કદાપી કો કાળે દુરઘટ થઇ નાહિં દમતી. ૭

ફરૂં હું કૈલાસે ડર ગરજ કોની નવ જરી.
નહીં ભીતી કોની અગણિત કદી આવત ખરી;
શિશૂ શંભૂ સામે ધિરજ લડવા કોણુ ધરતા,
જટધારી કેરા જશ સુણિ સુણી જાય ડરતા. ૮

પિતાજી આજ્ઞાથી શરત કરી જે બાંધવ બને.
વસી આ કૈલાસે ગમન નદી કે સાગર વને.
નહીં શક્તિ કોની પિતુ તમ કૃપાથી કનડતા,
ધરા ધૈર્યં ધારૂં કરથકી શકે નાહિં પડવા. ૯

પિતા માતા આજ્ઞા સકળ શિર સાટે સમજવી,
કદી કોટી વિઘ્નો અઘવચ નહિં ધૈર્ય તજવી,
પિતાની પ્રીતીથી સકળ સુખ સંસાર સઘળે.
ન દુઃખો દેખાશે, સરલ સુખ શાંતી પલ પળ. ૧૦

પિતાની આજ્ઞાથી, સરત કરી સ્હેજે વિચરિયો,
પલાણી પ્રીતેથી, સુષક ચડિ પંથે નિસરિયો;
ગયો ભ્રાતા વ્હેલો, વિહગ અતિ ઉડે ગગનથી,
અતી હોંસે થાવા, અવલ નિજ યાત્રા મગનથી. ૧૧

પિતા માતા મેંતો, અનુગ્રહ થકી એક ક્ષણમાં,
પરીક્રમણા પ્રીતે, કરી નવ રખો રાન રણમાં;

---

૧ વર્ષાદ.

કરી પૂરી સાતે, પૃથવિ પ્રદક્ષીણા વિણશ્રમે,
અહો તાતા માતઃ, વિજય કરી આવી શિશુ નમે. ૧૨

દોહરા.

એક તણી આજ્ઞા હતી, પૂરણ કીધી સાત;
આપ વચન પાળો હવે, કરૂં નમીને વાત. ૧
વદે શંભુ તે સાંભળી, એવું કેમ મનાય;
કરતાં પૃથ્વિ પ્રદક્ષિણા, મુદત બહુ વહી જાય. ૨
કાર્તિક કાલે આવશે, પૂર્ણ કરીને કામ;
વિગત વાત કરશે બધી, સાચી તેહ તમામ. ૩
શરીર જાડું તાહરૂં, મૂશકનો શો ભાર;
અકળાવ્યો એણે તને, હાર્યો વાર હજાર. ૪
ગણપતિ–તાત કદી જૂઠું નહીં, [1]શિશુ વદે તમ સોય;
સાત વારનું પુન્ય તો, મેં લીધું છે તોય. ૫
એક ઉભય ત્રણ ચાર નવ, કરી પ્રદક્ષિણા સાત;
અસત્ય હું ઉચરૂં નહીં, સત્ય સૂર્ય સાક્ષાત. ૬
[2]વિસ્મય થઇ શંકર વદે, કાર્તિક મળિયો ક્યાંય;
ગણપત તું જ ગયો નથી, વાત કરે શું આંય. ૭
ગણપતિ–એક કામ બળથી બને, કળથી તેજ કરાય;
જર જોખમ ઓછો અને પરીપૂર્ણ ઝટ થાય. ૮
ભટકી ભટકીને મરે, આપો જો ભવ એક,
પૂર્ણ પર્યટન[3] થાય નવ, થાકી જાતો છેક. ૯
મેં લીધું છે માનથી, પ્રીતી ભાવે પુન્ય;
સાત પ્રદક્ષિણા તણું, નથી કાંઈ પણ ન્યૂન. ૧૦
મહાદેવ–ઘર બેઠે નવ સાંપડે, પુન્ય પવિત્ર અતીજ;
ગયો નથી ઘર બ્હાર તું, ખોશે નિજ પતીજ. ૧૧

---

૧ બાળક. ૨ અજાયબ ૩ પ્રદક્ષિણા.

ગણુપતિ–સાત વાર પૃથ્વિ ફરી, જીત્યો હોંસે હોડ;
અસલ વાત વદુ નહીં, વિણુ ખાંપણુ કે ખોડ. ૧૨
કહે તાત કર વાત તું, કીધો શો ઉપાય;
પૃથ્વી પ્રદક્ષણા તણું, બેઠે પુન્ય પમાય. ૧૩
ગણુપત ગુણુનિધિ ઓચરે, શંભુ તાત સુજાણુ;
હું જાણું સંસારમાં, આપ વચન પરમાણુ. ૧૪
આપ લખ્યું ખોટું કરો, જૂઠો હુય જરૂર;
પાળો અક્ષર આપના, ભલું વધારો નૂર. ૧૫

મહાદેવ–લખેલ જો મારૂં હશે, જોઇ દઉં જવાબ;
કહે વાત સાચી વદે, કે દીઠું છે ખ્વાબ.[1] ૧૬
લેખ લઈ કીધો રજૂ, પિતા ચરણુની પાસ;
વાંચીને વિસ્મય થયા, ઉર આવ્યો વિશ્વાસ. ૧૭
ધન્ય ધન્ય ગણુપત તને બુદ્ધિવાન બલવંત;
સરસ સરત જીત્યો ખરો, બેઠો થઇ નિશ્ચિંત. ૧૮
લેખ ખરો એ લક્ષધા, નહીં ફેર કે ફાર;
ભળશે ભાગવતે હવે, જયમ જાણે સંસાર. ૧૯
પૃથ્વિ પ્રદક્ષણા તણું, પામ્યો પુન્ય પવિત્ર;
ચતુરાઇ તારી ખરી, ખેલ્યો[2] ખૂબ વિચિત્ર. ૨૦
માત તાત શુભ સેવના, કરે સુબુદ્ધી બાળ;
પૃથ્વી પ્રદક્ષણા તણું, પામે ફળ તતકાળ. ૨૧
એહ વચન જૂઠાં નથી, સાચાં છે સાક્ષાત;
બ્રહ્મા વિષ્ણુ માનતા, સિદ્ધ જગત વિખ્યાત. ૨૨
સરત જીતિયો સો વસા, હાર્યો કાર્તક હોડ;
જીત્યો ગણુપત ગુણુનિધી છે સાબાશ કરોડ. ૨૩
પરણાવું પ્રીતે તને, કોડેથી કન્યાય,

1 સ્વપ્નું. 2 રમ્યો.

વચન માહરાં પાળશું, કદી વ્યર્થ નવ થાય. ૨૪
ગણપતને પરણાવિયા, રિદ્ધ સિદ્ધ બે નાર;
કાર્તિક હાર્યે હેડને, તાતી થઇ તકરાર. ૨૫
એહ કથા મોટી ઘણી, આંહી નથી જરૂર,
માત પિતાની સેવનું, અત્ર બતાવ્યું પૂર. ૨૬
માત તાત સેવા કરે, સદાય સુખિયો થાય;
વ્યાધી કો પીડે નહીં, પાપો સર્વ પલાય. ૨૭
માત તાત સેવા કરે, પામે પુન્ય પ્રતાપ;
પૃથ્વી પ્રદક્ષણા તણું, પામે ફળ સાક્ષાત. ૨૮
એહ કથા એટલે રહી, સુણો વણિકની વાત,
વાત સાંભળી પુત્રની, ઝાંખો પડિયો તાત. ૨૯
માત તાતની સેવનો, વાંચે જે મહિમાય;
દૂર દુષ્ટતા થાય ને, રીઝે શ્રી જગરાય. ૩૦
વિગતે સુણતાં વાતને, મોટો મતલબચંદ;
ભૂલ સ્વિકારી આપની, કીધેલો જે ફંદ. ૩૧
શિખામણ સુણી સામટી, વાધ્યો ઉર ઉમંગ;
તાતતણે ચરણે નમ્યો, રાખ્યો પુત્રે રંગ. ૩૨

ચોપાઈ.

પુત્રે કીધી પૂરી વાત, મતલબચંદ થયો સુણિ મ્હાત;
ભૂલ્યાને મારગ જ્યમ જડે, અંધો ભીંતે જઇ આખડે. ૧
અક્કલ પામે જ્યમ મતિમંદ, વાત સુણી ને મતલબચંદ;
ગળિયલ રંગે ગુઢી બાત, રહેરે રંગ કર્યો સાક્ષાત. ૨
[1]તિમિરમાંહિ દીપક ઉજાસ, હ્રદયકમળમાં થયો પ્રકાશ;
ભવિષ્ય કેરૂં વળિયું ભાન, આંખ ઉઘડી આવી સાન. ૩
પસ્તાવા લાગ્યો મન સાથ, ઉભો જોડી બેઉ હાથ;

---

૧ અંધારૂં.

માત તાત સેવા મહિમાય, અવર ન તેની તુલ્ય ગણાય. ૪
તાતતણે જઇ લાગ્યો પાય, પિતા પુત્રને કરો ક્ષમાય;
હું અપરાધી અધિક અબૂઝ, એય વાતની નવ રહિ સૂઝ.[1] ૫
ધનમદમાં ભૂલ્યો નિજ ધર્મ, મૂઢમતી નવ સમજ્યો મર્મ;
વેઠાવ્યાં સંકટ સુખ સાટ, દુઃખ દઇને વાળ્યો દાટ. ૬
લક્ષ્મીમાંહિ થયો લેલૂટ, અનર્થ મેં તો કર્યો અખૂટ;[2]
લક્ષ્મીથી બનિયો લાચાર, આગળતો નવ કર્યો વિચાર. ૭
લોભાયો લક્ષ્મીને સંગ, બહુ પુન્યનો કીધો ભંગ;
લક્ષ્મી લાલચથી થઇ અંધ, શુભ મારગ ભૂલ્યો મતિમંદ. ૮
તમ પેટે હું પડ્યો કુપુત્ર, પટેલનું લજવ્યું ઘરસૂત્ર;
પુત્ર કુપુત્ર કદી જો થાય, પિતા નીવડે ના કુપિતાય. ૯
બનવાનું તે બનિયું સર્વ, ગયો ઉતરી મનનો ગર્વ;
તાત હૃદયનો ટાળી રોશ, ક્ષમા કરો મુજ સઘળા દોશ. ૧૦
અંધ વળે ભીંતે પછાડાઈ, મૂરખ વળતો ઠોકર ખાઇ;
વાળ્યો વળતો શુભ મતિમાન, હારીને વળતો હેવાન. ૧૧
અક્કલ આચ્છાદન[3] થઇ એમ, ચંદ્રબિંબ રાહુથી જેમ;
વધાં બહારે જઇને ચર્ણ, આવ્યો તાત તમારી શર્ણ. ૧૨
મેં અપરાધો કીધા ઘણા, દુખ દેવે રાખી નવ મણા,[4]
બહુ દીકરે દીધી બુદ્ધ, હવે મને આવી શુભ શુદ્ધ. ૧૩
કરીશ સેવા હું અહનીશ, પૂજું જેમ ખરા જગદીશ;
નારીને કહું છું જઇ નેક, કર સેવા સહ અધિક વિવેક. ૧૪
રાત્ર દિવસ ને સાંજ સવાર, સેવામાં ઉભે તૈયાર;
નારીનો થોડો વિશ્વાસ, પ્રીતે હું હાજર રહું ખાસ. ૧૫
હુકમ ઉઠાવીશ દઇને દોટ, કો વાતે નવ રાખું ખોટ;

---

૧ ખબર. ૨ અતી ઘણો. ૩ ઢંકાઇ ગઇ ૪ ઉણ.

દોહરા.

વેગેથી વાળંદને, તેડચો મતલબચંદ;
પિતા પરે પ્રીતી વધી, તજીયા સઘળા ફંદ. ૧
તરત તહાં ઉતરાવિયા, નેહે નખ ને કેશ,*
મેલ સમાયો સામટો, વપુએ વળી વિશેષ. ૨
કરાવિયું ઉષ્ણોદકે, સ્નેહ ધરીને સ્નાન,
સાફ શરીર થયું અને, વધ્યું વિશેષે વાન. ૩
ધોયલ વસ્ત્ર ધરાવિયાં, ખુશી થઇને ખૂબ;
શોભણુ વૃદ્ધ થયો હવે, પટેલ આબેહૂબ. ૪
રસોઇ રુડી રીતની, ભોજનિયાં બલિભાત;
તાત જમાડ્યો જુગતિયે, ખરી વધારી ખ્યાત. ૫
સાથે રાખ્યો સ્નેહથી, પોઢચા કાજ પલંગ;
ઘડપણ સગ ધરણાં દઇ, રાખ્યો રૂડો રંગ. ૬
કાષ્ટ પાત્રને કોડથી, ભાગ્યાં કરી ભલાઇ;
આપ્યાં ચાંદીપાત્ર ત્યાં, સારી કીધ સવાઇ. ૭
નારીને નેહે કહે, મતલબચંદ મહાન;
તાતતણી સેવા કરો, રાખી રૂડું ધ્યાન. ૮
સંતાપ્યા છે સામટા, દઇ તાતને દુઃખ;
સાટું[1] વાળો સો ગણું, સંપૂર્ણ દઇ સુખ. ૯
પતી પત્નીએ પ્રીતથી, સ્નેહે માંડી સેવ;
આગળના દિન આળસ્યા, ભૂલા સર્વ કૂટેવ. ૧૦
પ્રથમ જમાડે તાતને, ચાંદી ઠામ ચતુર;
સાકર પય ઘી સામટાં, ઘડપણ યોગ્ય જરૂર. ૧૧
ખુશી કરે નિત તાતને, આનંદે અભિરામ;
સતયુગ વ્યાપ્યો સ્નેહથી, કલહ[2] તણું નહીં નામ. ૧૨

---

* વાળ. ૧ બદલો. ૨ કલેશ.

મતલબચંદ મને ધરે, પુત્ર પરે બહુ પ્રીત;
પૂત સપૂત પ્રમાણુતો, વાધી કુળ પરતીત. ૧૩
એમ કરંતાં વહિ ગયા, દિવસ માસ ને વર્ષ;
વસે સહુ સંતોષથી, અહનિશ સહુ મન હર્ષ. ૧૪
દાદાને દોરી જતો, પોત્રો થઇ પ્રસન્ન;
કરાવતો કોડે કરી, રોજ દેવ દરસન. ૧૫
દુખના દિવસ વિસારિયા, સુખમાં અહનિશ જાય;
થોભણશા રાજી થઇ, મનમાં બહુ મલકાય. ૧૬
નાત જાતમાં નેહથી, વાધ્યો જશ વિધ વિધ;
તાતતણી શુભ સેવથી, મળી નેહ નવનિધ. ૧૭
દુખના દિવસો દોહલા, જાણે નહિં ભુલાય;
સુખ મળતાં પણ સ્હેજમાં, વેગેથી વિસરાય. ૧૮
થોભણશા ભુલી ગયા, દુખના દિવસો એમ;
નિદ્રાવસ્થા સ્વપ્ન તે, જૂઠ પ્રભાતે જેમ. ૧૯
પુત્ર વધૂનાં પ્રીતથી, થોભણ કરે વખાણ;
પોત્રાપર પ્રીતી ઘણી, ગણે ત્રણે સુખ ખાણ. ૨૦
સુખ ભોગવતાં સામટાં, વર્ષો થયાં વિતીત;
દિવસ દિવસ વધતી ગઇ પુત્ર પૌત્ર વધુ પ્રીત. ૨૧
આજ્ઞાંકિત થઇને રહ્યા, કરે વૃદ્ધની સેવ;
એમ કરે ઇશ્વર મળે, જાણે અવશ્ય[૩] મેવ. ૨૨
પુન્ય દાન પણ પ્રીતથી, કરતો વૃદ્ધ વિશેષ;
સુખ દેખે સ્થળ સર્વમાં, દુઃખ ન દેખે લેશ. ૨૩
વર્ષ ઘણેરાં વહિ ગયાં, ભોગવતાં સુખચેન;
ધર્મ દાન કીર્તન કરે, વૃદ્ધ દિવસ ને રેન[૪]. ૨૪
પટેલાઇમાં પ્રેમથી, કરતા રૂડાં કામ;

૩. જરૂર. ૪ રાત્ર.

નાત નગરમાં નેહથી, નીકળિયું શુભ નામ. ૨૫
નારી મતલબચંદની, શ્રદ્ધાળુ[૫] શુભ બાઈ;
સસરાની સેવા કરે, હૈયે મસ હરખાઈ. ૨૬
કદી કોયના મન વિષે, નહીં રોગ કે રોષ;
દિન દિન અધિકાનંદને, પળ પણ નહીં અફસોસ. ૨૭
સુખના દિવસો સાંપડ્યા, ભૂલ્યો દુખ વેઠેલ;
વૃદ્ધ પ્રભૂ ભજતો ભલા, સુખની વાધી વેલ. ૨૮
વધ્યો સંપ કુટુંબમાં, સંપ તહાં સહુ સુખ;
અહોનિશ થોભણશા સુખી, જરા નહીં દિલ દુખ. ૨૯
થોભણશા રાજી થતા, હમેશ વાર હજાર;
પુત્ર વધૂ પોત્રો ધરે, વડીલ આજ્ઞા સાર. ૩૦
પોત્રા સાથે પ્રીતથી, જાતો સાંજ સવાર;
ગુરૂજન આવ્યા ગામમાં, સાંભળિયા નિરધાર. ૩૧
પુત્ર વધૂ પોત્રા સહિત, આદર સહિત પળાય;[૬]
વેગે ગુરૂપદ વંદવા, થોભણશા ત્યાં જાય. ૩૨

"એક લેખણ કાને ખોશીરે"—એ રાગ.

જાણી ગુરૂજન ગામમાં આવ્યા રે,
થોભણશા ઉર આનંદ પામ્યા રે;
સાથે પુત્રવધુ પૌત્ર લીધ રે,
દર્શણ જાવાનુ ×પરિયાણ કીધ રે. ૧
લઇ સર્વ સામગ્રી સારી રે,
પ્રીતે પૂજાની વાત વિચારી રે;
જહાં ઉતરીયા ગુરૂરાય રે,
પાય પૂજે કૃતાર્થ થવાય રે. ૨
સ્નેહેથી સહુ સાથ સંચરીયા રે,

૫ શ્રધાવાન. ૬ જાય. × તૈયારી.

ગુરૂજી પાસ પ્રેમે પરવર્યા રે;
પાય વંદી પ્રણામ કરીને રે,
બેઠાં હોંસેથી ઠીક ઠરીને રે. ૩
કીધી પૂજા અતી ભાવ આણી રે,
પાપ ધોવાનો મારગ જાણી રે;
ભલા ભાવથી પૂજા કીધી રે,
ગુરૂ એ શુભ આશીશ દીધી રે. ૪
લળી લળી થોભણ લાગે પાય રે,
ગદગદ કંઠે કૃતાર્થજ થાય રે;
વૃદ્ધપણુમાં સ્વામી આપ મળિયા રે,
મારા પાપનાં પૂંજો બળિયા રે. ૫
આવો શ્રેષ્ટ સમય આવ્યો ધારી રે,
પ્રશ્ન પૂછવા વાત વિચારી રે;
જોઇ ગુરૂજી થતા રળિયાત રે,
વૃદ્ધે પાડી પટોળે ભાત રે. ૬
બોલ્યો થોભણશા શીશ નામીરે,
દયાવંત દીસો છો સ્વામી રે;
પૂછું પ્રશ્ન જો આજ્ઞા હોય રે,
ટાળો મનનો સંશય સોય રે. ૭
ગુરૂ બોલ્યા સુણી દીન વાણુ રે,
પ્રશ્ન પૂછો વણીક સુજાણુ રે;
તારા મનની શંકા જાવા રે,
ટાળીશ રૂડી શાંતી થાવા રે. ૮
પ્રશ્ન પૂછો તમે જે કોય રે,
ઉત્તર આપશું યોગ્યતા જોઇ રે;
મને પૂછવા શું તમે માગો રે,

શંકા મનડાં કેરી ભાગો રે. ૯
નહીં સંકોચ મનમાં રાખો રે,
ખરો પ્રશ્ન સુખેથી ભાખો રે;
અગમ[1] નિગમનો ઉત્તર મળશે રે,
શંશય તારા મનનો ટળશે રે. ૧૦
અમે ફરીએ ગામેગામ રે,
ચાતુર[2] માસ રહી એક ઠામ રે;
પૂછે સેવક આવી જેહ રે,
સ્પષ્ટ સર્વે કરી કહું તેહ રે. ૧૧
માટે પૂછો શંકા જે હોય રે,
આપું ઉત્તર વિચારી સોય રે;
શંશય મનના સર્વે ટાળો રે,
ધર્મ નજરથી પાપને ખાળો રે. ૧૨

દોહરા.

જનમી જાત વણીકમાં, પ્હેલો થયો પટેલ;
કામ કર્યાં મોટાં કંઇ, કરવાં જે મુસ્કેલ. ૧
વિશેષ વેપારે વળી, કીધી ખૂબ કમાઇ;
ખાતેલો ખરચ્યું નહીં, ખરે શક્યો નહીં ખાઇ. ૨
પરણેલો પોતે હતો, પામ્યો એકજ પુત્ર;
રાજી હ્રદયે હું થયો. શોભ્યું મુજ ઘરસુત્ર. ૩
પરણાવી તે પુત્રને, નગરશેઠની બાળ,
કામકાજ સહુ સોંપિયું, મુજ સુતને તતકાળ. ૪
પટેલાઇની પાઘડી, બંધાવી સુત શીશ,
મિલકત સોંપી માનથી, જાણે છે જગદીશ. ૫
કબજે કાંઇ ન રાખિયું, નેહે રહી નિરાળ,[3]

[1] ત્રિકાળ [2] ચોમાસાનાં ચાર મહિના. [3] અળગો.

સુત વધુએ સંતાપિઓ, કર્યો હાલ બેહાલ. ૬
દુઃખ જેટલાં દુનિયા વિશે, વેઠયાં મેંજ વિશેષ,
સુત વધુના સંતાપથી, સુખ રહ્યું નવ લેશ. ૭
પ્રભુએ તોય કૃપા કરી, દીધ પુત્ર ઘર પુત્ર;
વંશ વધાર્યો માહરો, દીપાવ્યું ઘરસુત્ર. ૮
સૂવા મેલો સાથરો, વસ્ત્ર મળે નવ અંગ;
છાશ ખીચડી ખાનમાં, ટાઢી રોટલિ સંગ. ૯
વેઠયાં દુખ વર્ષો ઘણાં, પોત્રો આવ્યો ઘેર,
ઉપાય આદરિ છોડવ્યો, કરી દાદાપર મ્હેર. ૧૦
સુખ સઘળાં પામ્યો હવે, નહીં દુઃખનું નામ;
સ્નેહ સહિત સેવા કરે, સુત વધુ પૌત્ર તમામ ૧૧
ઉર આશંકા એક છે, કારણ હશે કદાચ,
પુત્ર વધૂ વેરી થયાં, સમજાવો જો સાચ. ૧૨
ધન મિલકત પણ માહરાં, પટેલાઇ ઘરબાર;
તોપણ દુઃખ દેવા થયાં, મન તેનાં નિરધાર. ૧૩
દયા ન આણી દિલ વિશે, વહાલની મનમાંય,
સંતોષ્યા સંતાપિને, કારણ હશેજ કાંય. ૧૪
પુત્ર વધૂને સહુ ઇચ્છે, જનગન આ સંસાર,
વિપરિત[૪] સરખી વાત આ, સમજાવો તે સાર. ૧૫
આશંકા એ ઉરતણી, પ્રથમ દઇને દુખ;
પલમાં પાછા પાલટી, હવે ભોગવું સુખ ૧૬

અપવાસ સાતજ મ્હેતે કીધા, ને રીઝયા ઉમયાદેવ.—એ રાગ.

ગુરૂ સુણી સહુ વાતને, ચતુરે મિંચ્યાં ચક્ષ,
નેત્ર ઉઘાડી નેહથી, તે બોલિયાજ પ્રત્યક્ષ ૧

---

૪ ઉલટી.

સંબંધ પૂર્વ જન્મનો. તે મળ્યો આ ભવ માંય;
પૂર્વ જનમના બંધ સર્વે, કોઇથી વ્યર્થ ન થાય. ૨
આગળ ભવમાં જનમિયો તું, વણિક કેરે ઘેર;
લાજ આબરૂ લાખ કેરા, ભાત્ર થકી શુભ પેર. ૩
મતલબચંદ હતો મોટેરો, તે પણ તારો ભ્રાત;
વચોટ તું વખણાતો સારો, સરસ તે સાક્ષાત. ૪
સહુથી ન્હાનો સાંપડચો આ, પૌત્ર તમારો હાલ;
મોટો થયા વિણ મરણ પામ્યો, કરો સુણીને ખ્યાલ. ૫
સુત બેને રાખી ગયો, તુજ તાત પામી મર્ણું;
નિરાધાર નાનેરો બાંધવ, થયો તેને શર્ણું. ૬
દયા તેણે દિલમાં ધરી ને, ધાનત સાચી સાફ;
રળિ રળી દિન રાત સરખો, આનંદે અસરાફ. ૭
પરણાવેલા પ્રીતથી, નિજ તાતે રાખી ટેક,
ભેળા વસતા ભાવથી, નહીં જૂદો થાતો એક. ૮
વડીલ તેને વસવસો, મન પોષવા પરીવાર;
દેશ વિદેશે રખડતો તે, છોડીને ઘરબાર. ૯
મોકલતો ધન મેળવીને, તું ન્હાનેરા પાસ;
સ્વાર્થને કારણ કરે અવળું,[1] એથી ન રાખ્યો ત્રાસ. ૧૦
કઇ વરસ એમ વહી ગયાં, તે આવીયો તુજ ઘેર;
આવી તુજને પૂછીયું, ભાઇ ઘરની શી છે પેર. ૧૧
પરખાવી નહીં પાઇ એકે, જૂદો થઇને જરૂર;
નારી શીખવણીએ સોંપ્યું, બહુ કરજ ભરપૂર. ૧૨
નાતે જાતે વગોવીને, તેં લીધી તેની લાજ,
ધન બઇને દુખ દીધું, આ ભવમાં તે આજ. ૧૩
નાના ભાઇને નેહથી, તેં હઠેયો ધરી પ્યાર;

[1] ઊંધું.

સુકૃત કર્યાંનો મ્હાન બદલો, લીપો છે આવાર. ૧૪
પેલા ભવમાં તે કરેલો, તેને જે સંતાપ;
પુત્ર થઇને લીધ બદલો, આ ભવ આપોઆપ. ૧૫
તેનું ધન સઘળું નહિં ત્યમ, અરધાનો અધિકારી,
તે કારણ સુખ દે હવે છે, ભોગવ સહુ સંસારી. ૧૬
જેષ્ટ બાંધવ તાત સરખો, તેને દીધો છેહ;
આ ભવમાં ત્યમ તાત સેવા, ભૂલી જાતો એહ. ૧૭
માત તાત વિખ્યાત વાણી, પૂજ્યાથી ફળ થાય;
સ્નેહેથી સેવા કરે તો, પાતક સર્વ પળાય. ૧૮
તીરથ યાત્રા કરે ઘણાં, દે માત તાતને દુઃખ,
મિથ્યા જાતાં પુન્ય સઘળાં, લેશ ન પામે સુખ. ૧૯
દાન તપ ને ધ્યાન યોગે, પુન્યથી નવ થાય;
માત તાતની સેવા કરતાં, પાતક[1] દૂર પળાય. ૨૦
પૂર્વ જનમને બંધને, તે વેઠીયાં દુખ આમ;
સિદ્ધ કરી તે માનજે, છે સત્ય તત્વ તમામ. ૨૧
માણુસ કોઇ કરી શકે નવ, બુદ્ધી કર્મનુસાર;
જેની સાથે જેવું બંધન, સુખ દુખનું દેનાર. ૨૨
પ્રભુ ભજે ધરી પ્રીત મન, પિતુ માતની શુભ સેવ;
દીર્ઘાયુષ જશ જગ વિષે, કીર્તિ અખંડ અભેવ. ૨૩
સેવા જે પિતુમાત કેરી, કરશે રાખી હામ;
આધી બ્યાધી ઉપાધી નાશે, પામે સુખ તમામ. ૨૪
ગાશે સાંભળશે વળી, જે શીખશે આ રાસ;
પ્રભુ પ્રસન થઇ કહાન તે પર, પુરશે મન આશ. ૨૫

દોહરા.

વાત સાંભળી વૃદ્ધને, અધિક થયો આનંદ;

---

૧ પાપ.

ગળિયો જ્ઞાનાર્ણવ[1] વિષે, મોબો મતલબચંદ, ૧

નારી મતલબચંદની, સુણી થઇ ચરમાળ;
મોહ ઉતર્યો મનતણો, જૂઠો જગ જંજાળ. ૨

વિસ્મય જેવી વાત એ, પૂરા વિશ્વાવીશ;
મ્હેર કરી મુક્તિ કરો, થોભણ નામે શીશ. ૩

સત્વ ગુણે શોભી રહ્યાં, ત્રણે ભગત તતકાળ;
ગુરૂને વંદી વરણવે, ટાળો જગ જંજાળ. ૪

પ્રીતે પોત્રાને દઇ, મિલકત ને ઘરબાર;
દિક્ષા લીધી થોભણે, સુત વધુ સાથે સાર. ૫

ત્રણે જણાંનો ત્રુટિયો, સંસારે સંબંધ;
દિવ્ય ચક્ષુથી દેખતાં, અધિક હતાં જે અંધ. ૬

દયા કરી દિક્ષા દઈ, મૂકયો શિરપર હાથ,
મુક્ત થયાં સંસારથી, આખર કોય ન સાથ. ૭

પોત્રે દીધાં પ્રીતથી, દયા કરી બહુ દાન;
માત તાત દાદાતણાં, વધવા સ્વર્ગે માન. ૮

અરિહંત ચરણે અહનિશ, રાખે પ્રીતી સર્વ;
તજ્યો મોહ સંસારનો, ઉતરિયો ઉર ગર્વ. ૯

જુગતેથી જાત્રા કરી, કર્યો પૂર્ણ અવતાર;
અરિહત ચરણે પામિયાં, સુખી થયાં નરનાર. ૧૦

ગાશે ગંભીરાઇથી, સાંભળશે દઇ કાન;
પાપ પ્રલય સઘળાં થઇ, પામે રૂડું જ્ઞાન. ૧૧

સંસારી શીખે સદા, નેટ વધારી નેહ;
કોડે પ્હોચે કાનજી, સ્વર્ગે નહિં સંદેહ. ૧૨

ભુજંગી.

પડ્યો પેટ માતાતણે માનકારી,
નવે માસ ભારે મુઇ તે બિચારી;
દઇ જન્મને મુક્ત તે ના થનારી,
પિતા માતની સેવ સંસાર સારી. ૧

---

[1] જ્ઞાનનો સમુદ્ર.

હતો નેષ્ટ નાદાન ને છેક છોટો,
ઉછેરી મહા મ્હેનતે કીધ મોટો;
લઇ લાડી આવ્યો થઇ માત ખારી,
પિતા માતની સેવ સંસાર સારી. ૨
કઇ કષ્ટ વેઠે પિતા માત જાતે,
અવિછિન્ન સંભાળ લે દિન રાતે;
ક્ષણું એક વિસ્રો ન મૂકે વિસારી,
પિતા માતની સેવ સંસાર સારી. ૩
પિતા પેટ પોતાતણું માડ પૂરે,
નભાવે નહિં પુત્ર કેરે અધૂરે;
નહીં રંક ને રાવની વાત ન્યારી,
પિતા માતની સેવ સંસાર સારી. ૪
નહીં તીર્થ કે જાગથી જોગ આવે,
નહીં સ્નાન શુદ્ધી કંઇ લક્ષ લાવે;
યમૂનાં કદી ગંગનાં તીર્થ ગામી,
મહા તીર્થ માતા પિતાને નામામી. ૫
ન મંત્રે ન જંત્રે કરે પુણ્ય પામે,
સમાધી લઇ શાંતિ સાથે વિરામે;
ગુફાગા વસીને રહે ધીર ધામી;
પિતામાત સેવાતણી એક ખામી. ૬
રહે વ્રત્ત એકાદશી રોજ રાખી,
જતી જોગમાં જીંદગી ખોય આખી;
કરે દંડ ધારી સદા થાય સ્વામી;
પિતામાત સેવાતણી મ્હાન-ખામી. ૭
પિતામાતની સેવથી સુખ થાશે,
પિતામાતની સેવથી પાપ જાશે;
પિતૃ સેવથી મ્હાનજી સુખ પામી;
પિતામાત પાદાં પુજે હું નમામી. ૮

સંપૂર્ણ.

શ્રી સંક્ષિપ્ત ભાગવત.

દોહરા.

શંકર સ્વામી વીનવું, ગણપતિ લાગું પાય.
ચરચું ચંદન ભાવથી, શ્રી સારદા ગાય. ૧
બે કર જોડી વીનવું, માગું અવિચળ વાણ;
શ્રી ભાગવત કથા કહું, તે તું જુગતેં જાણ. ૨
વસ્ત્ર વિવીધનાં ઝળ હળે, વીણા પુસ્તક હાથ;
સરસ્વતિમાત કૃપા કરો, વાણી આપો માત. ૩

ચોપાઈ.

રાય મૃગયા રમવા જાય, દીઠા અસુરને મારતા ગાય;
મસ્તક છેદવા ચાલ્યા રાય, કળિયુગ આવી લાગો પાય. ૧
સહોદર નહિં હું કળિયુગરૂપ, મુજને થાનક આપો ભૂપ;
કનક કામની ધુત વહેવાર, તુજને રહેવા થાનક ચાર. ૨
રૂષિ બેઠા છે વનની છાંય, લાગી તાળી આવ્યું ધ્યાન.
રાય પધાર્યાં તેને ઠામ, નહિં આસન નવ દીધાં માન. ૩
ક્રોધ ચડયો મન આણ્યો તાપ, કોટે ઘાલ્યો મુવો સાપ;
પૂત્રે આવી દીઠો બાપ, તરતજ તેણે દીધો શ્રાપ. ૪
જેણે દુભ્યો મારો બાપ, [1]તક્ષક ખાસે આપો આપ.
પછી પૂત્રને કહેછે બાપ, તેં કેમ દીધો રાયને શ્રાપ. ૫
તપ આપણું જાયરે બાળ, વાત કહો નૃપને તતકાળ.
ત્યાંથી બ્રાહ્મણ ચાલ્યો જાય, સભા માંહિ બેઠા જ્યાં રાય.
રાજાજીએ દીઠા [2]રૂખ, લઇ પધરાવ્યા સભા મુખ.
આપ્યાં આસન દીધાં માન, કહો રૂખજી અમસરખાં કામ. ૭
આજ થકીતો દીવસ સાત, તમને ખાસે તક્ષક નાગ.

---

૧. નાગ, ૨ષી.

તોય રાયને ન ચડી રીસ, વચન લઇ ચડાવ્યા શીશ. ૮
અર્ઘપાત્ર લઇ પૂજા કરી, સંતોષી વળાવ્યા હરી.
રાએ વિપ્ર તેડાવ્યા ઘણા. બ્રાહ્મણ તેડયામાં નવમણા. ૯
સર્વેને આપ્યાં સનમાન, આપ્યાં અનને દીધાં દાન.
આપ્યા ઘોડા હસ્તીસાર, મણિ માણકને રત્ન ભંડાર. ૧૦
આપ્યાં ગઢને ગામ અપાર, કુચી સહીત આપ્યા ભંડાર.
જનમેજયને સોંપ્યું રાજ, આ ભવ કેરાં સાર્યાં કાજ, ૧૧
ત્યાંથી રાજા ચાલ્યો જાય, મન માહી આનંદી થાય.
જઇ રહ્યો ગંગાને તીર, ગંગાજીનાં નીર્મળ નીર. ૧૨
આશનવાળી બેઠો × વીર, ધારી મનમાં ધીંગી ધીર.
એક ચિત્તે આરાધે ઇશ, જગતજાળ છોડો જગદીશ. ૧૩
સુકદેવજી પધાર્યા આજ, રાજા કહે મારાં સાર્યાં કાજ.
હરી કથાની કહોને વાત, કૃષ્ણકથા કહોને સાક્ષાત. ૧૪
કરૂ વીનતી જોડી હાથ, તે તો મારો સબળો સાથ.
કૌરવ પાંડવ હુઓ[1] યુદ્ધ, ગોરે કીધા ગોત્રજ વધ. ૧૫
એવી વાત સુણ્યાની આશ. ફરી ન આવે ગરભે વાસ.
ગિરિગોવરધન ધરિને હાથ, બુડતાં રાખ્યાં શ્રી જગનાથ.૧૬
પૂતનાં પયોધર સોસ્યાં કયમ, પક્ષર કેસરી માર્યાં કયમ.
કયમ હરિએ લીધો ગર્ભવાસ, અસુરરાયને કર્યા નિરાશ.૧૭
કયમ ઓચ્છવનો કીધો વાદ, ઇંદ્ર તણા ઊતાર્યા નાદ.
એહ કથા સંભળાવો આજ, ભવોભવતણાં સારો કાજ. ૧૮

દોહરો.

આરે સુકદેવ બોલિયા, સાંભળ પરિક્ષિત રાય,
શ્રીભાગવત કથા કહું, પાતક સર્વે પળાય. ૧
તું સરખો શ્રોતા નહીં, એવો ચતુર સુજાણ;
મન નિશ્ચિતે સાંભળો, હરી કથા પરમાણ. ૨

× બહાદુર ૧ થયો

પૂરણ મને પરીક્ષિતે, કરવા અમૃતપાન,
અષ્ટાદક સૌ પર હર્યાં, ધર્યું હરીથી ધ્યાન. ૩

ચોપાઇ.

પૃથ્વિએ આદરિયો ફ્રંદ, પાપી સાથે કરવા છંદ;
બ્રહ્માએ ત્યાં સ્તુતી કરી, સારંગધરને ચિંતા ખરી. ૧
તમે અવતરો હરિ ગોપ ગોવાળ, દેવોની લેવા સંભાળ;
જોગમાયા પધરાવો આજ, સહુ દેવનાં સાધો કાજ. ૨
આઠમ ચોદશ બાળવિધાન, કામક્ષા દુર્ગાને માન.
દેવકી દેવકનું બાળ, વાસુદેવથી કર્યું [2]વેવીશાળ. ૩
કંસતણા મન મન માંહી કોડ, બેન વળાવવા બંધવ જોડ
આકાશવાણી થઇ આકાશ, કંસ તણે મન પડિયો ત્રાસ.૪

દોહરો.

દેવકિને અવતરશે, આઠમો અવતાર.
કંસ તુજને મારશે, ખૂટયો તારો કાળ. ૧
એ સોનું શું કીજીએ, જેણે ત્રૂટે કાન;
બ્હેન ભાણેજ ન સાંખિયે, જેણે હોય વિજ્ઞાન. ૨
કંસે મન વિચારિયું, બ્હેન બનેવી બેય,
કેદ કરૂં કષ્ટો કરી, બાળક દુઃખ શું દેય? ૩
લોહ જડાજડ બીડિયા, કારાગ્રહ મોઝાર;
કર્મતણાં દુઃખ ભોગવો, કરો તે આપ વિચાર. ૪
વાસુદેવ કંસને પ્રીછવે, સાંભળ મૂરખ વાત;
લખ્યા કયાંએ નવ છુટિયે, કાં કરો અમ ઘાત. ૫
સાતમે અવતરશે, શંકટક્ષણ એક નામ;
ગર્ભાધાને આણશે, રોહેણીને ઠામ. ૬
દૈત્યોને સંહારશે, પાળશે ધર્માધર્મ;
દેવ સહુ સંતોશષે, જેનાં જેવાં કર્મ. ૭

---

૨ લગ્ન.

કંસે તો માન્યું નહીં, બેન બનેવી સાર;
કેદ કરીને મારીયા, સાત સુભગ અવતાર. ૮
હવે આઠમાની સુણો, વાત દઇને ધ્યાન;
પરિક્ષિત પ્રેમે સાંભળે, કોડે આપી કાન. ૯
સાત તનુજ માર્યાં અને, કંસ મને આનંદ;
બ્રહ્મા લલાટ ન ચૂકતા, તોપણ કીધો ફંદ. ૧૦
શ્રાવણ માસે અષ્ટમી, સમય તે અરધી રાત.
જદુપતિ જનમ્યા દેવકી, યાદવ કુળ સાક્ષાત. ૧૧
પ્રભુ અવતર્યા પ્રીતથી, ઇશ્વરનો અવતાર.
શોભા તે શી વરણવું, સહિત સકળ શણગાર. ૧૨
પાએ પદમ શોહામણાં, ઉત્તમ રેખરશાલ,
શ્રીવંલંછન જળહળે, એવા દીન દયાળ ૧૩
કાને કુંડળ રત્ન મય, કંઠે મુક્તા માળ.
શંખ ચક્ર આયુધ ધર્યા, એવા પ્રભૂ કૃપાળ. ૧૪
ઇશ અવતર્યા જાણીને, દેવ સકળ હરખાય.
ગાન તાન ગગને થયાં, નારદ તુંબર વાય. ૧૫
પ્રસુતાની પીડા હરી, પામી પૂત્ર રતન્ન.
જદુપતિ જનમ્યા દેવકી, જાદવ કુળ રતન્ન. ૧૬
બ્રહ્માએ ત્યાં સ્તુતી કરી, ચંદ્ર મને આનંદ,
દેવ સકળ રાજી થઇ, સ્તૂતી કરે ગોવિંદ. ૧૭
દેવકીએ નાહો જગાડિયા, સાંભળો સ્વામી વાત.
આપણનાં દુ:ખ ભાંગવા, અવતરિયા રૂધનાથ. ૧૮
વળતું શ્રી કૃષ્ણ બોલિયા, સાંભળો મારી માત.
પૂર્વે તપ તમે કર્યાં, હું અવતરિયો આજ. ૧૯
જોગમાયાને આણજો, નંદ સુતા અવતાર,
અમને ગોકળ મેલજો, જસોદાને દ્વાર. ૨૦

---

૩ ગોવિંદની

વાસુદેવ મન વિમાસિયું, કેમ થશે નિરધાર,
દીધી ભોગળ ખડખડે, ક્યમ ઉઘડશે દ્વાર. ૨૧
પોળીડા[૪] ધારણ વળ્યા, મસ અંધારી રાત,
ઝરમર વરશે મેહુલા, યમુનાંએ દીધો માર્ગ. ૨૨
શેષ નાગ સાથે થયા, શેષ ફણો શિર લાગ,
ફોરૂં જળ લાગે નહીં, ઉતરિયા રૂઘનાથ. ૨૩
વેગં ગોકુળ આવિયા, નંદ રાયને દ્વાર,
પુત્ર પ્રભૂ પધરાવિયા લીધી કંન્યાસાર. ૨૪
પુત્ર અવતર્યો જાણિને, નંદ રાય હરખાય,
મોતી થાળ વધામણાં, કરે જશોદામાય. ૨૫

ચોપાઇ.

પુત્રી લઇને પાછા ફર્યાં, કારાગૃહમાંહી સંચર્યાં;
અતિ સબ્દ રોયું જે બાળ, જાણુ કંસને થઇ તતકાળ. ૧
પગ ઝાલી પછાડી ખાસ, એટલે કન્યા ગઇ આકાશ,
મુખ વિમાસતો ઉભો કંસ, કમી થયો નવ મનનો ડંસ[૫] ૨
પછાડવા કરિ ઉંચી જેમ, કન્યા ગગને ઊડી તેમ,
આકાશવાણી થઇ આકાશ, કંસ તણે મન પડિયો ત્રાસ. ૩
હુ વિજળી આકાશે રહું, તારો વેરી ગોકુળ કહું
બ્હેન તણે જઇ લાગો પાય, મેં કીધો મ્હોટો અન્યાય. ૪
ઉભો કંસ જોડિ બે હાથ, વિમાસવા લાગ્યો મન સાથ,
બાળ હત્યા મેં કીધી ઘણી, અકલ અછાદન થઇ મુજ તણી ૫
વસુદેવ વદિયા તેણી વાર, તારે મન મ્હોટો અહંકાર,
ડર્યો નહીં કરતાં તું પાપ, હવે કરે શું પશ્ચાતાપ. ૬
મ્હોટો પાપી તું સાક્ષાત, તેં તો બાળક માર્યાં સાત;
ભોગવશો જે કરિયાં કામ, હવે ડર્યાનું કાં લે નામ. ૭
ઇશ તણી ગતિ અતિ અનંત, કરે કેસરી તરણાવંત;[૬]

---

૪ પ્હેરેગીરો. ૫ દ્વેષ. ૬ તૃણ સમાન.

કંસ વિમાસણ કરતો મન, ગયો ઘેર તરફડતું તન. ૮
કંસે કીધા ખોટા વેદ, ગૌ બ્રાહ્મણના ભાંગ્યા ભેદ.
અંધ થઇને માર્યાં બાળ, તેનાં ફળ ભોગવ તતકાળ. ૯

દોહરો.

તરિયાં તોરણ બાંધિયાં, નંદ રાયને દ્વાર,
ગોકુળમાં ઓચ્છવ થયો, હરખ્યાં સૌ નરનાર. ૧
નંદ રાયના ઘર વિષે, અતિશય આનંદ થાય;
ગાય સહિત ગોવાળિયા, શ્રૃંગી મૌવર વાય, ૨
ગોપી આવે મલપતી, લઇ શિર સોના હેલ.
દહીં દુધનાં છાંટણાં, મહિની વાળી રેલ. ૩

ચોપાઇ.

મથુરાં નગરીથી નેટ, કંસ રાયની કરવા ભેટ.
ચાલ્યા સઘળા સાથે મળી, સઘળાં મનમાં રાજી વળી. ૧
વાસુદેવજી નંદને મલ્યા, નેણ થકીતો નીરજ ઢલ્યાં.
કુશળતા તણી પૂછી વાત, કંસે માંડયો છે ઉતપાત. ૨
સહુ પોતાને સ્થાનક ગયાં, મન માંહી આનંદીથયાં.
કંસ તણે મન ક્રોધ ન માય, કરે બાળ હણવા ઉપાય. ૩
મનમાન્યું કરવાને આજ, બાળકને હણવાને કાજ,
કળે નહીં કરવા સમ કામ, જાઓ કોઇ ગોકળીએ ગામ. ૪
માસી[૭] ઉઠી ચાલી પરભાત, બાળક કેરી કરવા ઘાત.
નંદ તણે ઘર જઇને વસી. તેડી બાળ બહુ તેહસી ૫.
સ્તનને ઝેર લગાડી ખુબ, કાળ રૂપ તે આબેહુબ.
જાણે ધવરાવીને બાળ. મારિ મથુરાં જાઉં તતકાળ. ૬
કૃષ્ણ ધવરાવવા બેઠી વળી, સોસ્યાં સ્તનને પાછી ઢળી.
કૃષ્ણ પોઢાડયા ઝોળી માંહે, કૃષ્ણ કરે કલ્લોલજ ત્યાંહે, ૭

---

૭ પૂતનાં.

સંકટાસુર આવ્યો ત્યાં ફરી, ગાડાને રૂપે સાંચરી.
મારી પાટુ પાછો પડયો, અસુર એમ અવની આખડયો. ૮

દોહરા.

વંટોળિયે ગોવંદ હર્યા, ઉતપતિયો આકાશ.
તે શ્રી કૃષ્ણે મારિયો, પ્રાણ ગયા નિશ્વાશ. ૧
ગુરૂ આચાર્ય પધારિયા, નંદે દીધાં માન.
પ્રતિષ્ઠા મંદિર હવી,[૭] શ્રી કૃષ્ણ બળ ભદ્ર નામ. ૨
માતા ઉછરંગ તેડિયા, મુખ કીધું વિકાશ.
ચઉદ ભૂવન ઉદર વસે, માતા મન ઉલ્હાસ. ૩

ચોપાઈ

ગોઠણિયાં ભર ચાલ્યા જાય, કાદવ કચરો માટી ખાય.
કૃષ્ણ ઉઠીને છેડા રડાય, અમને લઇ ધવરાવો માય. ૧
ચૂલે દુધ ઉભરાતું જ્યાંહ્ય માત હરીને મેલે ત્યાંહ્ય.
ઝોળી ફોડી મહિ રેલાય, માવો ઉઠી માખણ ખાય. ૨
ડગ મગતા હરિ ડગલાં ભરે, જયમ જળમાં મીનજ સંચરે.
હળવે હળવે કેશવ રડે, ચઉદ ભુવન ભાંગે ને ઘડે, ૩
માતા વશ કરવા કારણે દામોદર બાંધ્યા ડામણે.[૮]
વિશ્વનાથ બાંધ્યા નવ જાય, બંધન બાંધ્યા મ્હોટા થાય. ૪
માતા મન થઇ કરૂણા ફરી, [૯]આફરવા બંધાયા હરી;
[૧૦]યમલ અરજણને જોડયા જ્યાંય, શ્રાપ નિવારણ કીધા ત્યાંય. ૫
નંદ જાદવ મળિ કરે વિચાર, ગોકળથી ચાલો નિરધાર,
ગોકુળમાં તો છે ઉતપાત, કંસે માંડી કરવા ઘાત. ૬
વૃંદાવન છે ઉતમ ઠામ, ત્યાં આપણે કરિયે વિશ્રામ;
સંપુષ્ટ વ્હેલ જોતરાવો વળી, રોહણી જસોદા બેઠાં મળી. ૭

---

૭ થઇ ૮ નેતરે, ૯ પોતાની મેળે. ૧૦ એ નામનાં ઝાડ..

મસ્તક મુકુટને પુષ્પ અપાર, ગળેરે ગુંજાનો હાર;
વાછરૂ ચરાવવા જાય, કનક ગેડીયો હરિને હાથ. ૮

દોહરા.

પશુ રૂપ ધરિ આવિયો, વચ્છાસુર કરી નામ;
તે શ્રી કૃષ્ણે મારિયો વૃંદાવનને ઠામ. ૧
બગલા રૂપે આવિયો, લાંબી કીધી કોટ,
તે શ્રી કૃષ્ણે મારિયો, જયમ સીંચાણા દોટ. ૨
અગાસુર અજગર પડયો, પંચ જોજન વિસ્તાર,
મુખ વિકાશ કરી રહ્યો, ગળિયાં ગાય ગોવાળ. ૩
વિરાટ રૂપે કૃષ્ણજી, છેદ્યા અગાસુર પ્રાણ;
ભગતોને ઓદ્ધારવા, કરવાં કેમ વખાણ. ૪
શાલ દહીંને કરમદાં, આદુ બીજી સાર.
યમુનાં તીરે જમતા, ગોવાળા મોઝાર, ૫
જમે જમાડે હરિ જમે, એવા વૈકુંઠ નાથ.
બ્રહ્માદિક કૌતક જુવે, મુનિવર મુખદે હાથ. ૬
બ્રહ્મા વાછરૂ હરિ ગયા, નવી નિપાવિ શ્રેષ્ટ.
એ અકળ ગતિ કળી નહીં, એતો મોટું કષ્ટ. ૭
બ્રહ્મા વાછરૂ લાવિયા, સ્તુતી કરે અપાર.
ક્ષમા કરો અપરાધ મૂજ, પ્રભૂજી જગ કરતાર. ૮

ચોપાઈ

કૃષ્ણજી કહે સુણો કાકા વાત, ઘેર બેઠા તમે રહો તાત.
શીંગી મોવર વેણુ વજાય, ગાય ચરાવવા ગોવિંદ જાય. ૧
તાડવનછે અતી અપાર, સુદામો કહે ફળ છે સાર.
રમવા ચાલ્યા રામ ગોપાળ, ફળો ચખાવો કૃષ્ણ કૃપાળ. ૨
રમતાં ગોવાળોની સાથ, કૃષ્ણે રહાયા બન્ને હાથ.
ઉછાળી નાંખ્યો આકાશ, પ્રભૂતાઇ કરવાજ પ્રકાશ. ૩
કૃષ્ણ કૃપાએથી તતકાળ, પડયાં ફળો હરખ્યા ગોવાળ

રમત રમે શ્રી કૃષ્ણ કૃપાળ, તેનો તે શું કહું અહેવાલ. ૪
ગોવાળો મન રાજી થાય, જોઇ પ્રભૂ પ્રભુતા હરખાય.
રમતા રમત પ્રભુ સાક્ષાત, તેની તે શી કરવી વાત. ૫
અસૂર થઇ આવ્યો ગોવાળ, કૃષ્ણે મર્મ લહ્યો તતકાળ,
ભાવે મસ્તક મૂક્યો હાથ, છાંડયા પ્રાણ કરે ઉંબાટ. ૬
જમનાંમાં પડિયા જોઇ લાગ, કૃષ્ણે નાથ્યો કાળી નાગ;
નાગણ સ્તુતી કરે અપાર, ક્ષમા કરો શ્રી જગદાધાર. ૭
આવી ગોપિ જસોદા પાસ, કૃષ્ણ કથા કહેવાને ખાસ
સુણો જસોદા મોરી વાત, કૃષ્ણ કરેછે બહુ ઉદમાત. ૮
લીલા કૃષ્ણની કહી નવ જાય, શેશ નાગ પણ થાકી જાય;
કૃષ્ણ કથા રસ કહું કેટલા, દીવસથી પવાડા ઘણા. ૯
યમુના પૂર વધ્યું તતકાળ, બૂડતાં રાખ્યાં ગાય ગોવાળ;
દાવાનળ પીધો બે વાર, ઉતાર્યા અસુરના નાદ. ૧૦
કૃષ્ણે ઓચ્છવ કીધો આદ, ઇંદ્રતણા ઉતાર્યા નાદ;
કૃષ્ણ બાળ લીલા જે ગાય, પાતક તેનાં કહાન પળાય. ૧૧

દોહરા.

વ્રત કરૂં કાત્યાયની, પૂજું ગોર કુમાર
પાય લાગીને વીનવું, માગું કૃષ્ણ ભરથાર. ૧
પીતાંબર લઇને હરી, ચડયા કદંબની ડાળ,
જળમાં અંબા વલ વખે, આપો વસ્ત્ર દયાળ. ૨

ચોપાઇ

ગોપી ઉભી જોડી હાથ, વસ્ત્ર આપોરે વૈકુંઠ નાથ,
જાગીને ત્યાં જાગરશાલ, અન્ન મંગાવ્યાં રામગોપાળ. ૧
અમતણાનો અધુરાં કર્મ, અન્ન આપ્યાંનો કયાંથી ધર્મ.
સુણી ઉત્તરને વિસ્મય થયા, કૃષ્ણ કૃપાળુ પાસે ગયા. ૨
કૃષ્ણે સંતોષ્યા ગોવાળ, સમજાવી તેમને તતકાળ.
હવે કહું તે કરો ઉપાય, જતાં માગતાથી [illegible]. ૩

દોહરા

કૃષ્ણ કહે ગોવાળને, યાચકને શી રીશ.
જાણ કરો રૂષિ પત્નિને, એમ કહે જગદીશ. ૧

ચોપાઇ

રૂષિપત્નિને બુધ જાણ, અન્ન સકળ આણ્યાં તે ઠામ.
રમ્યા જમ્યા સહુ આણી વ્હાલ. હરખ્યા મન સરવે ગોવાળ. ૧
કૃષ્ણ કથાને લીલા સાર, કહેતાં તેનો નાવે પાર.
શેશ નાગ પણ થાકી જાય, કેમ કહે એકજ જીભ્હાય. ૨

દોહરા

વ્રત કરૂં એકાદશી, દ્વાદશી દિવશ રશાલ.
નંદને વરૂણ હરી ગયા, તે લાવ્યા ગોપાળ. ૧
વૃંદાવન માધવ રમે, વાઇ વેણુજ સાર
વિવ્હળ થઇ ગોપાંગના, ધર મેલ્યા ભરથાર. ૨
નયનેં સિંદુર સારિયાં, સેંથિયેં કાજળ રેષ;
અવળા પટકુળ પેરિયાં, વિપરિત કીધા વેશ. ૩
ગોપી શું માધવ રમે, કંઠે સ્હાયો હાથ,
ચોદરણીમાં ચંદ્રમા, પ્રભા શ્રી વૈકુંઠ નાથ. ૪
શંખ ચૂડ ત્યાં આવિયો, ગોપી રમતી રાસ,
કૃષ્ણે ઠુંઠે મારિયો, પ્રાણ ગયા નિશ્વાસ. ૫
એક વખત નારદ ક્યાં, મથુરાં નગર પરવેશ,
કંસાસુરને જઇ મળ્યા, દીધા ત્યાંય ઉપદેશ. ૬

ચોપાઇ.

કંસ કહે અક્રુરને આજ, કરો અમારૂં એકજ કાજ;
અમારૂં તો રાખો રાજ, રામકૃષ્ણ તેડિ આવો આજ. ૧
પવનવેગિ ઘોડા જોતર્યા, અક્રુર ગોકળમાં સંચર્યા;
સાંજ સમય ગોકળ આવિયા, ગાત્ર સહિત ત્યાં વધાવિયા. ૨
ચરણ ધોઇચરણામૃત કરે, વળિ વળિ અક્રુર મસ્તક ધરે; ૩

(જાણે) કૃષ્ણ તણું આલિંગન લઇશ, શ્રી હરિ કેરે ચરણે રહીશ. ૩
સફળ જનમ હુવો સંસાર, વૈકુંઠનાથ મળ્યા આવાર;
કૃષ્ણ કહે સુણો કાકા વાત, કેમ પધાર્યા આજે તાત્ત. ૪
અક્રુર-મામાને ઘર પડિયાં કાજ, રામ કૃષ્ણ તેડાવ્યા આજ.
વાત સુણી વીહ્‌વલ થયા નંદ, કરે જશોદા અતિ આક્રંદ. ૫
સમજાવીને નિશ્ચય કીધ, બેઊ ભાઇને સાથે લીધ.
ચાલ્યા હરિ હળધર ગોપાળ, સાથે ચાલ્યા વળિ ગોવાળ. ૬
માત તાતને કરી જુહાર, થયા રવાના દેવ મુરાર.
વિહ્‌વળ થઇ ગોકળની નાર, વસ્ત્ર છુટાને રૂવે અપાર. ૭
એક વસ્ત્રના છેડા સ્હાય, બીજી જઇને ઝાલે બ્હાંય.
અક્રૂર ઉપદેશે ફરિ ફરિ, વળતું બોલ્યા શ્રી નરહરી. ૮
સૌને સંતોષીને સાર, થયા તરત રથપર અસ્વાર.
રથ આગળ જયમ ચાલ્યો જાય, કૃષ્ણ મને મસ રાજી થાય. ૯

દોહરા.

રાજી થઇ રથ ખેડિયો, દીઠું યમુનાં પૂર.
તરૂવર છાંયે છોડિયો, પ્રાત સમે અક્રૂર. ૧
ઉચું જોયું અક્રુરે, દીઠું અકળ સ્વરૂપ;
જળમાં પેશી જોયું, દીઠું વિશ્વંભર રૂપ. ૨
જૂદાં જૂદાં નિરખિયાં, દીઠાં ભિન ભિન રૂપ;
પાછું વળિ અક્રુર જુવે, બેઠા રથ બે ભૂપ. ૩
અક્રૂરે મન જાણીયું, આતો પૂરણ બ્રહ્મ;
અવનીમાં છે અવતર્યા, કરવા મોટાં કર્મ. ૪
મચ્છ રૂપે શ્રી કૃષ્ણજી, તર્યા સમુદ્રને સાર;
શંખાસુર સંહારિયો, વાળ્યા વેદ બે વાર. ૫
કચ્છ રૂપે શ્રી કૃષ્ણજી, મથ્યા તે સમુદ્ર સાર;
ચૌદરત્ન સહ લક્ષમી, તે પરણ્યા ઘર નાર. ૬
વરાહ ત્રીજે અવતર્યા, જાતિ ભૂપ રસાતાળ;

ત્રિભુવન ટકવા કારણે, લાવ્યા કૃષ્ણ દયાળ. ૭
નૃસિંહ ચોથે અવતર્યા, દીધ ભગતને સાદ;
હિરણ્યકશ્યપને હણ્યો, ઊગાર્યો પ્રલ્હાદ. ૮
વામન પંચમ અવતર્યા, વિરાટ થઇ તતકાળ;
સેવક કારણ કારમો, બળિ ચાંપ્યો પાતાળ. ૯
છઠ્ઠે ફરસી કર ધરી, ફરસુરામ ધરિ નામ;
પ્રતિજ્ઞા પાળી પ્રભુ, ક્ષત્રી ખેડ્યા ઠામ. ૧૦
સુરીનર સાચા સાતમે, પૃથ્વીના પ્રતિપાળ;
દશરથને ઘેર અવતર્યા, રામચંદ્રજી અવતાર. ૧૧
શ્રાવણ માસે અષ્ટમી, અષ્ટમો અવતાર;
જદુપતિ જનમ્યા દેવકી, જાદવકુળ શણગાર. ૧૨
નવમે રૂપે કૃષ્ણજી, બુધાઈ અવતાર;
ધ્યાન ધરણ બેઠા હરી, માળા કર મોઝાર. ૧૩
દશમે રૂપે કૃષ્ણજી, નકલંકી અવતાર;
પૃથ્વિ પાતાળ ફેરવ્યા, નકલંકના ભરથાર. ૧૪
વળતું શ્રી કૃષ્ણ બોલીઆ, સાંભળો કાકા વાત;
જે જોઇએ તે માગજો, બોલ્યા શ્રી રઘનાથ. ૧૫
અક્રૂરે સ્તુતી કરી, માગું એ વરદાન;
ગર્ભવાસ પ્રભુ દોહલો, આવાગમ નિરવાણ ૧૬
મુક્ત કરો અવતારથી, રાખો ચરણની પાસ,
કહે કહાન અક્રૂરની, કૃષ્ણે પૂરી આશ. ૧૭

ચોપાઈ

મથુરાં નગરીનો શણગાર, મણિ માણકના ચોક અપાર;
પરિહટ મારી જીતી હોડ, ધરિ પિતાંબર બાંધ્યા મોડ. ૧
ઉમરો મરવો ને જુઇ જાય, મુગટ ધર્યો રે વૈકુંઠરાય;
માળિપર થયા તુષ્ટીમાન, ધન્ય ધાન્યને પુત્ર સંતાન. ૨
કનકચોળે કેસર ભરી, ચંદન લઇ કુબજા સંચરી;

ભાત્રે ભગત ભેટ્યા ધરી પ્યાર, ભર જોબનવંતી કરિ નાર. ૩
ધ્યાસ ધનુષ જ્યાં હતું વિશાળ, જોવા ચાલ્યા રામગોપાળ;
ભાંગી કટકા કીધા ખાસ, કંસતણે મન પડિયો ત્રાસ. ૪
કૃષ્ણ ચાલિયા આગળ સાર, હણ્યા પોળિયા નવ થઇ વાર;
એક એકને હણતા જાય, આગળ ચાલ્યા ત્રિભુવનરાય. ૫
એક દાંતથી હીણુજ થયો, બીજો નાકે હીણુજ થયો.
એક બાહુ વોણો થઇ જાય, અવર જાય થઇ વોણો પાય. ૬

દોહરા.

કામનિ મેરથી જુએ, દીઠું ગાંધર્વ રૂપ;
જોગેશ્વર સૌકો જુવે, દીઠું જોગ સ્વરૂપ. ૧
જેવે ભાવે જે જુવે, દેખે તેવું રૂપ.
બ્રહ્મજ્ઞાનિયો જે જુવે, દેખે બ્રહ્મ સ્વરૂપ; ૨
દુષ્ટભાવથી જે જુવે, દેખે જમની જાળ;
મેર મેર સમ દેખતો, કંસે દીઠો કાળ. ૩
પ્હેલી પોળે પેસતાં, પોળિયે દીધી આણ;
ઝટ પાતાળે ચાંપિયો, પોળિયે છાંડ્યા પ્રાણ. ૪
મલ્લઅખાડે હરિ રમે, હરિયે ઝ્હાલ્યો હાથ;
મુષ્ટિક ચાણુર મારિયા, ભરી બન્નેને બાથ. ૫
મેડિયેથી કંસ ઝુંઝિયો, હૈયે હાર્યો હોડ;
મંડપમાં લઇ નાંખિયો, ગામા મળવા કોડ. ૬
દેવદુંદભી વાજીયાં, સુરીનર સાધ્યાં કાજ,
ઉગ્રસેનને આપિયું, મથુરાં અક્ષય રાજ ૭
કંસ મારિયો ક્રોધથી, મનગાં રાજી થાય;
આગળ કેરી કાનજી, સુણજો કહું કથાય. ૮

ચોપાઇ.

કારાગૃહ સંચરિયા હરી, ભાંગી ભોગળને ભ્રાંતી ટળી;
ઉર સ્થાનકમાંથી તે વાર, દૂધ તણી ત્યાં ચાલી ધાર. ૧

માત તાત ભેટ્યા ભગવાન, માત દેવકી બોલ્યાં વાણ;
ટળ્યા શોકના સર્વ વિચાર, આપ્યાં વસ્ત્ર અનોપમ હાર. ૨
વસુદેવ દેવકી ધારી ટેક, જુવે કૃષ્ણનો અધિક વિવેક;
ઓછવ કૃષ્ણે કર્યો વિશેક, આપ્યાં દાનો ગાય અનેક. ૩
દુરવંતી એક નગરી ગામ, સુરિનર પંડિત ગોરનું નામ;
સખા સુદામા બળભદ્ર સાથ, ભણવા ચાલ્યા રામ ગોપાળ. ૪
ગોદોતાં ગોરાણી ફરી, કૃષ્ણ મને દોહણી વીસરી;
કૃષ્ણે કર વધાર્યા જ્યાંહ, દોહણી આણી આપી ત્યાંહ. ૫
ચૌદ વિદ્યા ને ચારે વેદ, સકળ શાસ્ત્રના શીખ્યા ભેદ;
શીખ્યા શાસ્ત્રો સઘળાં સૂત્ર, ગોરનો આણી આપ્યો પુત્ર. ૬
કહે માધવ ઓધવ સાંભળો, વેગે ગોકુળમાં સાંચરો;
માત જસોદા જોતાં વાટ, ગોપી સર્વ કરે ઉચાટ. ૭
રથ બેસી ઉદ્ધવ ચાલિયા, સાંજ સમય ગોકળ આવિયા;
પાતે *વળુંધી બોલે બાળ, આવ્યોરે એ અક્રૂર કાળ. ૮
આવ્યોરે એ પ્હેલી વાર, લઇ ગયો મ્હારો પ્રાણાધાર;
એક કહે સુણ ભોળી ભૂપ, અક્રૂર નહિં એ ઉદ્ધવ રૂપ. ૯
નંદ જશોદા આવ્યાં બ્હાર, ઉદ્ધવને મળિયાં નિરધાર;
ચરણ ધોઇ ચરણાંમૃત કરે, વાળિ વાળિ ઉદ્ધવ મસ્તક ધરે. ૧૦
ઉદ્ધવ આદર અતી અપાર, આરોગ્યા ઉદ્ધવ તે વાર;
હરીકથા કહેતાં ગઇ રાત, એટલામાં તો થયો પ્રભાત. ૧૧
ઘમઘમ ઘુમે ગોપી નાર, હરી કથા સુણતાં નિરધાર;
સુણે કથાને ગાએ ગીત, ઉદ્ધવ વખાણે એણી રીત. ૧૨
તમે આવિયાં અહિંયાં અહો, હરિ સાથે શું સગપણ કહો;
હરિ સાથે નવ કરિએ પ્રીત, મારી મારી એણી રીત. ૧૩
અહિં ગોવાળ શું બાંધી હોડ, માર્યો અગાસુર મરડી કોટ;
અસુર ઓધારી રાખ્યા વળી, હરિ બ્હાતા વનમાં વાંસળી. ૧૪
ગિરિ ગોવરધન તોળ્યો બાંહ, દાવાનળ પીધો વનમાંહ;
મંદિરમાં અગ્ની પરજળે, વપૂત્રેહ અગ્નીથી બળે. ૧૫
જળ વિણ ટીટૂડી ટળવળે, પિયૂ વિના નારી વલવલે;
તૃષા ધ્યાન બપૈયા ધરે, (ત્યમ) ગોપીને કૃષ્ણ સાંભરે. ૧૬

---

* વળગી.

ગોપી વળાવી ઉદ્ધવ ગયા, સાંજ સમે મથુરાં આવિયા;
સર્વે તણા સંદેશા કહ્યા, કૃષ્ણ સાંભળી રાજી થયા. ૧૭
ઉદ્ધવ માગે એ વરદાન, ગોકળના પરોણાનિ સમાન;
ગોપ ગોપિની પ્રીત અપાર, વર્ણન કરતાં નાવે પાર. ૧૮
અગર કસ્તુરી અને કપૂર, અત્તર ગુલાબ વળી ભરપૂર;
ચંદરવે મોતીની સેર, હરી પધાર્યા કુબજા ઘેર. ૧૯
સુંદરિ સંતોષી ધરિ વ્હાલ, અક્રૂર ઘર આવ્યા તતકાળ;
શ્રીકૃષ્ણ કહે સુણો કાકા વાત, હસ્તિનાપુરમાં જાઓને તાત. ૨૦
પાંચ પાંડવોને નહિ સુખ, કૌરવ દે કુંતાને દુઃખ;
દુર્યોધને ગુમાવ્યો ધર્મ, કરે અતી તે માઠાં કર્મ. ૨૧
અરે કંસ વિધાત્રી વળી, સસરે સિંહ માર્યો સાંભળી;
સાંભળજે જરાસંધ રાય તમ બેઠે થાતો અન્યાય. ૨૨
કોપ ચઢી જરાસંધ જાય, સેન્યા સઘળી ભેળી થાય;
કવચ ટોપ બખ્તરથી બળી, પાપીની સંખ્યા ત્યાં વળી ૨૩
રૂધિરતણી નદિ વહે વિશાળ, વાળ વહે જાણે શેવાળ;
શિર કર ઊડે અતી વિશેષ, સૂર્યતેજ નવ દીસે રેષ. ૨૪
ગઢ વીંટ્યોરે મથુરાંતણો, કોળાહટ થાતો ત્યાં ઘણો;
રાખ રાખરે ત્રિભુવનધણી, અમને પીડા થાતી ઘણી. ૨૫
અંબાએ માયા વિસ્તરી, મથુરાં લઇ ગયા દ્વારાપુરી;
નગર રાતમાં વસવ્યું જ્યાંહ્ય, કહે જરાસંધ સૌ ગયું ક્યાંય. ૨૬
યુધ સંગ્રામ ચડ્યા ગોપાળ, માર્યા રાણા રાય ભૂપાળ;
એવું દારૂણ યુદ્ધજ થાય, જરાસંધ ઝટ નાઠો જાય. ૨૭
યુદ્ધ થયું ત્યાં વારંવાર, નાઠો જરાસંધ સત્તરવાર;
એક દિવસ નારદ નીકળ્યા, કાળયવનની પાસે ગયા. ૨૮
યવન કહે મુજ મ્હોટું નામ, કોણ કરે મુજ શું સંગ્રામ;
કિશોર નંદતણાને સોય, વિણ ઓળખવે મારે કોય ૨૯
કહો નારદ કયમ કીજે કાજ ઓળખવિણ શું થાએ આજ;
પીળાં પિતાંબર ભીનેવાન, કાને કુંડળ એ ભગવાન. ૩૦
દૃષ્ટે દીઠા રામગોપાળ, પાછળ ધાયો તે તતકાળ;
ગુફામાંહિ પોઢ્યા મુચકુંદ, વસ્ત્ર ઓઢાડ્યું શ્રી ગોવિંદ. ૩૧
અસુરે આવી માર્યો પાય, દૃષ્ટ પડી બળી ભસ્મજ થાય;
ગોવિંદે દીધાં દરશન, મુચકુંદ કેરૂં માન્યું મન. ૩૨
સ્તુતી કરી માગ્યું વરદાન, થયા કૃપાળુ શ્રી ભગવાન;

વૈકુંઠથી આવ્યું વૈમાન, મુચકુંદ પામ્યો સ્વર્ગે સ્થાન. ૩૩
મુચકુંદ સ્તૂતી કરે અપાર, નિદ્રામાં ગયો આ અવતાર;
જન્મ મરણનો ફેરો ટળે, પ્રભૂ કરો એવું આ પળે. ૩૪
વર આપ્યો ત્રૂઠયા ભગવાન, મુચકુંદ તણું વધાર્યું માન;
મુક્તી દઈ આપ્યું વરદાન, મુક્તી મળવા યાચે કહાન ૩૫

દોહરા.

ભાગવત પાઠે સાંભળે, કાયા નિર્મળ થાય;
કવિ દાસકુંવરની વીનતી, પઢતાં પાતક જાય. ૧
કથા અપ્રસિદ્ધ આ હતી, ઓવર્ગો તે ગાય;
અશુદ્ધ અતિ એમાં વળી, પ્રાસ નહીં સરખાય. ૨
અક્ષર તેમ ચરણ કહીં, અપૂર્ણ તેમ અશુદ્ધ;
કહાન સુધાર્યું કોડથી, જેવી મારી બુદ્ધ ૩
તોપણ ચૂક રહી ઘણી, ક્ષમા કરો સૌ સાર;
ભણે ભાગવત ભગતજન, કહો કૃષ્ણ જયકાર. ૪
સત ઉગણિસ પંચાવને, સંવત વર્ષ વિચાર;
માર્ગશિર્ષ વદી સપ્તિને, શોભંતો શશિવાર ૫
પૂર્ણ કથા કોડે કરી, ભજવા શ્રી ભગવાન્;
કૃષ્ણ કથાથી કહાનજી, વિકટ ટળે વિજ્ઞાન. ૬
ગાશે સાંભળશે કથા, નિત્ય પાઠ જો થાય;
પાપ પ્રલય પળમાં થશે, કાયા નિર્મળ થાય. ૭
ભગત ભલેરા ભાવથી, વાંચે જે આખ્યાન;
કૃષ્ણ કૃપા કરી પુરશે, આશા કહે કહાન. ૮
દોશ ક્ષમા સૌકો કરો, ભૂલ ન લેશો મન;
ભગવત નામે કાનજી, રાખો હૃદય પ્રસન. ૯
દુખરૂપી સંસારમાં, ભગવત નામે નાવ;
ભજતાં પાર જવાય ઝટ, આ દુનિયાં દરિયાવ. ૧૦
ઇશ સદા અનુકુળ રહો, કરો કથા રસપાન.
તજો જગત જંજાળને, મળશે મોક્ષ કહાન. ૧૧

સમાપ્ત.

પિતૃભક્તિ મહાત્મ્ય.

અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર સદ્ગૃહસ્થોનાં નામ

નકલ. નામ ઠામ વીગેરે.

૫૦ શેઠ લુહાણા ઠા. રામજી કાનજી—માતાનો મઢ—હાલ મુંબઈ.
૨૫ રાજા શ્રી રતનસીંહજી—મઢજાગીરના રાજા શ્રી મઢ.
૧૫ રેરાસી સીવજી—મઠ જાગીરના રેરાસીમઢ.
૨૫ રા. દયાશંકરભાઈ જીવણરામ અબડાશા ન્યાયાધીસ સાહેબ—બીટા
૨૫ રા. મુનશીજી શાહાબુદ્દીનભાઈ બાવામીયાં અબડશા ફોજદાર સાહેબ મુ બીટા.
૪૬ રા. દામોદરભાઈ માડણજી. અંજાર ફોજદાર સાહેબ મારફતે.
૪ ઠા. દેવકરણ દેવા. કુંભારીઆ.
૪ મીસ્ત્રી ભેદા રૂપજી. સીડુંરરા
૪ મીસ્ત્રી રાજાભાઈ નારાણ. કુંભારીઆ.
૧ જાડેજા અદેસંગજી પ્રતાપસંગજી સુખપર
૧ જોશી મુરારજી માધવજી—વરસામેડી.
૧ ઠા. લધુ શામજી—વરશામેડી.
૧ ઠા. જેઠુ ડોસા—અંજાર વકીલ.
૧ ઠા. રામજી દેવજી—,, મોરી.
૧ ભટ દેવજી હેમરાજ ,,
૧ ઠા. વીશરામ સુંદરજી ,, વકીલ.
૧ ગાંધી સાકરચંદ ભગવાનજી અંજાર
૧ ચાં. ઝવેરચંદ મોતીચંદ ,,

૧ શા. પ્રેમચંદ આશકરણ. હા ઠા. પરશોતમ જેરામ ,,
૧ ઠા. પ્રાગજી દયાળ હા. જાદવજી
૧ શા. રાએસી અમરચંદ ,,
૧ ઠા. મૂળજી ગોકળદાસ ,,
૧ ઠા. ભાણજી ગોકળદાસ ,,
૧ ગુ. રામગરજી રતગરજી ,,
૧ ઠા. દયાળ મુરારજી ,,
૧ સંઘવી વેણીદાસ કેશવજી ,,
૧ મી લખમણી રામજી ભૂવડ.
૧ રામજી દેવસી —અંજાર.
૧ મીસ્ત્રી કુંવરજી વી. હીરજી ,,
૧ મીસ્ત્રી નાનજી નારાણ ,,
૧ ઠા. શામજી જાદવજી ,,
૧ ઠા. દામજી લાલજી ,, મોરગર.
૧ પારેખ ગોવરધન પમાણી. ,, ,,
૧ કાકરેચા રામજી ભાણજી ,, દૂધરેજ
૧ સોની આશકરણ ભગવાનજી ,, ,,
૧ ઠા. વલભજી પ્રાગજી ,, ,,
૧ પટેલ દાના રતનાણી ,, ,,
૧ શા. મોનજી રતનસી ,, ,,
૧ વોરા તારાચંદ લીલાધર ,, ,,
૧ ઠા. રામજી જાદવજી ,, ,,
૧ પટેલ જીવા દેવજી ,, ,,
૧ ઠા. રામજી કાનજી ,, ખંભરા.
૧ ગોર વાલજી હરીરામ. ,, ચીરઈ સ્કુલ માસ્તર સાહેબ

લખપત.

૨ રા. દેવજી મુળજી લખપત નારાણસરોવર

૨ ઠા. સુરજી હંસરાજ. લખપત. પ્ર. ભોયતળાના.
૨ ઠા. વાલજી જેઠા. ,,
૨ રા. ખટાઉવી લધુભાઇ. ,,સ્કૂલમાસ્તર સાહેબ.
૨ ઠા. જેઠાભાઇ થાવર ,,
૨ મેમણુ મકી હાજી યુસબ,,
૧ રા.મણીલાલભાઈ ઉદયરામ,, સરવૈયર સાહેબ. મુ. ધૂનેરી.
૧ ઠા. વાઘજી લધા. ,, કુષ્ટમના ત્રુ.
૧ મેમણુ જાનમહમદ જુસબ. ,,
૧ ઠા. રતનસી હરી. ,,
૧ સોની જેઠા સુંદરજી. લખપત.
૧ ઠા આસૂ જેઠા. ,,
૧ ઠા. ગોકળદાસ મૂળજી. ,,
૧ ગુ. રામગર ઉમરગર. ,,
૧ ખોજા હીરજી કરમાલી. ,,
૧ બારોટ હરભમ લખાણી,, અકરીવાળા.
૧ઠા. કરસન રાઘવજી. ,, પિપર.
૧ જામ હમીરજી બાણજી.,, ,,
૧ ઠા. પેરાજ દેવચંદ. બિટા.
૧ ઠા. મુળજી વી. મથુરાદાસ. લખપત.

તેરા.

૧ શેઠ નારાણજી અરજણ.
૧ રા. ગોવંદજી પુંજા.
૧ ઠા. હંસરાજ મૂલજી.

બરંદા.

૧ પટલ સીવદાસ કલ્યાણજી.
૧ જોસી જેઠા મૂળજી.
૧ જોસી મૂળજી તુલસીદાસ.

૧ જોસી ફકુ મેઘજી.
૧ જોસી નારાણ હરજી.

એર મ્હોટી.

૧ મહંત રામરતનદાસ મોહનદાસજી. શ્રી રામવાડાવાળા.
૨ મેહેતાજી અંબાશંકર જગજીવન, વાયોરવાળા
૨ ઠા. ખટાઉ મોનજી,
૧ ઠા. વીશરામ રતનસી.
૧ જાડેજા વીશાજી મેરામણજી.
૧ જાડેજા પ્રાગજી નથુજી.
૨ ઠા. રામદાસ જેરાજ.
૧ ઠા. ભીમજી ભાણજી.
૧ જોસી ખટાઉ ભીમજી.

ભાડરા.

૧ પઠાઇ માવજી.
૧ ઠા. ભાણજી દેવચંદ. બીટાવાળા. હા. પઠાઇ માવજી.
૧ જાડેજા અભેસંગજી કાનજી. અકરીવાળા
૧ જાડેજા ભાઇજી વીભાજી.
૧ ઠા. દેવજી ટોપણ.
૧ ભી. લીલાધર પરસોતમ.

ભુજ.

૨ મીસ્ત્રી દામજી વિ. મેઘજી.
૧ સુતાર મોનજી દેવજી,
૧ સુતાર લધુ વિ. ગોપાળજી.
૧ ઠા. પ્રેમજી હરીરામ,

માતાજીનો મઢ.

૨ જોસી જટાશંકર કાળા. વકીલ.
૨ ઠા. ટોકરસી વિ. આણંદજી. સ્કૂલમાસ્તરસાહેબ.

૧ કાપડી ગંગારામ શામજી.
૧ કાપડી મેઘજી પ્રેમજી.
૧ મેમણ ભચુ હાસમ.
૧ મેમણ જકરીઆ ઇશાક.
૧ ઠા. નરસી નેણસી.
૧ જાડેજા ભોજરાજજી પ્રાગજી. લાખણીયા
જાગીરદાર. હા. માસ્તર ટોકરસી વી. આણંદજી.
૧ શા. રામજી રતનસી લાખણીઆ.
૧ ખોજા વૈયા લધાણી માતાજીનો મઢ.
૧ ખોજા કૃષ્ણા પર્યાણી. ”
૧ શા. મકનજી હરજી. ”

નેત્રા.

૨ ઠા. હરજી દેવકરણ.
૨ ઠા. ભીમજી જીવરાજ.
૧ રા. નાગજી લાલજી સ્કૂલમાસ્તર સાહેબ.
૧ ઠા. કરશનદાસ પ્રેમજી (ઉર્ફે ગુલુશેઠ)
૧ વાલજી ભાણજી મોથાળાવાળા હ. કરશનદાસ.
૧ ઠા. ખેતસી જેરામ.
૧ ઠા. હંસરાજ જેરામ.
૧ શા. ઘેલાભાઇ ખેતસી નખત્રાણાંવાળા.
૧ ઠા. ભવાન ધરમસી ધડૂલીના.
૧ વેરાર નોંધણજી કુંડધરજી. ધડૂલી.

લખપત.

૧ ઉદાસી સુખરામ દાસજી પ્રતીદાશજી.
૧ ઠા. વીશરામ હંશરાજ ન્યાયકોર્ટના કારકુન.
૧ જોસી મોનજી ખીમજી–નારાણસરના વકીલ.
૧ ખોજા કાશમભાઈ મહમદ બારાપરવાળા (ભુજતાબે)

શ્રી નારાયણ સરોવરજી.

૧૫ બ્રહ્મચારીજી શ્રી વલ્લભદાસજી નારાણસર જાગીરના માલિક.

૨. રા. બાળાશંકરભાઇ કાસીરામ કારભારી સાહેબ.

૧. વકીલ મોનજીભાઇ ખીમજી.

૧. સાચોરા નથુભાઇ મેહેતા.

૧. રાજગોર શાગજી લધા.